માનવતા;
સાત્વિક જીવનની
આધારશિલા

Scanned by CamScanner

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

ૐ મા ૐ નો શબ્દાર્થ અને ભાવાર્થ

શબ્દાર્થ :-

ૐ :- બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું એકજ સ્વરૂપ એટલે ૐ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કર્તા પરમાત્મા.

મા :- પરમાત્માની પરમ ચૈતન્યમયી શક્તિ, જેના દ્વારા સૃષ્ટિનું પોષણ થાય છે.

ભાવાર્થ :-

હે પરમાત્મા,

આપના પરમ ચૈતન્યથી મને પુષ્ટ કરો જેથી આપની ચૈતન્યમયી શક્તિનો સ્ત્રોત અવિરતપણે સમષ્ટિના શ્રેયાર્થે વહેતો રહે.

પ્રાર્થના

હે મા ભગવતી, મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજે.

મારા હૃદયમાં હંમેશા તારો વાસ કરજે.

મારી બુધ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે.

મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજે.

મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું તુ જ નિયંત્રણ કરજે.

ૐ મા ૐ

Scanned by CamScanner

માનવતા;
સાત્ત્વિકજીવનની
આધારશિલા

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની

અમૃતવાણી

-: પ્રકાશન :-

શરણાગતિ પ્રકાશન

પ્રાપ્તિસ્થાન :- 'નિર્દોષ' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

સંપાદિકા

કૈલાસબેન ન. પરીખ

(બ્હેનજી)

પ્રથમ આવૃત્તિ

મુદ્રક :- [illegible]

માનવતા-સાત્વિકજીવનની આધારશિલા

ભૂમિકા

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી સાક્ષાત્કારી, માનવતાવાદી ગૃહસ્થાશ્રમી સંત છે. કુળદેવી મા ગાયત્રીની ઉપાસના અને ગાયત્રી મહામંત્રનો આધ્યાત્મિક વારસો પૂજ્યશ્રીને જન્મથી જ મળેલો છે. આ આધ્યાત્મિક સંપત્તિને પૂજ્યશ્રીએ વિશ્વવ્યાપી બનાવી છે. સંપ્રદાયોની સંકડામણમાંથી માનવતાની મોકળાશ તરફ આ સંપત્તિને ગતિશીલ કરી આપશ્રી વહાવી રહ્યા છે.

સંતોનું પૃથ્વીપરનું અવતરણ પરમતત્વના કાર્યો કરવા માટેનું જ હોય છે. તેથી જ તો જન્મના અવતરણના પ્રથમ શ્વાસથી જ બાળકની સાર સંભાળ, લાડ સંસ્કાર સિંચન પ્રત્યક્ષ અને પરોક્ષરીતે પરમતત્વ દિવ્ય સાકાર સ્વરૂપે કરતું રહે છે.

મા ગાયત્રીના આદેશથી જ ૭ સપ્ટેમ્બર ૧૯૭૬થી નિ:સ્વાર્થ નિ:શુલ્ક માનવસેવાનો ભેખ ધારણ કરી આપશ્રીએ શેષ જીવન માનવતાને મહેંકાવવામાં સમર્પિત કરી દીધું.

આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત, શરીર, મન, અને સંસારની સમસ્યાઓથી પીડાતા, અટવાતા માનવીને સાત્વિક, સરળ, સુખી, સંતોષી જીવન જીવવાની સારવાર, સમજણ અને સંમાર્ગદર્શન આપી પરમના પથદર્શક બની આપશ્રી વિશ્વમાં માનવતાની

Scanned by CamScanner

મહેકને પ્રસરાવી રહ્યા છો.

પૂજયશ્રી માનવજીવનને દુર્વૃત્તિઓ અને દૂષણોના બહેકાવને કારણે અધ:પતનની અંધારી ખાઈમાં ધકેલાતું અટકાવી સદ્‌ગુણોના શિખર પર દ્રષ્ટિપાત કરાવી ગતિશીલતા બક્ષી ઉર્ધ્વગામી બનાવી રહ્યા છો.

પૂજયશ્રીના અવતરણ-સાતમી સપ્ટેમ્બરને માનવતાદિન ઘોષિત કરી માનવમાત્ર માનવતા પ્રગટાવવા, સચેત કરવા, ગતિશીલ કરવા, પૂજયશ્રીએ માનવસેનામાં જોડાવવા સર્વને વિનંતી કરી છે.

વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં માનવતાના મૂલ્યોને સમજવામાં અને આચરવામાં આવે, સદ્‌ગુણોને વિકસાવવામાં આવે અને વિશ્વબંધુત્વની ભાવના પ્રત્યેક માનવમાં વિકસે તો જ સુખ, શાંતિ, સંતોષ અને પ્રેમસભર જીવન જીવવાનો આનંદ માણી શકાય.

પ્રસ્તુત પુસ્તક **માનવતા - સાત્ત્વિક જીવનની આધારશીલા**માં પૂજય રાજયોગીજીની માનવતા સભર હૃદયસ્પર્શી અમૃતવાણી અને શ્રી માનાં દિવ્ય વાત્સલ્યની સત્ય હકીકતો સમાવી છે જે આપના જીવનને સમૃધ્ધ કરશે.

કૈલાસબેન ન. પરીખ
(બ્હેનજી)

માનવતા; સાત્ત્વિકજીવનની આધારશિલા

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	મારે માનવસેના રચવી છે.	૧
૨.	અમારે સાચા માનવ બનવું છે.	૫
૩.	માનવતાની ગુરુચાવી (માસ્ટરકી)	૧૨
૪.	પરમાત્માના પાગલ પ્રેમી	૧૭
૫.	પ્રેમનો પુકાર	૨૨
૬.	પ્રભુને ગળે લટકવા કેદ થવુ પડે.	૨૬
૭.	યુવાનીની ચેતના ક્રાન્તિ સર્જી શકે.	૨૮
૮.	શિવ-જીવનું મિલન	૪૭
૯.	મધુર મંત્ર પ્રણવથી વિભૂષિત થઈ મારા હૃદયમાં પ્રગટ્યો.	૫૫
૧૦.	પરમશક્તિ મંત્રની ઉપાસના	૫૯
૧૧.	સમય નથી થયો નિજ ગૃહે પધારવાનો?	૬૨
૧૨.	એલચીની વર્ષા થતી મેં નિહાળી.	૬૪
૧૩.	વિશ્વ સંદેશ	૬૬
૧૪.	દિવ્ય વાત્સલ્ય	૬૮

Scanned by CamScanner

મારે માનવસેના રચવી છે

વહાલા આત્મિય જનો,

આજે ૨૫ મો માનવતા દિન છે. માતાજીએ સોંપેલા મારા સેવાયજ્ઞમાં પદાર્પણ કર્યે આજે ૨૪ વર્ષ પૂરાં થાય છે. મા ભગવતીના લાલ-બાળ મયુરરાજનો આજે જન્મ દિવસ છે. પ્રતિ વર્ષ મા ભગવતી મને પ્રેરણાના પિયુષ પીવરાવવા પધારે છે. વહાલપની વર્ષા કરી, મારા તન, મન અને અંતરને પુષ્ટ કરે છે. અમારા મધુર મિલન, દિવ્ય મિલનનું કેન્દ્ર બિન્દુ માનવસેવા યજ્ઞ જ હોય છે.

મારા કાયિક અને આત્મિક જીવનનું સંરક્ષણ અને સંવર્ધન માતાજી કરતાં રહે છે, અને તેથી જ તો હું હંમેશા વસંતની તાજગી અનુભવી રહ્યો છું. મારી જીવનનૈયાના ખેવૈયા પરમશક્તિ મા ભગવતી છે, તેથી જ તો સંસારની સમસ્યાઓ મને વિચલિત કરી શકતી નથી.

"કાર્ય કરે જા, મારા તને આશીર્વાદ છે" માતાજીના પ્રથમ સાક્ષાત્કાર વેળાના આ શબ્દો મારા કાળજામાં કોતરાઇ ગયા છે. મારા રોમેરોમમાં તે આંદોલિત થતા રહે છે. આ દિવ્ય આદેશનું હું અવિરત પાલન કરતો રહું છુ.

સેવાયજ્ઞ દરમિયાન મારી મુલાકાતે આવતી, મારૂં આધ્યાત્મિક અને જીવન ઉપયોગી માર્ગદર્શન મેળવતી પ્રત્યેક વ્યક્તિમાં માનવતાના બીજ રોપાય, માનવતા પ્રગટે, માનવતા પ્રસરે અને માનવતાનો વ્યાપ વિશ્વમાં વ્યાપે તેવી મારી ઇચ્છા છે, માતાજીને વિનમ્રભાવે પ્રાર્થના છે. સેવાયજ્ઞની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. જગતના જટિલ માનવો અને તેમના જટિલ પ્રશ્નો પણ માયાની માયાજાળની જેમ વધતા જાય છે મુલાકાતીઓ, મુમુક્ષુઓ, આસાનીથી, સહજતાથી, ત્વરાથી તેમના પ્રશ્નો ઉકલી જાય, ત્વરિત ફળપ્રાપ્તિ થઇ જાય તેવો આગ્રહ, દુરાગ્રહ રાખતા હોય છે.

Scanned by CamScanner

જીવન સાગરમાં પ્રશ્નો તો સાગરના મોજાંઓની જેમ ઉદ્‌ભવ્યા જ કરવાના. વળી વ્યક્તિની વ્યક્તિગત આશા, એષણાઓ પણ વધતી જવાની. તન, મન, ધન, સમાજ, સંસાર પરિવારની પ્રશ્નો તો ઉદ્‌ભવ્યા જ કરવાના, આવા ક્ષણિક પ્રશ્નો સાથે જીવતાં, તેને સુલઝાવતાં, તેને સહન કરતા અને વિવેક બુધ્ધિથી તેમાંથી માર્ગ કાઢતાં શીખવું જોઇએ. પલાયનવાદથી પ્રશ્નો હલ થઇ જાય નહિં. પરમાત્માનું નામ સ્મરણ મંત્રજાપ, સત્સંગથી રાહત અનુભવાશે.

માનવસેવાના કાર્યયજ્ઞના ૨૪ વર્ષ દરમિયાન આધ્યાત્મિક ઉત્થાન માટે બહુજ જૂજ વ્યક્તિઓએ માર્ગદર્શન મેળવવા પ્રયત્ન કર્યો હશે. પરમાત્માના દર્શન કરવાની, પ્રાપ્ત કરવાની ઇચ્છા તો દરેકને હોય જ પરંતુ પોતાની જાતમાં વિશ્વાસ નહિં હોવાથી, આ બાબતમાં આગળ વિચારવાનું કે, આગળ વધવાનું તેના માટે નામુમકીન લાગે છે.

વહાલા આત્મિયજનો, જો તમે દ્રઢ સંકલ્પ કરો, તમારી આત્મિક શક્તિઓ સતેજ કરો, પ્રબળ પુરૂષાર્થ કરો, આત્મબળ કેળવો તો મનુષ્ય માટે કશું જ અશક્ય નથી. અસંભવ નથી. પરમાત્માની કૃપા મેળવવા માટે પણ તમારે પુરૂષાર્થ તો કરવો જ પડશે ને ! કેટલાય નામી, અનામી સંતોને એક યા બીજા સ્વરૂપે પરમાત્માના દર્શન થયાં છે. પરમાત્માની હાજરીનો અનુભવ થયો છે. પરમાત્માએ તેમના સાંસારિક કાર્યો સુલઝાવ્યાં છે, ગેબી મદદ કરી છે. સુરદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઇ આ જમાનાના જ મહામાનવો, સાચા ભક્તો હતાં ને !

માતાજી શ્રધ્ધા કુટીરમાં પધારી મને દર્શન આપે, માર્ગદર્શન આપે, મારા સેવાકાર્યમાં મદદ કરે, શ્રધ્ધામાં જ નિવાસ કરે છે. આપ સર્વે પણ મારા જ છોને ! મારા-મયુરરાજના પીછાં તો છો જ ને !

તમને પણ માતાજીની, પરમતત્વની પ્રત્યક્ષ કે પરોક્ષ

Scanned by CamScanner

અનુભૂતિ, સુવાસ, આનંદ, સહાય, સ્વપ્નમાં કે ધ્યાનાવસ્થામાં, પૂજા દરમિયાન પ્રકાશપૂંજ કે પ્રત્યક્ષ સાકાર સ્વરૂપના દર્શન તો થાય જ છે.

આપને કદાચ તેનો ખ્યાલ આવે કે, ના આવે પરંતુ તમે પરમાત્માનું અને તેના લાડલા સંતોનું સતત સ્મરણ, સત્સંગ કરતા હશો, નિર્મળ જીવન જીવતા હશો અને સત્યના માર્ગે ચાલતા હશો તો પરમાત્માની, માતાજીની મમતા, શીળી છાંય તમારા પર અવિરત વરસતી જ રહે. તમે સાત્ત્વિક પ્રેમ કરો. અંતરથી યાદ કરો તો તેનો પ્રતિઘોષ પડવાનો જ છે.

પરમાત્માના પ્રત્યક્ષ દર્શન, સાક્ષાત્કાર પણ તમારા માટે શક્ય તો છે જ. તમારા ઈષ્ટદેવના સ્વરૂપમાં તમને દર્શન આપવાની,સાક્ષાત્કાર કરાવવાની માતાજીની તૈયારી તો છે જ; પરંતુ તેમના ઝળઝળતા સો, સો, સૂર્યના તેજ સમાન પ્રકાશપૂંજને ઝીલવાની, દ્રષ્ટિમાં સમાવવાની, દર્શન કરવાની આપણે માનસિક અને શારીરિક તૈયારી તો કરવી જ પડશે ને ! કઈ ક્ષણે અને કયા દિવસે ભગવાન દર્શન આપશે તેની આપણને ચોક્કસ ખબર નથી, એટલે પ્રત્યેક ક્ષણે આપણે પરમાત્માના દર્શનની માનસિક તૈયારી રાખવી પડશે. પ્રત્યેક દિવસે આપણે આપણું ઘર અને ઘરનું વાતાવરણ સાત્ત્વિક, આનંદિત રાખવું પડશે. આપણી શ્રધ્ધાનો દીપક પ્રત્યેક ક્ષણે, પ્રજ્જવલિત રાખવો પડશે. શબરીએ રામની પ્રતીક્ષામાં જીવન વિતાવ્યું અને જીવનની ઢળતી સંધ્યાએ રામ, શબરીની કુટીર શોધતા પ્રત્યક્ષ પધાર્યા. તેનો ભાવપ્રચુર પ્રસાદ આરોગી, માતૃવાત્સલ્ય માણી તેનું જીવન ધન્ય બનાવ્યું. અને મોક્ષની અધિકારી બનાવી દીધી.

આપણે શબરી ન બની શકીએ ? આપણે કેવટ ન બની શકીએ ? જરૂર બની શકાય. જો અહંતા, અને આસક્તિ છૂટી જાય. જીવનમાં સંતોષ, સમદ્રષ્ટિ, સમભાવ કેળવાય તો જીવન જનકવિદેહી જેવું બની જાય. સંસારમાં રહેવા છતાં, સંસારના

ભોગો ભોગવવા છતાં મનનું જોડાણ પરમાત્મામાં આસક્ત રહે, જોડાયેલું રહે તો માયાની માયજાળમાં ફસાવાય નહિં, સંસારના સાગરના વમળમાં અટવાઈ જવાય નહિં.

પરમાત્મા આવી જનકવિદેહી જેવી વ્યક્તિઓની તો શોધમાં છે. આવી નિસ્પૃહી સાત્ત્વિક વ્યક્તિઓ દ્વારા જ પરમાત્મા માનવસેવાનું કાર્ય કરાવી શકે, માનવતાને મહેંકાવી શકે.

નવી સૃષ્ટિના નિર્માણવેળાની મારી કલ્પનાની સૃષ્ટિ રચાય તે માટે મારે માનવતાથી ઓપતા-શોભતા સંનિષ્ઠ માનવોની સેના રચવી છે. મારી માનવ સેનાની પ્રત્યેક વ્યક્તિ સાત્ત્વિક, સંતોષી, સદાચારી, વિવેકી, નિરાભિમાની, ભક્તિ પરાયણ અને અનન્ય શ્રધ્ધા અને શરણાગતિ ભાવથી સભર હોવી જોઈએ.

મારા ચાહકો, શિષ્યો તો અનેક છે. ગુરુમંત્રદીક્ષા પણ અનેકોએ લીધી છે. મન, વચન, કર્મની પવિત્રતા જાળવવાનો આદેશ પણ મેં અનેકોને આપ્યો છે, પરંતુ મને તેની પ્રતીતિ ક્યારે થાય ?

આ યુગમાં માનવતાસભર સમાજ પ્રસરાવવાની મારી ઈચ્છા છે, મારો પ્રયાસ છે. આપ સર્વે, મારા આ ભગીરથ કાર્યમાં સાથ સહકાર આપવા સજ્જ બનશો તો મારો પ્રયત્ન વેગીલો બનશે. ત્રેતાયુગમાં રામજીની મદદે વાનરસેના આવી હતી. કળિયુગમાં માનવતાના સંસ્થાપન અર્થે રાજયોગીજીની મદદે માનવ (મા+નવ) સેનાની જરૂર છે.

ઉઠો, જાગો, માનવતાનો સાદ પડયો છે. ૐ મા ૐ મંત્રજાપ અને નવસિધ્ધાંતોને અપનાવો. આપનું માનવતાનું વર્તુળ આપ જ વિકસાવો. આપ જ આપના માનવતાના વર્તુળનું કેન્દ્રબિન્દુ બનો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

Scanned by CamScanner

અમારે સાચા માનવ બનવું છે.

માના વ્હાલા બાળકો,

ગયા વર્ષે માનવતા પ્રસરાવવા માટે મેં અનુરોધ કર્યો હતો તેના સંદર્ભમાં નિષ્ઠાવાન દેશ-વિદેશના કેટલાક ભક્તોએ તેમની વિમાસણ વ્યક્ત કરતાં મને જણાવ્યું કે,

"પૂજ્ય ગુરુદેવ, આપના આદેશ અનુસાર અને સાંપ્રત સમયની માંગને અનુલક્ષીને અમારે માનવતાનું વર્તુળ વિકસાવવું છે, માનવતાના વર્તુળના કેન્દ્રબિંદુ બનવું છે; આપની માનવસેનામાં અમારે જોડાવવું છે; પરંતુ દુર્વૃત્તિઓ અને દુર્વિચારોના પ્રદુષણથી ખદબદતા આસુરી, અમાનવિય આંતરિક અને બાહ્ય જગતમાં અમે પોતે જ ક્યારેક ક્યારેક માનવતાના મૂલ્યો વિસરી જઈએ છીએ. આસુરી, અસાત્ત્વિક આચરણ કરી બેસીએ છીએ. અમારે જાતેજ પહેલાં માનવતા આચરવા માટે સાચા માનવ બનવું છે. અમને પહેલા માનવ બનવા દો."

અમારામાં ક્યારેય માણસાઈનો હ્રાસ ન થાય, જીવન પર્યંત અમે ક્યારેય માનવીય મૂલ્યોને વીસારી દાનવીય મૂલ્યોને મહત્વ ન આપીએ. દાનવીય આવેશથી અમે અભડાઈ ન જઈએ. આપ અમને સતત પ્રેરણાના પિયુષ પીવરાવતા રહો. આપનું સાન્નિધ્ય, સહવાસ અને સ્મરણ અમે ક્યારેય ન છોડીએ તેવી સદ્બુધ્ધિ આપો.

વ્હાલા બાળકો,

સાંપ્રત સમયમાં અસાત્વિક, આસુરી વિચાર અને આચરણના આંદોલનો વાયુમંડળમાં પ્રસરી રહ્યાં છે. દાનવતા વકરી રહી છે. સાત્વિકતા લઘુમતીમાં આવી ગઈ છે. સાત્ત્વિકતા તરફ ઢળવા માંગતી પ્રત્યેક વ્યક્તિનો આ મૂંઝવતો પ્રશ્ન છે. દાનવતાથી ભરેલી આ દુનિયામાં માનવતા વિકસાવવાનું ભગીરથ કાર્ય મુશ્કેલ તો છે જ, પરંતુ અસંભવ તો નથી જ. આપણા સહુના સામૂહિક પ્રયત્નથી સાત્ત્વિકતાનો, ધર્મનો વિજય તો થશે જ ને!

Scanned by CamScanner

દ્વાપરયુગમાં ધર્મયુધ્ધ વેળાઓ સત્યને વરેલા પાંડવો લઘુમતીમાં હતાં, પરંતુ કૃષ્ણભગવાન તેમના પક્ષમાં હતા. ધર્મયુધ્ધનાં પરિણામથી આપણે સહુ વિદિત છીએ. પાંડવોનો વિજય થયો હતો. માનવતાના મૂલ્યો વિકસાવવા માટે આપણા પક્ષે સાત્ત્વિકતા પ્રસરાવવાનો માનવ કલ્યાણનો શુધ્ધ અને શુભ હેતુ છે. પરમશક્તિ મા ભગવતીની પ્રેરણા અને શક્તિ આપણી સાથે જ છે.

ભલે અગણિત માનવતાદિન વાદળછાયા છુપાયેલા સૂર્યથી ઉગે પરંતુ આ ધૂંધળા દાનવીય વાદળ સામે ઝઝૂમીને પણ માનવીય સૂર્યનું કિરણ આ પૃથ્વી પર પ્રકાશી ઉઠશે. લોકો સાચા અર્થમાં માનવ બનશે જ, માનવતાને મહેંકાવશે જ તેવી મને દ્રઢ શ્રધ્ધા છે.

સાચા માનવ બનવાની તમારી ખેવનાને હું આવકારૂં છું. સાચા માનવ બન્યા વગર આપણે માનવ સેનામાં જોડાઈ શકીએ નહિં. સાચા માનવ બનવા માટે પ્રથમતો આપણે આપણી અંદર રહેલી આસુરી વૃત્તિઓને પહેચાનવી પડશે. આપણી જાત પ્રત્યે તટસ્થ વલણ અપનાવ્યા વગર આપણે આપણી અંદર રહેલી અને ક્યારે ક્યારે બે કાબુ બનતી દુર્વૃત્તિઓને પહેચાની શકીએ નહિં. આપણે વિવેકથી દ્રઢ મનોબળ સાથે આપણામાં રહેલી આસુરી વૃત્તિઓને નિયંત્રિત કરવામાં, તેની સામે ઝઝૂમવા માટે તૈયાર થવું પડશે.

આસુરી વૃત્તિઓના આવરણથી, તેના પ્રભાવથી કોઈપણ વ્યક્તિ મુક્ત નથી. દરેક વ્યક્તિની અંદર દૈવી અને દાનવીય, વૃત્તિઓ હોય છે જ; અને તેનો સંઘર્ષ આપણા આંતરિક જગતમાં ચાલ્યા જ કરે છે. વ્યક્તિના આંતરિક જગતનો સંઘર્ષ તેના વાણી, વર્તન અને વ્યવહારમાં વર્તાયા કરે છે. વળી આ સંઘર્ષનો પ્રતિઘોષ સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં વર્તાવા લાગે છે.

આ સંઘર્ષમાં સાત્ત્વિકતા વૃત્તિઓનો વિજય થાયતો માણસના વાણી, વર્તન અને વ્યવહાર કલ્યાણકારી હોય છે. જો અસાત્ત્વિક વૃત્તિઓને વિજય થાયતો માણસના વાણી, વર્તન અને વ્યવહારમાં વિસંવાદિતા, અકલ્યાણકારી, અઘટિત આચરણ વર્તાય છે. માણસ

ક્રોધ, લોભ, ઈર્ષા, નિંદારાગ, દ્વેષના, અભિમાનના આવરણથી ઘેરાઈ જાય છે. તે અધર્મી બની આતંકવાદ, લડાઈ, લૂંટફાટ, હિંસા વિગેરે દુષ્ટ કર્મો કરવા પ્રેરાય છે.

માનવીની ભીતરમાં પંચમહાભૂતો-પૃથ્વી આકાશ, જળ, વાયુ અને તેજ તત્ત્વના મિશ્રણ ઉપરાંત કર્મબંધનથી લપેટાયેલું જીવતત્વ છે, જેનો લગાવ માણસના મન, બુધ્ધિ અને અહંકાર સાથે છે. બાળકના જન્મ વખતેજ જીવ તેના પ્રારબ્ધ કર્મ સાથે જ લાવે છે. આ જીવતત્વનો લગાવ મન સાથે છે તેવી રીતે માણસની ભીતર શિવતત્વ પણ છે જેનો લગાવ માણસના અંતરાત્મા સાથે છે. શિવતત્વ હંમેશા સાત્ત્વિકતાનું હિમાયતી છે. અંતરાત્માનો અવાજ આ શિવતત્ત્વ જ ઉઠાવે છે. અને માણસને ચેતવે છે, સાચી પ્રેરણા આપે છે. સાચો રાહ બતાવે છે.

કર્મબંધનથી લપેટાએલો જીવ ત્રણ ગુણો, સાત્ત્વિક, રાજસિક અને તામસિક ગુણોથી વિભૂષિત થયેલો હોય છે. માણસમાં જો સાત્ત્વિક ગુણનું પ્રાધાન્ય હોય તો તે વ્યક્તિ સજ્જન, વિવેકી, વિનયી, શાંત સ્વભાવની અને દયાળુ હોય. સચ્ચાઈના માર્ગે ચાલનારી હોય, આવી વ્યક્તિ માનવતાથી સભર હોય. રાજસિક ગુણનું પ્રાધાન્ય વ્યક્તિમાં હોય તો તેવી વ્યક્તિ સ્વકેન્દ્રિત, સ્વાર્થી, અભિમાની હોય, રાગ અને દ્વેષથી ભરેલી હોય. તામસિક ગુણનું પ્રાધાન્ય હોય તો તે વ્યક્તિમાં દુર્વૃત્તિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો બહેકાવ વધારે હોય છે. માણસ પોતાના સ્વાર્થ ખાતર સ્વજનો અને સમાજ માટે ખતરારૂપ પૂરવાર થાય છે. અવિવેકી અને અવિનયી હોય છે.

સામાન્ય રીતે માણસમાં આ ત્રણે ગુણોનું સંમિશ્રણ હોય છે. આ ત્રણે ગુણોમાંથી જે ગુણનો વિશેષ પ્રભાવ હોય તે પ્રમાણે જ તેનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડાય છે. પ્રારબ્ધ કર્મ અને વાતાવરણ, સંગતિની અસર આ ગુણોની વધઘટ મહત્વનો ભાગ ભજવે છે.

Scanned by CamScanner

સાત્ત્વિક વાતાવરણ, સંતસમાગમ, સત્સંગથી માણસમાં સદ્‌ગુણો વિકસે. અંતરાત્માના અવાજને ઓળખી શકે અને તે પ્રમાણે વર્તી શકે. સાત્ત્વિક માર્ગદર્શન મળે તો આવી વ્યક્તિ માનવતાના મૂલ્યોને વિકસાવી શકે છે.

માણસની ભીતર સાત્ત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિઓનું ઘર્ષણ અહર્નિશ ચાલતું જ રહે છે. આ ઘર્ષણની રણભૂમિ માનવીનું મન હોય છે. મન પરજ આ ઘર્ષણની અસર થાય છે; અને મનના નિયંત્રણમાં રહેલી ઈન્દ્રિયો પર તેની અસર વર્તાય છે.

આ ત્રણે ગુણોના ઘર્ષણના પરિપાકરૂપે મન પર જે ગુણની અસર થાય તે પ્રમાણે વ્યક્તિના વર્તનમાં, તેના આચરણમાં તેની વાણીમાં તે ગુણ પ્રદર્શિત થાય છે. દા.ત. સાત્ત્વિક ગુણની અસર મન પર વધારે થાય તો તેના વાણી, વર્તન અને વ્યહવારમાં સજ્જનતા નિરખી આવે. અંતરાત્માના અવાજને અનુસરવા પ્રયત્નશીલ બને.

જો રાજસિક વૃત્તિની અસર મન પર વધારે હોય તો વ્યક્તિના વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા વર્તાતી નથી. અંતરાત્માના અવાજને અનુસરવામાં શિથિલતા, પ્રમાદ આચરે છે. અંતરાત્માના અવાજને અવગણે છે.

જો તામસિક વૃત્તિની અસર મન પર વધારે હોય તો વ્યક્તિમાં દાનવીય ગુણો નિરખી આવે છે. અંતરાત્માનો અવાજ સાંભળી શકવાની ક્ષમતા રહેતી નથી. દુર્વૃત્તિઓના જાળાં મન અને ઈન્દ્રિયોને ઘેરી વળ્યાં હોય છે. લગામ વગરના ઘોડા જેવી મનની સ્થિતિ હોય છે.

જેને કારણે માણસ દુર્વૃત્તિઓના વમળમાં ફસાતો જાય છે. આસુરી દુનિયામાં ધકેલાતો જાય છે. માનવ શરીરમાં દાનવવૃત્તિઓ પોષાતી જાય છે, વિકસતી જાય છે. આવા દાનવવૃત્તિથી ખદબદતા માણસો કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માટે ખતરારૂપ છે. આંતકવાદ ફેલાવનાર, દેશદ્રોહી અસુરો છે. માણસાઈ તેમનામાં મરી પરવારી હોય છે.

આપણામાં રહેલી સાત્ત્વિક વૃત્તિ, સદ્‌ગુણોનો સરદાર વિવેક છે અને અસાત્ત્વિક વૃત્તિ, દુર્ગુણોનો સરદાર અવિવેક છે. સદ્‌વૃત્તિને કારણે આપણે વિવેકયુક્ત વર્તન કરવા પ્રેરાઈએ છીએ અને મન તેમજ ઈન્દ્રિયોની અભિવ્યક્તિના અતિરેક પર નિયત્રંણ મૂકી શકીએ છીએ. આપણને નૈતિક મૂલ્યોની પહેચાન થાય છે તેની કદર કરી શકાય છે.

દુર્વૃત્તિને કારણે માણસ સારાસારનું ભાન ગુમાવે છે. અવિવેકી બની જાય છે. મન અને ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખી શકાતું નથી જેથી માણસ દુષ્ટ પરિણામનો ભોગ બની જાય છે.

માનવ મનમાં રહેલા ષડ્‌રિપૂઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને આપણે વ્યક્તિગત રીતે, તટસ્થભાવે પહેચાનવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રત્યેક વિકારને મનના નિયંત્રણમાં રાખવા માટે દ્રઢમનોબળ કેળવવું જોઈએ. આ વિકારોને સાત્વિક માર્ગે વાળવામાં આવે અને ધાર્મિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રમાં, જીવનને, સમાજને ઉર્ધ્વગામી બનાવવામાં જનહિતાર્થે ઉપયોગમાં લેવામાં આવે તો તે સૈનિકની, સમાજસેવકની, રક્ષણાત્મક હથિયાર તરીકેની ગરજ સારી શકે.

આ ષડ્‌વૃત્તિઓનો ઉપયોગ આપણે આપણા સ્વાર્થી હેતુઓ માટે, આપણો અહમ્ સંતોષવા માટે ન કરીએ પરંતુ જનહિતાર્થે કરીએ.

રાષ્ટ્રની સેવામાં, આતતાયીઓના વિનાશ માટે ધર્મના રક્ષણ અર્થે તેમજ માનવતાના મૂલ્યો સાચવવા માટે કરીએ. અન્યાય સામે ઝઝૂમવા માટે ક્રોધ કરવો પડે કે હિંસા આચરવી પડે તો તે ક્રોધ પૂણ્યના કાર્ય માટે થયો હોવાથી શુભ અને ક્ષમ્ય ગણાય છે. અસુરો, આતતાયીઓનો સંહાર કરી સજ્જનો, નિર્દોષોની રક્ષા તો શ્રી રામચંદ્રજી એ , શ્રી કૃષ્ણે કરી હતી. વળી શ્રી કૃષ્ણે તો ગીતા જ્ઞાન દ્વારા સ્પષ્ટપણે જણાવ્યું છે કે....

Scanned by CamScanner

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવર્તિ ભારત ।
અભ્યુત્થાન્ધર્મસ્ય તદાત્માનં સૃજામ્ય હમ્ ।
પરિત્રાણાય સાધુનાં, વિનાશાય ચ્ દુષ્કૃતામ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥

આમ અધર્મના વિનાશ માટે, સજ્જનોના રક્ષણ માટે શ્રી કૃષ્ણ પૃથ્વી પર અવતાર ધારણ કરશે.

આપણા પ્રાચીન મંદિરોમાં, શસ્ત્રધારી દ્વારપાલોની પ્રતિમાઓ મંદિરના દ્વાર પર રાખવામાં આવી છે આપણા દેવીદેવતાઓનાં હસ્ત ચક્ર, ગદા, ત્રિશૂલ, ધનુષ્ય, વગેરે આયુધો હોય છે. અસુરો અને આતતાયીઓના સંહાર માટે જ અને સજ્જનોના રક્ષણ માટે આવા આયુધો ધારણ કર્યા હશે. શિવજીએ દક્ષ પ્રજાપતિના અહમ્ભાવને પોષતા યજ્ઞનો અને સતીને થયેલા અન્યાયનો બદલો લેવા માટે યજ્ઞનો વિધ્વંશ કર્યો હતો.

આપણા ધાર્મિક ઉદાહરણો અને ઘટનાઓ અન્યાય અને અત્યાચાર સામે ઝઝૂમવાનું બળ પૂરૂં પાડે છે. આપણે સાચા માનવ બનવું હોય તો આપણી કામવૃત્તિ, એષણાવૃત્તિને રામવૃત્તિમાં મંત્રજાપમાં પરિવર્તિત કરીદો. આપણી ક્રોધવૃત્તિને અન્યાય સામે, નિર્દોષોના અત્યાચાર સામે અનાસક્ત ભાવે વહાવી નિર્દોષોનું રક્ષણ કરો.

લોભવૃત્તિનો ઉપયોગ પરમાત્માના નામસ્મરણમાં વધુ સમય ફાળવો, મંત્રજાપ, અનુષ્ઠાન, વિશિષ્ટ ઉપાસના દ્વારા ઋષિ, રાજર્ષિ, દેવર્ષિ, અને બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કરવાનો લોભ રાખો. આધ્યાત્મિક મૂડી ભેગી કરવાનો લોભ રાખો.

પરમાત્મા ચૈતન્ય સ્વરૂપનો, પરમના આદર્શોને અપનાવવાનો મોહ રાખો, પરમાત્માની જડચેતન સૃષ્ટિનું પાલન, પોષણ અને સંવર્ધન કરવાનો મોહ રાખો.

સદ્ગુણો કેળવી પોતાના ધર્મનું પાલન કરવામાં, કુટુંબ અને સમાજની આબરૂ જાળવવામાં, ઉત્કર્ષ કરવામાં તેમજ રાષ્ટ્રના રક્ષણ

Scanned by CamScanner

કાજે ફરજ નિભાવવામાં ગૌરવ અનુભવો. અભિમાનને ગૌરવમાં પરિવર્તિત કરીદો, અહમ્‌ની જગ્યાએ આત્મસંતોષ અનુભવાશે.

ઈર્ષ્યાનો અગ્નિ આપણને ભરખી ન જાય તે માટે આપણે આપણો સ્વભાવ બદલવા હંમેશા પ્રયત્ન કરવાનો. ઈષ્ટનું નામ સ્મરણ મદદરૂપ થશે. અન્યના ઉત્કર્ષમાં, સુખમાં સુખી થવા, સહભાગી બનવા પ્રયત્નશીલ રહીએ. પરમની સૃષ્ટિના પ્રત્યેક જડચેતન સર્જનના વિકાસમાં, સંવર્ધનમાં ઉત્સાહથી આપણું યોગદાન આપીએ તો આપણે આપણું પ્રેમાળ, પરોપકારી વ્યક્તિત્વ વિકસાવી શકીશું.

આપણે હંમેશાં યાદ રાખીએ કે માનવ શરીર એ પરમાત્માનું નિવાસ સ્થાન છે. મંદીર છે. આ શરીર દ્વારા થતું પ્રત્યેક કર્મ પરમાત્માની સેવા બની જવી જોઈએ. આવો ભાવ કેળવાય તો આપણા ષડ્‌રિપુઓ આપણા મિત્રો બની જાય, આપણા સંરક્ષક બની જાય. આપણા શરીર દ્વારા તેનો દુરઉપયોગ ન થાય.

વ્હાલા બાળકો,

સાચા માનવ બનવા માટે આત્મખોજ કરો, આત્મનિરીક્ષણ કરો. સ્વમૂલ્યાકંન કરો, દઢ મનોબળ કેળવો, ષડ્‌વૃત્તિઓનો પરોપકારના કાર્યોમાં વિવેકથી ઉપયોગ કરો. સત્સંગ, સંતસમાગમ સાત્ત્વિક વાતાવરણ, સ્વાધ્યાય અને પરમનું સતત સાનિધ્ય આપણામાં સદ્‌ગુણોનો વિકાસ કરશે. નિયમિત ઉપાસના અને ધ્યાન દ્વારા મનના વિચારો, તરંગો નિયંત્રણમાં આવી જશે, શમી જશે. આપણા દૈનિક જીવનનું દરરોજ તટસ્થભાવે મૂલ્યાંકન કરી, નફો, નુકશાનના રોજમેળની જેમ હિસાબ રાખી, નફો વધે, ઉદ્દેશ પૂર્ણ જીવન જીવાય તેવો પ્રયત્ન સતત કરતા રહેવું, ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવી.

આપ સર્વે પ્રયત્ન કરજો, પરમાત્માને પ્રાર્થના કરજો, સાચા માનવ બનવાના તમારા ધ્યેયને વળગી રહેજો. પરમની કૃપા અવશ્ય ઉતરશે જ. મારા આપ સર્વેને આશીર્વાદ છે.

" ૐ મા ૐ "

Scanned by CamScanner

માનવતાની ગુરુચાવી (માસ્ટર કી)

પરમશક્તિ મા ગાયત્રીના વ્હાલાં બાળકો,

મને ગુરુપદે સ્થાપી ગુરૂપૂર્ણિમાં ઉજવતા મારા શિષ્યો, સાચા અર્થમાં માનવ બને અને માનવતાને મહેંકાવે તો જ સાચું શિષ્યત્વ પ્રાપ્તિ કરી શકે.

તમારી નિયમિત ઉપાસના, કે મંત્રજાપ યંત્રવત્ ન બની જાય તે માટે તમારે તમારી આધ્યાત્મિક ઉર્જાને સદાય સચેત રાખવી પડશે. સાત્ત્વિક જીવન, સત્સંગ અને મંત્રજાપ કે નામ સ્મરણ તમારી ઉપાસનાની આધ્યાત્મિક ઉર્જાને પ્રજ્જવલિત રાખવામાં મદદરૂપ થઈ શકશે.

સાચા માનવ બની માનવતા મહેંકાવવા માટે તમારે પરમાત્માનું - માતાજીનું સતત સાનિધ્ય કેળવવું પડે અને તેના માટે તમારે પરમાત્માના-માતાજીના બાળ, આત્મિય કે આત્મજ બનવું પડે.

શાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણે પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે, સત્ય સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે, સુંદર છે અને કલ્યાણકારી છે. પરમાત્માના આ મહાન સદ્ગુણોનો વારસો આત્મામાં સ્થિત થાય તો જ આપણે પ્રિય, પ્રીતિપાત્ર બાળક બની શકીએ.

આપણે જીવાત્માઓ શિવ પરમાત્માના અંશ છીએ. આપણા બાળપણના વર્ષો, આપણું બાળપણ પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપ અને ગુણોથી વિભૂષિત જ હતું. પરંતુ સંસારમાં માયાનું આવરણ ઘટ્ટ બનતાં, અન્ય માયાવી દુર્વૃત્તિઓએ પ્રવેશ કર્યો અને ભૌતિક જિજવિષાઓએ પરમાત્માનું છેટું પાડી દીધું. આત્મિક સબંધનું અંતર વધારી દીધું.

પરમપિતા પરમાત્મા સાથેના આત્મિક સબંધનું અંતર ઘટાડવા માટે, આત્માનાં ઓતપ્રોત થવા, ઐક્યતા સાધવા માટે, તમારે ફરીથી બાળસહજ નિર્દોષતા કેળવવાનો પ્રયત્ન કરવો પડશે. સાચા ભક્ત બની ભાવ જગતમાં ખોવાઈ જવું પડશે. પરમાત્માની સકળ જડ ચેતન સૃષ્ટિમાં તેના જ દર્શન કરી, પ્રેમભાવ પ્રદર્શિત આત્મિયભાવ કેળવવો પડશે.

Scanned by CamScanner

પરમનો આત્મિયભાવ આપણે આપણા ઘરઆંગણેથી જ શરૂ કરીએ તો કેવું? મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન કુટુંબ અને સમાજમાં પ્રવર્તતી વિસંવાદિતાનું વિષ મને બેચેન બનાવી દે છે. વિષના આ વહેણને, અમૃતમાં, પ્રેમામૃતમાં, પ્રેમગંગામાં પલટાવવાની મારી મહેચ્છા છે. આપ સર્વેનો સાથ, સહકાર અને પુરૂષાર્થ હશે તો આપણા સામૂહિક પુરૂષાર્થથી વિષના વહેણને પ્રેમગંગા પલટાવી શકીશું. આપણે અનુભવી રહ્યાં છીએ કે અર્વાચીન કુટુંબ જીવન, સમાજ જીવન કેટલું બધું કલુષિત બની ગયું છે. ધાર્મિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ, રાજકિય સંસ્થાઓ વિગેરે બધીજ જગ્યાએ વિષના વાદળો છવાઈ ગયાં છે. વિશ્વના કોઈપણ ક્ષેત્રમાં શાંતિમય, અહઅસ્તિત્વ જાળવવામાં અને નૈતિક મૂલ્યોને સાચવવામાં આપણા પ્રયાસો ઘણા જ વામણા અને પાંગળા પૂરવાર થઈ રહ્યા છે. આપણી આર્ય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો કેટલા ઉંચા હતા? સમયના પ્રવાહમાં આ ઉચ્ચ આગર્શો અને મૂલ્યો લુપ્ત થતા જાય છે.

આપણા કુટુંબની દશા દયાજનક છે. જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર અને ઘર્ષણ વધતું જાય છે. આધુનિક જીનવશૈલી, શહેરીકરણ, શિક્ષણપ્રણાલી અને દૂરદર્શન જેવા આધુનિક સાધનોથી ઘરનું વાતાવરણ ઘોંઘાટભર્યું, અને માનમર્યાદા વગરનું બની ગયું છે. લાજ શરમ નેવે મૂકાઈ ગયાં છે.

પતિ અને પત્નિના સુખી દામ્પત્ય અને સહજીવનથી બાળકોની સારસંભાળ અને માતૃવાત્સલ્યમાં ઓતપ્રોત પત્નિ પતિ પ્રત્યે દુર્લક્ષ સેવે જેથી પતિનું મન દુઃભાય. બાળકો મોટાં થતાં, પુત્રવધુનો પ્રવેશ થતાં પુત્ર ખોવાઈ જાય કે પુત્રી હોય તો સાસરે જાય; એટલે ઘડપણમાં વળી પાછાં પતિપત્નિ એકબીજાનો સહારો શોધતાં રહે.

'હું' અને 'તું'
'તું' માંથી ત્રણ થયાં.
'હું' ના ભાવ ગયા.
ત્રણમાંથી ચાર થયાં.
'હું' અને 'તું' એક થયાં.

Scanned by CamScanner

દામ્પત્ય જીવનની શરૂઆતથી જ અને ઘડપણમાં તન અને મનની સ્વસ્થતા સારી રહે તો સહારો સુખમય નીવડે પરંતુ જીવનની શરૂઆતથી ઉત્તરાવસ્થા સુધીના સમયના ચઢતા ઉતરતા વહેણ જીવનને વિસંવાદિતાથી ભરી દે છે.

અપવાદ બાદ કરતાં સામાન્ય રીતે પુત્રવધુનો પ્રવેશ થતાં ઘરની રીતરસમ બદલાવા માંડે છે. પુત્ર પરાયો લાગવા માડે છે. લોહીની સગાઈ ન હોવાથી અરસપરસ આત્મિયતા, સહૃદયતા કેળવી શકાતી નથી અને સાસરિયાં પરાયાં લાગવા માંડે છે. પત્નિની શેહશરમ અને દબાણને વશ થઈ પુત્ર સાસરિયાનું સગપણ વધારે છે. માતાપિતા, દાદા દાદી, ભાઈ બહેન આડખીલીરૂપ બોજારૂપ લાગવા માંડે છે. વસ્તુ અને વાતોમાં પોતાનું અને પરાયાનો ભેદ વર્તાવા લાગે છે.

કુટુંબ કલેશની વિષવેલ પ્રાંગરે છે. સંયુક્ત કુટુંબની ભાવના અને વ્યવસ્થા તૂટવા માંડે છે. વળી યંત્રયુગમાંતો માતાપિતા અને બાળકો (૨૧ વર્ષ સુધીના કે અપરણિત હોય ત્યાં સુધી)નું જ કુટુંબ ગણાય. વડીલો માટે ઘરમાં માન નથી, સ્થાન નથી. વૃધ્ધાશ્રમો તેમની ઉત્તરાવસ્થાનો આશરો અને આશ્રયસ્થાન બની રહે છે.

આવા કલુષિત સમાજ અને કુટુંબનું નવસર્જન કરવા માટે અને આર્યસસ્કૃતિને પુનર્જીવિત કરવા માટે આપણે કટિબધ્ધ થઈએ.

તમારો પ્રશ્ન હશે કે અમે કેવી રીતે કટિબ્બ થઈએ? અમે શું કરીએ? કેવી રીતે આપના નવસર્જનના કાર્યમાં ભાગીદાર થઈએ?

આજથી જ તમે સહુ સાચા અર્થમાં માનવ બનવાનો દ્રઢ સંકલ્પ કરો. તમે બધાં મનુષ્ય છો પરંતુ સાચા અર્થમાં માનવ બનવા માટે માનવીય ગુણો કેળવવા માટે માનવતાનાં મૂલ્યોને અપનાવવા પડે.

પરમાત્મા આ સૃષ્ટિના સર્જક છે. આપણે સહુ તેનું સર્જન છીએ. જડ ચેતન સૃષ્ટિમાં તે વ્યાપ્ત છે, વિલસી રહ્યા છે, તેથી પરમાત્માના અંશ એવા આપણે પરમાત્માની સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં એકરૂપ તઈ જઈએ.

આપણો સંસારતો પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. તેના મૂળમાં દેવત્વ રહેલું છે. સંસારની પ્રત્યેક વ્યક્તિ, માતા, પિતા, ભાઈ, બહેન,

Scanned by CamScanner

પતિ, પત્નિ સમાજના નજીકના અને દૂરના સગાં, મિત્રો, સહકાર્યકર્તાઓ વિગેરેની સાથે પ્રેમભાવ રાખીએ, સહૃદયતા કેળવીએ. સંસારની પ્રત્યેક વસ્તુ પરમાત્મામય છે તેમ સમજી તેની સાથે પ્રેમાળ, મૃદુ વર્તાવ કરો અને પછી તમે જાતે જ અનુભવશો કે તમારા માટે બધાં જ આત્મિય છે અને તમે બધાનાં આત્મિયજન છો. તમારા માટે બધાંને માન અને પ્રેમ ઉદ્ભવશે, તમારી પ્રેમમય ભાવનાની ભવ્યતાને લીધે તમારી ઉપસ્થિતિથી જ સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રગટશે.

આવો પ્રેમાળ સ્વભાવ અને જીવન ઘડતર મારો પ્રત્યેક શિષ્ય કેળવે અને આચરણમાં મૂકે તો જીવનમાં સાચી માનવતા પ્રગટે.

મારે તો સંસારને સરળતા, સહૃદયતા, સહકાર અને સમભાવથી તરવા માટે **'માસ્ટર કી'** આપવી છે. આપ કોઈપણ **'માસ્ટર કી'** અપનાવો અને આપની માનવતા મહેંકી ઉઠશે.

'માસ્ટર કી'

૧. પ્રેમાળ વર્તન : પ્રેમ માર્ગ
૨. સમજણભર્યું વર્તન : જ્ઞાન માર્ગ
૩. સહનશીલતાભર્યું વર્તન : સહન માર્ગ
૪. ક્ષમાશીલ વર્તન : ક્ષમા માર્ગ

(૧) પ્રેમાળ વર્તન - પ્રેમ માર્ગ

તમારા સંપર્કમાં આવતી પ્રત્યેક વ્યક્તિને નિઃસ્વાર્થ, નિર્મળ, નિર્દોષ પ્રેમથી સભર કરી દો. બદલામાં તમને પ્રેમ જ મળશે. થોડી રાહ જોવી પડે તો ધીરજ રાખજો, નાસીપાસ ન થશો.

(૨) સમજણ ભર્યું વર્તન - જ્ઞાન માર્ગ

તમે જો પ્રેમાળ વર્તન દાખવી શકતાં ન હો, પ્રેમ કરવાનું તમને પરવડે તેમ ન હોય તો સામી વ્યક્તિ કે જે તમારા સંપર્કમાં આવે તેના વાણી, વર્તન, વ્યહવારને સમજવાનો પ્રયત્ન કરો. તેના દ્રષ્ટિકોણને સમજો. તેના ભાવને સમજવાનો પ્રયત્ન કરો. તમારી સાચી અને રાગદ્વેષ શક્તિની સમજણથી વાતાવરણમાં કલુષિતતા પ્રવેશતી અટકી જશે. તમારી સમજણથી સબંધો સંધાઈ જશે, વિખરાઈ જતા, તૂટી

Scanned by CamScanner

જતા અટકી જશે.

(૩) સહનશીલતાભર્યું વર્તન - સહન માર્ગ

આપ આપના સાંસારિક અને દુન્યવી સબંધોમાં સમજણનો માર્ગ પણ ન અપનાવી શકતા હો તો તમારે સહનશીલ બનવું પડે. સંપર્કમાં આવતી વ્યક્તિઓની તમને લાગતી કે સ્પર્શતી હકીકતોને સહન કરતાં શીખો. આવા પ્રસંગે શબ્દોની સોદાબાજી, વાણીનો વિલાસ કે ભાષાની ભવાઈ કરવાને બદલે મૌન રહેવાનું પસંદ કરો. મૌન રહી, ઈન્દ્રિયોને આંતરમુખ કરી માનસિક મંત્રજાપ, ભગવત્ સ્મરણમાં તે સમયને પસાર કરો સામે કોઈપણ પ્રતિકાર ન કરો. બને તો વાતાવરણને બદલી નાખો. એકપક્ષીય કટુ વ્યવહારની અવધિ બહુ જ ઓછી હોય છે.

(૪) ક્ષમાશીલ વર્તન - ક્ષમામાર્ગ

તમારા કુટુંબીજનો કે સંપર્કમાં આવતી અમુક વ્યક્તિઓના અશિષ્ટ વાણી, વર્તન અને વ્યવહારને મૌન રહીને સહન કરવાની ક્ષમતા પણ ન ધરાવતાં હો તો તમે તેમની હરકતોને અવગણીને માફ કરી દો. ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' એ ઉક્તિ અનુસાર તમે ક્ષમાનો ગુણ કેળવી લો.

સંસારની કોઈપણ સમસ્યાઓને ઉકેલવા માટે કોઈપણ એક કે વધુ **'માસ્ટર કી'**નો ઉપયોગ કરો. માનવતા પ્રગટાવવા અને પ્રસરાવવા માટે જીવનમાં પ્રત્યેક પળે અને પ્રસંગે **'માસ્ટર કી'** નો ઉપયોગ કરો.

વિશ્વબંધુત્વની ભાવના વિકસાવવાના મારા અભિયાનમાં આપ સહુના સહકારથી જ માનવતાની મહેંક પ્રસરાવી શકાશે, માનવતાની સાંકળને વિસ્તારી શકાશે. આજના ગુરુપૂર્ણિમાના પર્વે આપ સહુ સંકલ્પ કરો કે જીવન અને સંસારની કલુષિતતાને મીટાવી પ્રેમ અને સદ્ભાવનાનું વાતાવરણ પ્રસ્થાપિત કરીએ.

" ૐ મા ૐ "

Scanned by CamScanner

પરમાત્માનાં પાગલ પ્રેમી

પરમના પ્યારા પ્રેમીઓ,

શિવરાત્રીના દિવસે સંધ્યાટાણે કુટીરમાં મેં આપને પરમાત્માને પામવાનો સરળ માર્ગ બતાવ્યો હતો. "પરમાત્માના પાગલપ્રેમી બની જાવ તો પરમાત્માને પામી શકાય" પરમના પ્રેમી માટે રસ્તો ઘણો જ સરળ છે. પરંતુ બધામાં પ્રેમના અંકુરો ફુટવા જોઈએને?

સામાન્ય રીતે એક પ્રશ્ન એવો ઉઠે કે પરમાત્મા સાથે પ્રેમનું, લાગણીનું, ભાવનું આદાન પ્રદાન કેવી રીતે થાય? સામાન્ય માણસને પરમાત્મા નથી દેખાતા કે નથી અનુભવાતા, પછી પ્રેમ કેવી રીતે ઉદ્‌ભવે! વળી પરમાત્મા એટલે શું? પ્રશ્ન જરા અજુગતો લાગે છે ખરૂં ને?

આપણી કલ્પનાનો પરમાત્મા આપણેને વારસામાં મળેલ હોય છે. માતા પિતા કે દાદા દાદીએ સાકાર કે નિરાકાર ઈષ્ટદેવને રામ, કૃષ્ણ, શંકર, શક્તિ, અલ્લાહ, ઈસુ કે જરથોષ્ટ્રના નામે અને સ્વરૂપે ઉપાસવાનો ક્રમ અપનાવ્યો હોય, વળી ઉપાસવાની, સેવા, પૂજાની પધ્ધતિ પણ આપણી વારસાગત હોય છે. ઈષ્ટદેવને ખુશ રાખવા માટે તેમના આશીર્વાદ સતત મળતા રહે અને જીવન, સંસાર સુખમય, શાંતિમય પસાર થાય. પદ પૈસોને પ્રતિષ્ઠા મળતાં રહે, સચવાતાં રહે તે આશયથી આપણે દરરોજ ચીલાચાલુ ઉપાસના, પૂજા કરીએ છીએ અને પ્રાસંગિક ઉત્સવો ઉજવીએ છીએ અને કામ ચલાઉ સંતોષ અનુભવીએ છીએ. આવી વારસાઈ ઉપાસનામાં ચીલાચાલુ રીતરસમ નિભાવાય છે. પરમાત્મા સાથે ઐક્યતા સાધી શકાતી નથી, પ્રેમનું આદાન પ્રદાન થઈ શકતું નથી. યંત્રવત્ પૂજાપાઠ, મંત્રજાપ, થતા રહે છે.ફક્ત ઔપચારિકતાજ દાખવવામાં આવે છે. માળા કરતાં મન ભટકે અને સેવા કરતાં સંસાર સાંભરે તો પછી પ્રભુ ક્યાંથી પાસે આવે ?

મારી સમજનો પરમાત્મા એટલે પરમ + આત્મા, ઊંચો, મહાન, તેજસ્વી આત્મા, જે મનુષ્યમાં ઉચ્ચ સદ્‌ગુણો સંક્રાંત થયેલા હોય, જે સદાય સાત્વિક હોય, જેના સ્મરણ માત્રથી શાંતિના સ્પંદનો અનુભવાય,

Scanned by CamScanner

જેના સાનિધ્યથી અંતરમાં, નિર્દોષ, નિર્મળ, પ્રેમનાં ઝરણાં ફુટવા લાગે, વાતાવરણ સુવાસિત, હર્યું ભર્યું બની જાય તે આત્મા, જ પરમાત્માનું સાકારરૂપ ગણી શકાય. પરમાત્માની વિભૂતિ ગણી શકાય. આપણે આપણા ઈષ્ટદેવને ચૈતન્ય સ્વરૂપ ગણીને આપણી પૂજા-ઉપાસનાને ચેતનવંતી, લાગણીસભર બનાવીએ તો જ ઈષ્ટદેવની સાથે પ્રેમનું, લાગણીનું આદાન પ્રદાન કરી શકાય.

દૃશ્ય જગતમાં વિદ્યમાન પરમાત્માની વિભૂતિઓ - સૂર્ય, ચંદ્ર, તારા, નિર્દોષ બાળકો, મા બાળકનું નિર્દોષ વાત્સલ્ય, પ્રાકૃતિક સૃષ્ટી, પશુ પક્ષીઓ, પહાડો, ઝરણાં, નદીઓ, સાગર, સંતો, સાત્ત્વિક આત્માઓ વિગેરે દરેકે દરેક જડચેતન પદાર્થોમાં પરમાત્માના એક કે વધુ સાત્ત્વિક ગુણો, સંક્રાંત થયેલા જ હોય છે. માનવ સેવા માટે જ તેમનું અસ્તિત્વ નિર્માણ થયેલું હોય છે.

પરમાત્માની આ જડચેતન સૃષ્ટિને આપણે પ્રેમ કરીએ, આપણો અહોભાવ પ્રદર્શિત કરીએ તો પરમાત્માની આ સૃષ્ટિ પણ આપણી સાથે પ્રેમનું આદાન પ્રદાન કરે. આપણું આંતર બાહ્ય પ્રેમમય બની જાય. અને આપણા દુર્ગુણો વિદાય થઈ જાય. પ્રેમ કરવા માટે પરમાત્માની વિભૂતિઓ અને પરમાત્માની સર્જેલ સૃષ્ટિમાં આપણે આત્મિયતા કેળવવી પડે. આપણી દૈનિક પ્રાર્થનામાં આપણે પરમાત્માને સર્વસ્વ માનીએ છીએ અને ગાઈએ છીએ કે

"ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા ચ દ્રવિણમ્ ત્વમેવ
ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ."

આપણા સાંસારિક સંબંધોમાં માતા પિતા, ભાઈ બહેન, મિત્ર સખા, પત્નિ, બાળકો, ધન સંપત્તિ, પશુ પરિવાર વિગેરેમાં આપણને લાગણી, ભાવ, પ્રેમ આત્મિયતા હોય છે તેવો જ આત્મિયભાવ પરમાત્મામાં અને તેની સર્જેલ સૃષ્ટિમાં, વિદ્યમાન તેની જ વિભૂતિઓમાં તેનું જ પ્રતિક સમજીને આપણે પ્રેમ કેળવીએ, પ્રેમ કરીએ તો પરમાત્મા

Scanned by CamScanner

સ્વયમ્ આપણને પ્રેમ કરે. પ્રેમનું આદાન પ્રદાન થાય અને પછી તો પ્રેમ ઘનિષ્ટ બને, લાગણીના વહેણ વહેવા માંડે.

વ્રજવાસીઓ - ગોકુળવાસીઓનો કૃષ્ણ પ્રેમ, યમુનાનો કીનારો, ગાયો, ગોપ ગોપીઓ, લતાઓ, વૃક્ષો, ગીરીરાજ, મોર બપૈયા સઘળાં કૃષ્ણ પ્રેમમાં તરબોળ બની જતાં, અસ્તિત્વને ભૂલી જતાં. ગોપ ગોપીઓનો કૃષ્ણ પ્રેમ અને કૃષ્ણનો તેમના પ્રત્યેનો પ્રેમ કેટલો ઉત્કૃષ્ટ હતો ? તેઓ પાગલ પ્રેમી હતા.

રામ અને અયોધ્યાવાસીઓનો પ્રેમ, શબરી, કેવટ અને ગુહરાજનો રામ પ્રત્યે કેટલો નિર્વ્યાજ પ્રેમ હતો ! ભરત, હનુમાન, વિભીષણ, રીંછરાજ અને વાનરસેના રામના કેવા પાગલ પ્રેમી હતા !

પ્રેમ એકપક્ષીય સંભવી જ ના શકે. પ્રેમ બંને પક્ષે, હોય, એકબીજા માટે ન્યોચ્છાવરીનો ભાવ હોય, પ્રેમમાં મેળવવા કરતાં એકબીજાને આપવાની ભાવના વધારે હોય, એકબીજાના વિરહમાં એકબીજાં તલસતાં રહે, અશ્રુધારા વહાવતાં રહે, પ્રેમાશ્રુમાં ફક્ત એકબીજાના મિલનનો તલસાટ હોય છે. એક બીજામાં ખોવાઈ જવાની મઝા હોય છે.

પરમાત્મા સર્જીત જડચેતન સૃષ્ટિમાં પ્રેમાનંદ સ્વરૂપ પરમાત્માના દર્શન કરવાં હોય તો આ સૃષ્ટિના પ્રત્યેક અંગને, પ્રત્યેક વ્યક્તિને પ્રેમ કરવો પડે. પરમાત્માનું વિરાટ રૂપ, એટલે સૃષ્ટિમાં વિલસી રહેલ જડચેતન વસ્તુ. જે પરમાત્માનું જ અંગ છે. એટલે એ પ્રત્યેક અંગને પ્રેમ કરવો પડે.

વળી ભગવાન સૌના હૃદયમાં રહેલા છે, પ્રત્યેકમાં પ્રભુનો વાસ છે એ હકીકતને આપણે દૃઢ પણે માનીએ તો આપણા અન્ય સાથેના વાણી, વર્તન વ્યવહારમાં આત્મિયતા, સહૃદયતા, સાત્ત્વિકતા આવી જાય.

પ્રાણીમાત્રના હૃદયને પ્રભુનું મંદિર માનીને તેનો આદર કરીએ, પ્રેમ કરીએ, મદદરૂપ થઈએ. સૃષ્ટિનું પ્રત્યેક સર્જન પરમાત્માનું જીવતું જાગતું મંદિર જ છે. આ પૃથ્વી પર માનવોએ બનાવેલ મંદિરો, મસ્જીદો,

Scanned by CamScanner

ગુરુદ્વારા, ચર્ચ તો પરમાત્માને શોધવા માટેનાં, મળવા માટેનાં, બોલાવવા માટેનાં સ્થાનો છે. પરંતુ આ દેવસ્થાનોમાં પણ પરમાત્માનો પ્રત્યક્ષ મળવા માટે, વાત કરવા માટે આપણી પાસે દ્રષ્ટિ અને શક્તિ તો જોઈએ જ ને! મંદિરમાં બિરાજીત પરમાત્માની મૂર્તિમાં આપણે પ્રેમથી પ્રાણ પૂરવાના છે, ચેતના જગાવવાની છે. તે મૂર્તિને બોલતી અને સાંભળતી કરવાની છે. આપણી સાથે રમતી અને જમતી કરવાની છે. જો આપણે મૂર્તિને બોલતી, ચાલતી, સાંભળતી ન કરી શકતાં હોઈએ, તેનામાં રહેલાં ચૈતન્યતત્વને પ્રજ્વલિત ન કરી શકતાં હોઈએ તો મંદિરમાં દર્શન કરવા જવાની પ્રક્રિયા યંત્રવત્ બની જાય છે.

આપણે જો પરમાત્માને જોવાની કળા શીખી લઈએ તો જીવનનો અંધકાર, પ્રકાશમાં પલટાઈ જાય છે. આપણા જીવનમાં શાંતિ સ્થપાય, સમભાવ કેળવાય, અને આપણું જીવન પ્રેમમય, સેવામય બની જાય આપણા ચર્મચક્ષુ દિવ્યચક્ષુ, જ્ઞાનચક્ષુમાં પલટાઈ જાય, અને આપણી દ્રષ્ટિમાંથી નરી પવિત્રતા, નિર્મળતા, નિર્દોષતા, પ્રેમ, સતત વર્તાતો રહે. આપણું સમસ્ત અસ્તિત્વ આનંદ સ્વરૂપ, નિર્દોષ અને નિર્મળ બની જાય અને પછી તો જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ.

શાસ્ત્રોકથિત તપસ્વીઓના આશ્રમનું વાતાવરણ, જડ અને ચેતન એટલું બધું પવિત્ર, સાત્ત્વિક અને શાંત રહેતું કે ત્યાં પશુ પક્ષીઓ, વૃક્ષો, લતાઓ અને વિકરાળ પ્રાણીઓ પણ તેમનો જન્મજાત સ્વભાવ ત્યજીને સહવાસ કેળવતાં, આનંદ માણતાં, શાંતિ અનુભવતાં.

આજે પણ આવું વાતાવરણ સર્જી શકાય છે. ૧૯૯૪ સપ્ટેમ્બર મહિનામાં નિલોષા પર મોર આવ્યો હતો. ઘરના સભ્ય તરીકે બે દિવસ રહ્યો હતો. આત્મિયતા કેળવી બધાંની સાથે હળી ગયો હતો તે હકીકત સહુ સુપેરે પરિચિત છે જ.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, સકુબાઈ અને કેટલાય નામી અનામી ભક્તોના પ્રેમનો પ્રતિઘોષ પરમાત્માએ પાડ્યો છે. માતાજી અને હું પણ એકબીજાના પાગલ પ્રેમી જ છીએ ને!

પરમાત્માના પાગલપ્રેમી બનવા માટે પરમાત્માના ફિરસ્તા,

Scanned by CamScanner

સાત્વિક સંતોને પ્રેમ કરો, આત્મિયતા કેળવો. તેમના આદર્શોનું પાલન કરો. તેમના આદર્શોને જીવનમાં આત્મસાત કરી સંતોના પરમાત્માએ સોંપેલા સેવા કાર્યોમાં સહભાગી બનો.

સાચા સંતો જ્યારે તમને પ્રેમ કરે, તમારા પ્રેમનો પ્રતિઘોષ પાડે ત્યારે સમજવું કે પરમાત્મા આપણને પ્રેમ કરે છે, અને પછી તો પાગલ પ્રેમી બની એ પ્રેમગંગામાં સદાય સ્નાન કર્યા કરવું.

સંતોના પ્રીતિપાત્ર બન્યા પછી એ પ્રેમના નિર્મળ પ્રવાહને સતત વહેતો રાખીશું તો એ પ્રેમ સરિતાનું વહેણ પરમ પ્રેમના સાગર સ્વરૂપ પરમાત્મામાં વિલિન થઈ જશે.

અદ્વૈત સાધી શકાશે. પરમની સૃષ્ટિમાં ઓતપ્રોત થઈ જવાશે. આવા પરમના પાગલપ્રેમી માટે પરમાત્મા સ્વયમ્ તેને મળવા માટે તલસે છે. તેના કાર્યો માટે સદાય તત્પર રહે છે, તેના રાહબર બની રહે છે.

" ૐ મા ૐ "

તા. ૨૪-૩-૧૯૯૧ શ્રધ્ધા મંદીરમાં પગથિયા પર માતાજીએ કંકુ પધરાવ્યું હતું.

Scanned by CamScanner

પ્રેમનો પુકાર

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

આજે માનવતાદિન છે. આજે મારા ભૌતિક શરીરે સીત્તેરમાં વર્ષમાં પદાર્પણ કર્યું છે. માતાજીનો મમતાળુ, વાત્સલ્ય સભર, પ્રેમ નીતરતો સ્પર્શ મારા અણુએ અણુને નવપલ્લવિત કરી દે છે.

માતાજીનો અને મારો ભવોભવનો નાતો છે. અમારૂં સગપણ પ્રેમનું સગપણ છે. અને એટલા માટેજ દુન્યવી સબંધોથી પર આત્માની સગાઇ છે અને એટલા માટે જ મા ભગવતી મારા માટે સર્વોપરી, સર્વસ્વ છે. સબસે ઉંચી પ્રેમ સગાઇ આ દિવ્ય પરમશક્તિ મા ભગવતી સાથે મારી છે, કદાચ એટલે જ દુન્યવી, સંસારી સબંધો સાથે મારો મેળ જામતો નથી.

માતાજીના પ્રત્યક્ષ મિલનની રાહ જોવામાં મને આનંદ આવે છે. ૧૯૭૬ માં સપ્ટેમ્બરની પાંચમી તારીખની મધરાતે માતાજીનો પ્રથમ સાકાર સ્વરૂપે મેળાપ થયો ત્યારથીજ પ્રતિવર્ષે આજ દિવસોમાં સપ્ટેમ્બર ચારથી સાત તારીખ સુધીમાં મન માના મિલાપ માટે તલસી રહે છે. મન અધીરૂં બની જાય છે. વિચારોના વમળો મનમાં રચાયા કરે છે. માતાજીના મિલનના વિચારોમાં જ મનને વ્યસ્ત રાખવાનું મને ગમે છે. દિવ્ય પાગલ પ્રેમમાં હું ખોવાઇ જાઉં છું.

અને...અને માતાજીની મમતા સાકાર સ્વરૂપ ધારણ કરી મને વાત્સલ્યથી ભીંજવી દે છે. પ્રેમમાં હું જ અધીરો બની જાઉં છું તેમ નથી, દિવ્ય માની પણ એટલી જ અધીરાઇ વર્તાય છે. અમે એકબીજામાં ખોવાઇ જઇએ છીએ. ભક્ત અને ભગવાનનું મિલન. મા અને બાળનું મિલન, સ્વર્ગીય સુખનો આનંદ આપતું એ મિલન કેટલું મીઠું, અમૃતમય હતું. મિલનની અવધિ પૂરી થાય છે અને પાછાં મીઠાં સંસ્મરણો, વાગોળવાનો સમય શરૂ થઇ જાય છે.

ઇશ્વરને પોતાના ઇષ્ટના રૂપમાં ઓળખ્યા પછીજ ભક્ત પરમના અસ્તિત્વનો અનુભવ કરવા લાગે છે. ઇશ્વરની શક્તિનો આવિર્ભાવ પોતાનામાં થતો અનુભવે છે. ઇશ્વરની ઇચ્છાને સર્વોપરી ગણવા પ્રેરાય છે. સૃષ્ટિ નિયંતા સ્વયમ્ પરમાત્મા જ છે. જડ

ચેતન સર્વમાં તે વ્યાપ્ત છે તેવી દઢતા સાથે ભક્તમાં સમત્વનો ભાવ કેળવાતો જાય છે.

કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સુખ શાંતિ માટે સમત્વનો ભાવ પ્રત્યેક વ્યક્તિમાં પ્રગટે તેવી સાંપ્રત સમયની માંગ છે. ભિન્ન ભિન્ન વિચાર સરણી ધરાવતી વ્યક્તિઓમાં પરમાત્માના અસ્તિત્વનો અહેસાસ થવો પણ શક્ય નથી, છતાં પણ પરમાત્મા સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને સર્વત્ર વિલસી રહ્યા છે. એ હકીકતને નકારી શકાય પણ નહિ. સૃષ્ટિના સર્જન સંવર્ધન અને વિસર્જનનું કાર્ય દુનિયાની કોઇપણ વ્યક્તિ કરી શકવા સમર્થ નથી. વિજ્ઞાનની શક્તિ ઘણી જ વામણી પૂરવાર થાય. આજના વિજ્ઞાનીઓ કુદરતની, પરમાત્માની શક્તિને આંબવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ એ તો એક પ્રયાસ માત્ર જ કહી શકાય. આપણા પૂર્વજો, ઋષિ મુનિઓ પણ વિજ્ઞાનીઓ જ હતા, પરંતુ તેમનું વિજ્ઞાન અને વિશ્વના રહસ્યોની ખોજ પરમાત્માની શક્તિ, પ્રેરણા અને કૃપા પર જ અવલંબિત રહેતી.

ભૂતકાળમાં કંઇ કેટલા નામી અનામી મહાનુભાવોને પરમાત્માની પ્રેરણા મળતી, પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ, સાક્ષાત્કાર થયો છે, અને જગતની સેવામાં સમર્પિત થયા છે. વર્તમાન સમયમાં પણ કેટલાય સંતો, ફિરસ્તાઓ, બ્રહ્મજ્ઞાની આત્માઓને પરમાત્માના પોતાના ઇષ્ટના રૂપમાં દર્શન થાય છે, પરમના પ્રસાદ, સહાય, માર્ગદર્શનનો અનુભવ થતો રહે છે.

સંતો, સાચા ભક્તો પાસે પરમાત્માને ચરણે ધરવા માટે શું હોય છે? પરમાત્માને તેના બાળકો પાસેથી શું જોઈએ છે? પરમાત્માને જોઇએ છે તમારા પ્રેમનો પુકાર, પ્રેમનો સાદ. તમે સાદ કરો અને પ્રતિસાદ રૂપે તમારા પર પ્રેમનો વરસાદ વરસાવશે. દ્રૌપદીએ સાદ કર્યો અને કૃષ્ણ ભગવાને ચીરનો વરસાદ વરસાવ્યો. નરસિંહ મહેતાએ કેદાર છેડયો અને ઘનશ્યામે પ્રેમનો વરસાદ વરસાવ્યો. અને અનેક સંસારી સમસ્યાઓમાં સહાય કરી. શબરીએ સાદ કર્યો અને રામજી તેની મઢૂલી શોધતા તેના આંગણે પહોંચ્યા. પરમાત્માને તેના બાળકો પાસેથી નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમ જોઇએ છે. પ્રેમનો ભાવ પરમાત્મા તેના ભક્તોની આંખોમાં જ

Scanned by CamScanner

વાંચી લે છે. પ્રેમમાં ભાષા પ્રદર્શિત કરવાની નથી હોતી, ફક્ત ભાવ જ પ્રદર્શિત થઇ જાય છે. ભાવ પ્રદર્શિત કરવા કોઇ આયાસની જરૂર પડતી નથી. વિધિ વિધાન, ભૌતિક ભેટસોગાદ ભાવ પ્રદર્શિત કરવાનું અશાશ્વત, ક્ષણિક સાધન માત્ર જ છે. જે સમયના વહેણમાં ભૂલાઇ જાય છે. ભૂંસાઇ જાય છે, તણાઇ જાય છે. નાશ પામે છે. પ્રેમ એક એવો ભાવ છે જે હૃદયમાં જ સ્થાન ગ્રહણ કરી શકે છે, અને આનંદના અશ્રુબિંદુઓ દ્વારા પ્રગટ કરી શકાય છે.

પ્રેમ એ તો જીવન છે. જીવનનો પ્રાણ વાયુ છે. પ્રેમ વગર જીવન મૂરઝાઇ જાય છે. પ્રેમ વ્યક્તિનો મોટામાં મોટો સદ્ગુણ છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. પ્રેમથી પાષાણને પણ પીગળાવી શકાય છે. ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાનો સરળ રસ્તો પ્રેમ છે. વ્રજની ગોપીઓએ પ્રેમમાર્ગ દ્વારા જ કૃષ્ણના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પ્રેમ અને મોહમાં ભેદ છે. મોહ માયામાંથી જન્મે છે અને તેનું સ્વરૂપ, માત્રા, મનના તરંગોની જેમ વિકસે છે અને નાશ પામે છે. મોહ ક્ષણિક અશાશ્વત છે. મોહમાં, સ્નેહમાં આપવાની સાથે લેવાનો, પાછું મેળવવાનો ભાવ છુપાયેલો રહે છે. મોહમાં સ્વાર્થ ભળેલો હોય છે. તેથી સંસારી સંબંધોમાં કટુતા, દુશ્મનાવટ, વેરઝેર પ્રવેશી શકે છે. પ્રેમમાં તો ફક્ત આપવાનો, ન્યોછાવર થવાનો ભાવ છે નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમ એક અવિરત વહેતી ધારા છે જે પરમાત્માના હૃદય સિંહાસન પર રાધા બનીને વિરાજી શકે છે.

સાંપ્રત સમયમાં પ્રેમ શબ્દનું અવમૂલ્યન કરવામાં આવી રહ્યું છે. સ્વાર્થી કામુક સબંધોને પ્રેમમાં ખપાવવામાં આવી રહ્યા છે. જે ખરેખર દુઃખની વાત છે. પ્રેમને શરીર સાથે કોઇ જ સબંધ નથી. પ્રેમનો તંતુ હૃદય સાથે જોડાય ત્યારે જ તેમાંથી આત્મિયતા, ઐક્યતા પ્રગટે છે, ગુરૂશિષ્ય વચ્ચેનો પ્રેમ, ભક્તનો ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ન્યોચ્છાવરી છે. અદ્વૈત ભાવ છે. પ્રેમ એક સંગીત છે જે સદાય આનંદ, શાંતિ અને સુખનો અનુભવ કરાવી શકે. ઋષિ મુનિઓના આશ્રમોમાં પ્રેમનું એક સામ્રાજ્ય છવાયેલું રહેતું. નિર્દોષ, નિર્મળ, શાંત અને પવિત્ર વાતાવરણમાં પશુ-પક્ષીઓ

Scanned by CamScanner

પોતાનો સહજ જાતિય સ્વભાવ, ક્રૂરતા ત્યજીને ભાઇચારાથી સાથે જ હરતા ફરતા અને ચરતા. આજે પણ સંતો સદ્ગુરૂઓ પાસે પવિત્ર પ્રેમની ગંગા અવિરતપણે વહેતી જ રહે છે. વિવિધ વિચારસરણી સ્વભાવ, દુર્વૃત્તિઓ અને સદ્વૃત્તિઓ વાળી વિવિધ વ્યક્તિઓ સંતની સદ્ગુરૂની પ્રેમ ગંગાના વહેણમાં સાથે જ ડૂબકી મારવા આવે છે, પોતાની બૂરાઇઓ ધોવે છે, સદ્વૃત્તિઓને પોષે છે. સંસારની સમસ્યાઓમાં માર્ગદર્શન મેળવે છે, શાંતિ મેળવે છે. સંતની પ્રેમ નીતરતી દૃષ્ટિ અને આશીષની વર્ષા તેના રોમેરોમને પુલકિત કરી દે છે. તેના વ્યક્તિત્વમાં સાત્વિક પરિવર્તન લાવી શકે છે. સાચો પ્રેમ સંતના સાંનિધ્યમાં જ પ્રાપ્ત કરી શકાય જ્યાં ઉદારતા, દયા, સેવા અને સદ્ભાવનાનું જ સામ્રાજ્ય હોય છે. આપણે સહુ પરમાત્માના, મા ભગવતીના સાચા પ્રેમી ભક્ત બનીએ, પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનમાં પરમાત્મા સ્વયમ્ સાકારરૂપે વિદ્યમાન છે તેવો ભાવ કેળવી, આપણો નિઃસ્વાર્થ, સાત્વિક પ્રેમ ન્યોછાવર કરીએ. કોઇનાય પ્રતિ રાગ દ્વેષ, ઇર્ષ્યા, ક્રોધ, કામુકતા નિંદાનો ભાવ ન રાખીએ તો પરમાત્માના પ્રેમની કૃપાની વર્ષા આપણા પર સતત વરસતી રહે.

તમારાથી કદાચ દરરોજ તમારા ઇષ્ટદેવની છબીની, મૂર્તિની સેવા, પૂજા, અર્ચન કરવાનું ચૂકી જવાય તો પરમાત્મા તમને ક્ષમા આપશે પરંતુ તેની પ્યારી સૃષ્ટિના પ્રત્યેક સર્જનને અવગણવાનું પરમાત્માને પસંદ નહિં પડે.

પરમાત્મા કદાચ આપણા ઇષ્ટના સ્વરૂપમાં આપણને દર્શનનો લાભ ન આપી શકે પરંતુ તેના સર્જનના દર્શનનો લાભ તો આપણને હરપળે મળતો જ રહે છે. જરૂર છે ફક્ત આપણી દૃષ્ટિ, સમજ અને સ્વભાવ કેળવવાની. અહમ્‌ને શૂન્ય કરી પ્રેમ અને પ્રસન્નતાને વિકસાવીશું તો પરમાત્માના પ્રદેશમાં આપણે કાયમ વાસ કરી શકીશું સંસારમાં મોહ માયાની સગાઇ તોડો અને પ્રેમની જ સગાઇ બાંધો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

Scanned by CamScanner

પ્રભુને ગળે લટકવા કેદ થાવુ પડે

ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

કહેવા નથી કહેવા નથી
શાસ્ત્રો તણા સાર
કહેવી છે કહેવી છે
આકાર-નિરાકાર તણી વાતો.

હવે હું પાંચમી તારીખે સાંજે અને છઠ્ઠી તારીખે સાંજે 'શ્રદ્ધા' કુટિરમાં જે બોલ્યો હતો તે રજૂ કરું છું. પાંચમી તારીખે સાંજે માતાજીની રાહ જોવાતી હતી અને માતાજીનો વિરહ કેવો હોય છે તેનું બયાન મેં આપ્યું હતું તે વિશે જણાવું :

ઉડાવ્યું પક્ષી પ્રીતિનું ,
ઝીલ્યાં પુષ્પો હૃદયમંદિરમાં,
સ્વીકાર્યો ભેખ સેવાનો,
મન મુજ તણું વૈરાગી,
તન દિસે સંસારી
પ્રગટાવ્યાં કોડિયાં ઉરના એકાંતમાં
પ્રતીક્ષા તુજના મિલનની
તુજ વિના વસંત ભાસે વૈશાખ,
આવ તૃપ્ત કર કોડિયાને ને પ્રતીક્ષાને.
વિરહ તણા રણને મલ્હાર આપો,
મલ્હારને ફેરવશું સંસાર તણા બાગમાં.
જય જયકાર થાશે માત તણો.

માતાજી પધારી ગયાં અને ગઈ કાલે સાંજના તા. ૬-૯-૯૪ના રોજ માં કહ્યું હતું :

વિશ્વમાં વિચરતાં હતાં
(એની પાસે આખું વિશ્વ છે. વિશ્વમાં કોઈ પણ જગાએ હોય.)
હાકલ સૂણી બાળની,
માતને દોડવું પડે,

Scanned by CamScanner

'શ્રદ્ધા' મહીં આવવું પડે,
બાળને વહાલ કરવું પડે,
રડતાંને શાંત કરવાં પડે,
મિલનનો શ્રાવણ લાવવો પડે,
ભક્તોને અનુભવ કરાવવો પડે,
હાથતાળી આપી જવું પડે.

હવે પછીની લાઈનો તરસ પરની હતી. તરસ વિશે મુંજાલભાઈ એ કહ્યું તેના પરની લાઈનો હતી :

પ્યાસા બે કિનારા,
ગોચર ને અગોચરના.
(ગોચર એટલે હું અને અગોચર એટલે માત)
અગોચર ખુદ આવે,
મિલન બે કિનારા તણું.

(કદી બે કિનારા ભેગા ન થાય, પણ જો અગોચર આવી જાય તો કિનારા તણું મિલન થઈ જાય.)

પ્રભુ આપણને ક્યારે ગળે લગાડે તેની વાત હતી :
પ્રભુને ગળે લટકાવા,
મોતી ને વીંધાવું પડે,
પ્રભુને ગળે લટકવા
ફૂલને કેદ થાવું પડે.

(ફૂલ કેદ થાય, દોરીમાં પરોવાઈ જાય, બંદીવાન થાય ત્યારે ભગવાનને ગળે લટકે.)

પ્રભુને ગળે લટકવા,
બીજો જનમ સોનાને લેવો પડે.

(સોનું આખું સ્વરૂપ બદલાઈ જાય, સોનાની લગડી હોય એને ગાળી નાખે, એનું રૂપાંતર કરે એટલે બીજો જન્મ થઈ જાય સોનાનો, બીજા જન્મે સોનું ભગવાનને ગળે જાય.)

"ૐ મા ૐ"

Scanned by CamScanner

યુવાનીની ચેતના ક્રાન્તિ સર્જી શકે

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

આપ સર્વે પધાર્યા પ્રેમ થકી,
નિહાળવા મા-બાળના હેતને.
હેતની હેલી વરસ્યા કરે,
રાજયોગી સંગ સેવા રહે.
સેવામાં સુગંધ ભળે,
સુગંધ તરબોળ કરે સર્વેને.

પ્રથમ નિલોષા મહોત્સવને માણીએ

વાયા વહાણાં સત્તર વર્ષ તણાં,
આજ ઉગે દિન પ્રથમ અઢાર વર્ષ તણો,
રાજયોગી સેવા કરતાં રહે,
માત અમી વર્ષા કરતી રહે.
આલમતણા દુઃખી માનવીઓને,
નિલોષા દીવાદાંડી સમું ભાસતું,
તેના તેજ થકી પાસ આવે,
સહુ આનંદનો એહસાસ માણે.

નિલોષામાં માતાજીને બિરાજમાન કર્યાંને તેમની છત્રછાયા ને દોરવણી મુજબ જે કાર્યયજ્ઞ શરૂ કર્યો તેના સત્તર વર્ષ આજરોજ પૂરાં થયાં ને અઢારમા વર્ષનો મંગલ પ્રારંભ થયો.

અઢાર વર્ષ થાય એટલે જીવનમાં યૌવન પ્રગટે; જેમ કળી ખીલી ફૂલનું સ્વરૂપ ધારણ કરે, નાનો છોડ મોટો થઈ ઘટાદાર વૃક્ષ બને, તેવી જ રીતે યૌવનનો થનગનાટ ઉર્મિઓ ને આકાંક્ષાઓનો ઉદય થાય.

નિલોષા બાળપણ વિતાવી ચૂક્યું છે, યૌવનને ભેટી રહ્યું છે ને

તેનો અશ્વસમો થનગનાટ કહી રહ્યો છે.

" ૐ મા ૐ " પરમશક્તિ મંત્ર

જીવનજળને બદલે મેરા જીવનજળ,
માનવતા વ્રત,
ફૂલ-હાર તોરા બંધ,
પ્રસાદમાં પરિવર્તન,
આ બધો યૌવનનો ઈશારો છે.
આગળ શું કરે છે તે હવે જોવાનું રહ્યું.

આજ નિલોષા પ્રવેશે યૌવનમાં, યુવાનીની ચેતના પરિવર્તન પામે ક્રાન્તિમાં, ક્રાન્તિતણી મશાલ રાજયોગીના હસ્તમાં, માત એક હસ્તથી અર્પે બળતણ મશાલને, બીજા હસ્તથી અર્પે ટેકો રાજયોગીને.

કાર્યકર્તાઓ નિલોષાતણા, મનુજોને આવકારે પ્રેમથી,
ઉષા-નલિન બેલડી, સર્વદા રહે આનંદમાં,
અરજ માતને, સદા રહે જે સાથમાં,
સદા રહે જે સાથમાં, અમી વર્ષા વરસાવ્યા કરજે
આલમ તણા દુ:ખી માનવીઓને, નિલોષા દીવાદાંડી સમું ભાસતું
તેના તેજ થકી પાસ આવે, સહુ આનંદનો અહેસાસ માણે

આ વિશ્વના દુ:ખી માનવીઓને માટે 'નિલોષા' એક દીવાદાંડી સમાન છે.

દીવાદાંડી એટલે દિશા દર્શાવતું એક સાધન, જે એક પ્રકાશ છે, જે દરિયા કિનારે રાખવામાં આવે છે. તે સતત ઝબક ઝબક થયા કરે છે. જેનાથી વહાણને કિનારે જવાની દિશા મળે છે, કિનારો નજીક આવી ગયાની જાણ મળે છે, આ દીવાદાંડી દિવસ કરતાં પણ રાત્રીના અંધકારમાં વહાણ હંકારતાં નાવિકને કિનારે પહોંચવા માટે વિશેષ ઉપકારક નીવડે છે. તે જ રીતે જિંદગીના

Scanned by CamScanner

આધિ વ્યાધિ ઉપાધિમાંથી મુક્ત થવા માટે, તેનું નિરાકરણ શોધવા માટે 'નિલોષા' માંથી માર્ગદર્શન મળે છે - મળશે. અને મળતું રહેશે. આધિ વ્યાધિ ઉપાધિથી ઘેરાયેલા મનુષ્યને ક્યારેક ક્યારેક તો જિંદગીમાં નર્યો અંધકાર જ ભાસે છે, તે કંઈ જ જોઈ શકતો નથી, તેને કંઈ જ સૂઝ નથી પડતી, તે કંઈ જ નક્કી નથી કરી શકતો, તેવા સમયમાં આ 'નિલોષા' વિશ્વના તમામ મનુષ્યો માટે એક દીવાદાંડી સમાન છે, અને રહેશે.

આ દીવાદાંડીના તેજ થકી મનુષ્યની જિંદગીનો અંધકાર ધીમે ધીમે દૂર થશે અને જીવનમાં એક નવી જ આશા, એક નવી જ શ્રધ્ધા એક નવી જ શક્તિનો ઉદય થશે; જેના થકી મનુષ્યને આનંદનો માત્ર અનુભવ પણ જ નહિ, તેને સતત આનંદ માણવા જ મળશે.

આજ નિલોષા પ્રવેશે યૌવનમાં
યુવાનીની ચેતના
પરિવર્તન પામે ક્રાન્તિમાં

યુવાનીની ચેતના હમેશાં કંઈક નવું કરવા થનગનતી હોય છે. કંઈક પરિવર્તન કરવા તે ઉત્સુક હોય છે. તેને ક્રાન્તિ સર્જવાના અરમાનો જાગે છે. પણ આ પરિવર્તન અને ક્રાન્તિ ખંડનાત્મક નહિ, સર્જનાત્મક, કંઈક નવું જ નિર્માણ કરવાનું દર્શન અને એ દર્શનને સમાજના-વિશ્વના કલ્યાણ માટે વહેતું કરવાનો અંતરનો ઉમળકો અને એ દર્શન પણ દેશકાળને અનુરૂપ વ્યવહારુતાનું અભિજ્ઞાન મેળવવાનું અને તે સમષ્ટિના હિતમાં રજૂ કરવાનું.

આ વાત કહેવામાં, રજૂ કરવામાં, સમજવામાં જેટલી સરળ છે તેટલી આચરણમાં મૂકવી સરળ નથી. તે ખૂબ દુષ્કર છે. કારણકે પરિવર્તન લાવવા માટે, **ક્રાન્તિ સર્જવા માટે સ્વંય બદલાવું પડે, સત્યનો સ્વીકાર કરવો પડે, સત્યને પામવું પડે અને સત્યની પ્રસ્થાપના માટે ડગ ઉપાડવા પડે, પછી ભલે ગમે**

Scanned by CamScanner

તે થાય એને માટે વજ્ર જેવું જિગર જોઈએ, ખમીર જોઈએ, ફનાગીરી જોઈએ અને સત્યમાં શ્રધ્ધા જોઈએ, પરિવર્તન અને ક્રાન્તિની ઉપકારકતા કે વ્યવહારુતા પણ સમજાવી જોઈએ.

અને એટલે જ માતાજીએ - પરમતત્ત્વે મને આ કાર્ય સોંપીને ક્રાન્તિની મશાલ પ્રગટાવી છે. એ મશાલ પ્રગટાવીને મારા હાથમાં મૂકી છે. એક બાજુથી તેઓ મારી પડખે રહીને મને સતત માર્ગદર્શન આપી રહ્યાં છે. અને બીજી બાજુ મારા હાથમાં મૂકેલી મશાલની જ્યોતને સતત પ્રજ્વલિત રાખવા તે તેના અલૌકિક પ્રેમ, દિવ્ય શક્તિ અને શ્રધ્ધાનું બળ આપી રહ્યાં છે.

'નિલોષા' બાળપણ વીતાવી ચૂક્યું છે. યૌવનને ભેટી રહ્યું છે ને તેનો અશ્વ સમો થનગનાટ કહી રહ્યો છે:

ૐ મા ૐ - પરમ શક્તિ મંત્ર,

'જીવનજળ' ને બદલે 'મેરા જીવનજળ', (મે-મેથી, રા-રાઈ)

માનવતા વ્રત,

ફૂલ હાર તોરા બંધ,

પ્રસાદમાં પરિવર્તન.

આ બધો યૌવનનો ઈશારો છે.

યૌવન એ થનગનતી માનવીય ચેતના તો છે જ, પણ એમાં પરમાત્મા પ્રત્યેનો અલૌકિક પ્રેમ, દિવ્ય શક્તિ અને શ્રધ્ધાનું બળ ભળે ત્યારે તે પરિવર્તન લાવી શકે, ક્રાન્તિ સર્જી શકે. તેનો સ્વીકાર સહજ બને- બની શકે.

અરે, માત્ર યુવાનીમાં જ શા માટે, હું તો એમ કહીશ કે, જિંદગીના છ, સાત, આઠ દાયકા વીતાવ્યા પછી પણ પરમાત્માના અલૌકિક પ્રેમ, દિવ્ય શક્તિ અને શ્રધ્ધાના બળનું જીવનમાં સિંચન થતું રહે તો પોતાના જ જીવન, ઘર, કુટુંબ, સમાજ અને સમસ્ત વિશ્વમાં પરિવર્તનની - ક્રાન્તિની આવશ્યક્તા, અનિવાર્યતા સમજી શકાશે. એનો સ્વીકાર કરી શકાશે.

Scanned by CamScanner

એટલે પ્રથમ પરિવર્તનની - ક્રાન્તિની આવશ્યક્તા અને અનિવાર્યતા સમજવી જરૂરી છે.

યૌવનનો થનગનાટ અશ્વ સમો હોય છે. યૌવનને અથવા જિંદગીની ગમે તે પળે માનવીય ચેતનાને અલૌકિક પ્રેમ અને દિવ્ય શક્તિનો સ્પર્શ મળે તો જિંદગીની - ચેતનાની ગતિ અશ્વ સમી બની જાય છે. અશ્વ એ થનગનતી ચેતનાનું પ્રતીક છે. વેગનું પ્રતીક છે તેમ જ ગતિનું પ્રતીક છે.

માતાજીની દિવ્ય પ્રેરણા અને શકિતથી જે પરિવર્તન આવ્યું છે તે પરમ શક્તિ મંત્ર - ॐ મા ॐ, મેરા જીવનજળ અને માનવતા વ્રત છે. એટલું જ નહિ, માતાજીએ ફૂલ હાર સ્વીકારવાનું બંધ કરાવ્યું છે તેમ જ પ્રસાદમાં મેવા-મિઠાઈને બદલે શેકેલા સાદા મોળા ચણા અને ઘરમાં બનાવેલી ગોળ-પાપડી (સુખડી) અને તલસાંકળી ધરાવવનો આદેશ આપ્યો છે. જે આજના સમયમાં શરીર સ્વાસ્થ્ય માટે વિશેષ ઉપકારક છે. વળી એ માટે વધુ ખર્ચ પણ થતો નથી. જેથી સામાન્યમાં સામાન્ય માનવી પણ તે ધરાવી શકે છે. અહીં સમાનતાની ભાવના પણ ઉદ્‌ભવી શકે છે. રાય કે રંક પરમતત્ત્વને માટે તો દરેક સરખા છે. વિશ્વમાં પરસ્પર સમાનતાની ભાવના કેળવવા, ઉચ્ચ-નીચના, ગરીબ-તવંગરના ભેદભાવ નિવારવા દરેક પાસેથી પરમતત્ત્વ - માતાજી એક સરખો જ પ્રસાદ આરોગવા માંગે છે અને માતાજીને ધરાવેલો એ પ્રસાદ જ્યારે તમે આરોગશો ત્યારે તમે સૌ પણ તમારી ચેતનામાં એક નવી જ શક્તિનો સંચાર અનુભવી શકશો.

માતાજીની આ કેટલી મોટી કૃપા છે ?

વળી જુદી જુદી અનેક શારીરિક તકલીફોમાં માતાજીએ ચણા ખાવાનું સૂચન તો પ્રથમથી જ કર્યું છે તે તો આપણે સૌ જાણીએ જ છીએ.

હવે માતાજીએ ફૂલ હાર કેમ બંધ કરાવ્યા તેનો મર્મ જાણો

Scanned by CamScanner

છો? એનું રહસ્ય તમારે જાણવું છે?

એની પાછળનો મર્મ એવો છે કે, પ્રશંસા, યશ, માન, સન્માનની ખેવના ન રાખો. તમે કાર્ય કર્યે જાવ. અપમાન-અપયશથી વ્યથિત ન થાવ. તમે તમારી નજર તમારા ધ્યેય તરફ, કાર્ય તરફ જ રાખો. દુન્યવી સ્વાર્થ ને સંકુચિતતાની તો કોઈ પરિસીમા જ નથી હોતી. વળી કોઈના પણ માન-સન્માન માટે ફૂલ હાર કંઈ અનિવાર્ય નથી. માન સન્માન તો અંતરનો એક ભાવ છે. લાગણી છે અને તે દ્વારા જ વ્યક્ત કરી શકાય છે. કોઈપણ વ્યક્તિ કોઈ પણ સેવા કાર્ય કે સત્કાર્ય કરતી હોય એને તમે તેને સાથ સહકાર આપો, તેની પડખે ઊભા રહો તો તે વ્યક્તિ પ્રત્યેનું તમારું ઘણું મોટું માન - સન્માન બની રહેશે. વળી, એથી અહંકાર અને ઈર્ષા પણ નાશ પામશે અને આત્મીયતાની - વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકશો.

કોઈપણ વ્યક્તિ માટે માન-સન્માન આદર દર્શાવવા એટલે તેનો પ્રેમપૂર્વક આત્મીયતાથી સ્વીકાર કરવો. અને એટલે જ મેં કહ્યું છે કે, તમે સૌ પ્રેમનાં પુષ્પો લઈને આવો. તમે તમારો દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ લઈને આવો, ભક્તિ રસમાં તરબોળ થઈને આવો. હું પણ તમને દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ ચેતનામાં તરબોળ કરી દઈશ. ડુબાડી દઈશ.

માનવતા વ્રતનું જેટલું બને તેટલું આચરણ કરવા પ્રયત્ન કરજો અને પછી તમને શું અનુભવ થાય છે, તમને કેવો આનંદ આવે છે, તમારી ચેતનામાં કેવો થનગનાટ પ્રગટે છે તે મને કહેજો.

પરિવર્તન અને ક્રાન્તિની વાત કરું છું ત્યારે તમારે સૌ એ પણ એ તરફ નજર રાખવાની છે. તમારા અંગત જીવનમાં, તમારી અંગત આધ્યાત્મિકતામાં, ઉપાસનામાં તમને જે ફેરફાર જણાય, તમને જે સાચું જણાય તેનો સ્વીકાર કરી તેને અનુસરશો તો તમારા અંગત જીવનમાં, કુટુંબજીવનમાં તો

Scanned by CamScanner

અવશ્ય સુખ શાંતિ અને આનંદનો અનુભવ કરી જ શકશો.

સમાજની - વિશ્વની એક એક વ્યક્તિ જો પરિવર્તનની દિશા તરફ નજર રાખશે તો અવશ્ય ક્રાંતિ સર્જી શકાશે, નવનિર્માણ કરી શકાશે.

યૌવન એટલે જ નવસર્જન, નવનિર્માણ.

માતાજીની દિવ્ય પ્રેરણા શક્તિથી જે પરિવર્તન આવી રહ્યું છે, તેમાં "જનહિતાય" "જનસુખાય" ની ભાવના ભરેલી છે.

હવે આજના ઉત્સવની વાત કરીએ ને એ ઉત્સવને માણીએ.

સર્વે મનુજો રાહમાં સાતમીની, મનુજો પ્રેમથી આવકારે સાતમીને,

સાત અડીખમ હિમાલય સરીખો, જેથી પ્રવેશ અર્પ્યો માતે,

રાજયોગીને જગતમાં સાતમીએ.

સૂર્ય ચંદ્ર સંતાકૂકડી રમે, ચક્ર વર્ષોતણાં ફરતા રહે.

ચક્ર ચોસઠનો અસ્ત, ચક્ર પાંસઠનો ઉદય.

ચક્ર ચોસઠ ફેરવીયાં, આજ ઉભો પાંસઠમાં ચક્રસાથ

અરજ માતને,

પાંસઠમાં ચક્રની બની રહેજે ધરી.

સાતમી સપ્ટેમ્બરને આપણે રાજયોગી નરેન્દ્રજીના જન્મદિન તરીકે ઉજવીએ છીએ. મારા મત મુજબ મારૂં અવતરણ માનવ સેવા, માનવતા મહેંકાવવાનું અને માનવતા પ્રસરાવવાનું છે. જેથી આ દિવસને આપણે

" માનવતા દિન " તરીકે ઉજવીએ

ચોથી સપ્ટેમ્બરને આપણે નિલોષાના મહોત્સવ તરીકે ઉજવીએ છીએ. આ દિવસે નિલોષા પર માનવ સેવાયજ્ઞ ચાલુ થયો જેથી આ દિવસને આપણે ' **સેવા દિન** ' તરીકે ઉજવીએ.

Scanned by CamScanner

માનવતા દિનની ઉજવણી

૧. માનવતા વ્રતનું આચરણ કરવાનું.
૨. મન વચન કર્મની પવિત્રતા રાખવાની.
૩. વાણી, વર્તન, વ્યવહારની એકરૂપતા રાખવાની.
૪. નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત્ કરવાના.

ઉપર દર્શાવેલા ચાર નિયમોને જીવન પ્રણાલી બનાવીને જીવન જીવવાનો સંકલ્પ કરવો. આ પ્રમાણે કરવાથી જ માનવતા દિનનું સાતત્ય જાળવી શકાશે.

મેરા જીવનજળ અને દિવ્ય ઔષધિ

માતાજીના આદેશથી મારી પાસે વ્યક્તિગત મુલાકાતે આવનાર વ્યક્તિને તેના આધિ, વ્યાધિ, ઉપાધિના વ્યક્તિગત પ્રશ્નો અંગે મેરા જીવનજળ, અન્ય સૂચનો અને પરમશક્તિ મંત્ર " **ૐ મા ૐ** " ના જપ કરવા માટે જણાવું છું. સાથે સાથે નીચે દર્શાવેલ આચાર સંહિતા અપનાવવી જરૂરી છે.

શુધ્ધ સાદો સાત્વિક ખોરાક લેવો.

ભોજન કરતી વખતે પેટ થોડું ખાલી રાખવાનું.

દરરોજ સવારે એક કપ ગરમ પાણી પીવાનું.

દરરોજ સવારે હળવી કસરત કરવી.

ખાંડ અને મીઠું શક્ય તેટલું ઓછું લેવું.

કોઈપણ જાતના વ્યસનથી દૂર રહેવું.

દા.ત. પાન, બીડી, તમાકુ, સીગારેટ, માદક દવ્યો, માંસ, મચ્છી, મદીરા.

ઉપરોક્ત આચાર સંહિતાને જીવનમાં ચુસ્તપણે અપનાવશો તો સ્વાસ્થ્યમાં ચોક્કસ ફાયદો થશે.

મેરા જીવનજળની શરૂઆત તા. ૨૫-૯-૯૫ થી થઈ. જીવનજળથી ટેવાયેલા ભક્તોને " મેરા જીવનજળ " ની એક ચમચીથી સંતોષ થતો નહતો. વળી " મેરા જીવનજળ "

બનાવવાની પધ્ધતિમાં અટવાઈ જવાય છે. આ સમસ્યાને હળવી કરવા ' મેરા જીવન જળ ' નીચે દર્શાવ્યા પ્રમાણે લેવું.

' મેરા જીવન જળ ' બનાવવાની અને લેવાની પધ્ધતિ.

૧. એક ચપટી અભિમંત્રિત કરેલા મેથીરાઈ એક ચમચી સાદા પાણીમાં એકી સાથે અડધો કલાક પલાળવાં.

૨. પલળેલાં આ મેથી રાઈ પાણી સાથે જ ખાઈ જવાં કે ગળી જવાં.

૩. મેથી રાઈ ખાઈ કે ગળી ન શકતાં હોય તેવાં બાળકો કે વ્યક્તિઓને વાટીને જમવામાં ભેળવીને આપવાં.

૪. મેરા જીવન જળમાં ફક્ત જળનો જ ઉપયોગ કરવો હોય તો પલળેલાં મેથી રાઈને બગીચામાં કે જળાશયમાં પધરાવી દેવાં.

આપણે સૌ સંક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યાં છીએ. આજનો યુગ વિજ્ઞાનયુગ ગણાય છે. વિજ્ઞાને જે જે સિધ્ધિઓ મેળવી છે તેનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. તો સાથે સાથે વિજ્ઞાને જે વિનાશકતા વેરી છે, વેરી રહ્યું છે તેનો પણ અસ્વીકાર થઈ શકે તેમ નથી. તો બીજી બાજુ ધર્મ છે, પરમ તત્ત્વના સ્વીકાર - અસ્વીકારનો ઘણો મોટો વિવાદ અને ઉપહાસ છે. આવા સમયમાં વિજ્ઞાન અને ધર્મ અંગે શાંતિથી વિચાર કરી તેમાં જે અનિષ્ટ તત્ત્વો પ્રવેશ્યાં છે તેને દૂર કરીને માનવજીવનને વ્યવહારુ ઉપકારક અને સમસ્ત વિશ્વને માટે કલ્યાણકારી હોય તેવો ઉપાય શોધવાની જરૂર છે, ઉકેલ મેળવવાની જરૂર છે.

આજે આપણે કોમ્પ્યુટર યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ. પરંતુ ભારતની - ભારતવાસીઓની એક મોટી નબળાઈ કે દયનીયતા છે તે તેના વહેમ અને અંધશ્રધ્ધા. જ્યાં સુધી વ્યક્તિમાંથી, ઘરમાંથી, કુટુંબમાંથી કે રાષ્ટ્રમાંથી વહેમ અને અંધશ્રધ્ધા દૂર નહિ થાય ત્યાં સુધી વ્યક્તિવિકાસ, કુટુંબનું કલ્યાણ કે રાષ્ટ્રીય ઉત્થાન શક્ય નથી.

Scanned by CamScanner

આત્મોત્થાન અને રાષ્ટ્રીય ઉત્થાન માટે આપણે સૌ વહેમ અને અંધશ્રધ્ધામાંથી બહાર આવવાનો સંકલ્પ કરીએ અને એ દિશામાં ડગ ઉપાડીએ.

વહેમ અને અંધશ્રધ્ધા વિશે હું અગાઉ આપને કેટલીક વાતો કરી જ ગયો છું આપણે થોડોક વિગતે વિચાર કરીએ.

વિજ્ઞાને જે અવનવી સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો કેવળ વિશ્વના ઉત્થાનમાં કલ્યાણમાં જ વિનિયોગ થવો ઘટે. અણુબૉંબ બનાવવાના બંધ થવા જોઈએ અને એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર સાથે જે કંઈ મતભેદ કે વાંધો હોય તો સાથે બેસીને ખુલ્લા દિલથી, પોતીકા પૂર્વગ્રહો અભિગ્રહોથી અળગા રહીને રાષ્ટ્રના વિશ્વના કલ્યાણમાં નિર્ણયો લેવાવા જરૂરી છે. આ રીતે જો રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના મતભેદો દૂર થઈ જશે તો પછી અણુબોમ્બની આવશ્યકતા નહિ રહેશે. અણુબોમ્બ વિજ્ઞાનની સિધ્ધિ તરીકે સ્વીકારીએ અને તેમાં રહેલી વિનાશકતાને કારણે તેનો ઉપયોગ ન કરીએ.

આજે લોકોને જ્યોતિષ શાસ્ત્રમાં ખૂબ દિલચશ્પી જાગી છે. જ્યોતિષ એક શાસ્ત્ર છે. વિજ્ઞાન છે અને તેનો યોગ્ય અભ્યાસ રસ હોય તો કરો તો વાંધો નથી પણ જ્યોતિષ અંગે મેં મારો પ્રતિભાવ તો દર્શાવી જ દીધો છે. તેથી હું કહીશ કે કોઈ પણ માનવીને કોઈ પણ અવકાશી ગ્રહ નડતો નથી. ગ્રહો પણ માનવીના કર્મો પ્રમાણે જ આવે છે. વળી ખુદ માણસ જ માણસને નડે છે. માણસ જો માણસને નડવાનું બંધ કરે તો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કુટુંબમાં, સમાજમાં રાષ્ટ્રમાં અને આખા વિશ્વમાંથી મોટા ભાગની અશાંતિઓ અરાજકતા, વિષમતાઓ દૂર થઈ શકે તેમ છે. એટલું જ નહિ, આત્મીયતાનો સેતુ રચાઈ શકે. આત્મીયતાનો સેતુ રચવા માટે એક બીજાને નડવાનું બંધ કરો, એકમેકને સાથ સહકાર આપીને કાર્ય કરો. જે વ્યક્તિ જે કાર્ય કરે છે, તેમાં પરમ તત્વની ચેતના જ કારણ ભૂત હોય છે, તેથી કોઈપણ વ્યક્તિને નડવાનું

Scanned by CamScanner

બંધ નહિ કરો, તો એ પછી તમને બંધનકર્તા બની જશે. એ કર્મ તમારે ભોગવવું પડે માટે સાથ સહકાર ને સદ્ભાવના કેળવીને આત્મીયતા કેળવીને જીવન જીવવાનો અભિગમ કેળવશો તો તમને કશી જ અડચણો આવશે નહિ.

વ્યક્તિને કોઈ પણ પ્રકારના દોષો નડતા નથી જ્યાં જાવ ત્યાં, જે કાર્ય કરો તે વખતે તમારા ઈષ્ટદેવને પ્રાર્થના કરજો કે હે પરમાત્મા, તારા આશીર્વાદ તારી શક્તિ, કૃપા અમારા પર વરસાવ, તારી અમી દ્રષ્ટિ રાખજે અને કોઈ અશુભતા હોય તે દુર કરીને શુભત્વનું નિર્માણ કરીને અમારું કલ્યાણ કરજે.

તમે પુરુષાર્થ કર્યે જાવ. ઈષ્ટદેવને પરમ તત્વને સાથે રાખો, તમે સાચા હશો તો સફળતા મળશે જ મળશે. પરમાત્મા દસે દિશાએથી મારું રક્ષણ કરી રહ્યા છે, એ બધું જ જોઈ રહ્યો છે અને સમય આવ્યે જરૂર પડ્યે તેની શક્તિ કાર્યશીલ બનવાની જ છે અને બનશે જ એવી શ્રધ્ધા એવો દૃઢ સમર્પણ ભાવ એજ પરમતત્વ પ્રત્યેની અધીનતા હશે તો પરમાત્માની સહાય અવશ્ય મળશે જ મળશે.

લગ્ન પછી છેડાછેડી છોડવાનો રીવાજ છે. એ માટે પોતાના રહેઠાણ થી અમુક ચોક્કસ જગ્યાએ કે વતનમાં જઈને ત્યાં વિધિ કરવાની હોય છે. પુત્રની બાબરી ઉતારવા પણ અમુક ચોક્કસ જગ્યાએ જવાનો રિવાજ હોય છે. એ માટે ખાસ્સો ખર્ચ થાય છે. આની કંઈ જ જરૂર નથી. તમે જ્યાં રહો છો ત્યાં જ ઘરમાં જ જે તે વિધિ પતાવી દો તો ખોટા ખર્ચામાંથી મુક્ત થઈ શકશો.

અમુક નડતર થાય છે, અમુક દોષ લાગે છે, અમુક પ્રસંગે બલિ ચઢાવવાનો રીવાજ હોય છે આ બધાની કશી જ આવશ્યક્તા નથી હોતી. જીવ માત્ર પર દયા કરવી તે જ ધર્મ છે. કોઈને પણ નડતર રૂપ ન થવું તે પવિત્ર ફરજ છે.આપણાં ઘરમાં કુટુંબમાં લગ્ન, જન્મ કે મરણ પ્રસંગે એવા ઘણા રીતરીવાજો ઘર કરી ગયા

Scanned by CamScanner

છે. જેને આજના સમય ને સંજોગોને અનુરૂપ બની દૂર કરવા જરૂરી છે.જેથી ઘણી વિટંબણાઓ, ખોટા ખર્ચાઓ અને અથડામણોમાંથી મુક્ત થઈ શકશો.

મનની સંકુચિતતાઓને દૂર કરો, સાથ સહકારની ભાવના કેળવો, કશું જ અશક્ય નથી.

પરમતત્વ પ્રત્યેની શ્રધ્ધા, શરણાગતિ, સમર્પણ એક મોટું વિજ્ઞાન છે, ઉપાસના એક મોટું શાસ્ત્ર છે, પુરુષાર્થ, નમ્રતા, હિંમત, ધીરજ અને સહનશીલતા જ જીવનસંગ્રામમાં લડવાનાં શસ્ત્રો છે. માનવતા જેવો બીજો મોટો ધર્મ નથી.

વિજ્ઞાનની સિધ્ધિઓનો કલ્યાણાર્થે વિનિયોગ થાય તો રાષ્ટ્રનું ઉત્થાન હાથવેંતમાં છે. વહેમ અને અંધશ્રધ્ધા એ માનવ મનની કેવળ સંકુચિતતા છે, ગ્રંથિ છે એને દૂર કરીને સતત કાર્ય કર્યે જાવ. તમારા પ્રારબ્ધની કઠિનતા દૂર થશે. અશુભ અસરો હશે તો તેનું નિવારણ થશે. પરમ તત્વને સાથે રાખો, તમારું રક્ષણ થશે જ થશે. તમારું દિલ સાફ હશે અને પરમ તત્વને સાથે રાખી, એને ઓળખીને કાર્ય કર્યે જશો તો તમારું કોઈ કંઈ જ બગાડી શકશે નહિ એની હું તમને ખાતરી આપું છું.

ક્રાન્તિ ચક્ર

રાજયોગીનું ધરા પર હોવું એટલે વેદમાતાની આધ્યાત્મિક આતશબાજીને ક્રાન્તિને પ્રેમનું સામ્રાજ્ય.

આ આતશબાજી તો સ્વયંભૂ છે. આતશબાજી ના પ્રગટીકરણ માટે સાધનની આવશ્યક્તા નથી. આનંદને જ્યારે પણ કોઈએક પળે સર્વમંત્ર-સ્વતંત્રની પરમ પદવી પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે ચારેખૂણે, આઠે પ્રહર અને અંગેઅંગ તેજના, ખુશીના અને સામર્થ્યના એક સામટા ફુવારા ફુટે છે. આનંદને સીમા નથી, આકૃતિ નથી. બસ તેતો અસ્ખલિત વહેતો પ્રવાહ છે. જે કોઈ તેમાં પડે છે, તે પ્રેમના વિશાળ, અનંત

Scanned by CamScanner

મહાસાગરમાં એકાકાર થઈ જાય છે. તેની દિવ્ય ગર્જનાઓ સારાયે વાતાવરણને ભરી દે છે. સિંહને નિર્ભયતાની ગર્જના સ્વાભાવિક છે. વનને પણ તેની ગર્જના ઝીલતાં વાર નથી લાગતી. પ્રેમ એ તો સ્વર્ગનું મૂળ છે. પ્રેમના ભાવને હરકોઈ સંપતિ તુચ્છ અને સ્વાદવિહિન લાગે છે.

ઉપવનની આતશબાજી ફૂલો છે. જીંદગીની આતશબાજી યૌવન છે. યૌવનની આતશબાજીના મૂળમાં શીલ છે, શૌર્ય છે, અને સંસ્કાર છે. ભક્તની આતશબાજીમાં ભજન છે. ધનવાનની આતશબાજીના રંગો તેની છોળો ઉડાડવામાં વિલીન થાય છે. સંન્યાસી, વિરક્તિની છોળો ઉડાડતો, ઉડાડતો સંસારને સ્વપ્નમાં પસાર કરતો, હાસ્યની આતશબાજી કરતો કરતો ચાલ્યો જાય છે. એકલ દોકલ ફટાકડો, આતશબાજી સર્જી નથી શકતો. ફટાકડાની લૂમે લૂમજ દિપાવલીના હાસ્યની હાજરીનું સર્જન કરી શકે છે. દિપાવલી એટલે ચોમેર ખુશાલી, માનવહૈયાનો થનગનાટ, ચોમેર ઉડતા આનંદનાં ફુવારાઓનું એક સાથે મુક્ત હાસ્ય. તેમાંથી ઉઠતી ધુમ્રસેરો સ્વચ્છતા અને નિર્મળતાનું સર્જન કરે, માનવશ્વાસને પ્રાણવાન બનાવે.

આતશબાજીતો સામૂહિક છે, સત્ય અને આનંદ, પ્રેમને ગણિતની સંખ્યામાં સમાવિષ્ટ ના કરી શકાય.

સાગરની લહેરોની ગણત્રી કરતાં સાગરમાં સમાઈ જવાય. અહિં ખોવાઈ જવું સહજ છે, પછીથી કશું જ બચી શકતું નથી. ઈશ્વરનું એક નામ "પ્રેમ" પણ છે. પ્રેમને સ્પર્શવા "કારણ" સમર્થ નથી. તર્કની તેની પાસે અપ્રતિષ્ઠા છે, તેને મર્યાદા છે. બુધ્ધિને અહોભાવનો સ્વીકાર કર્યા વિના તેની મુક્તિ નથી. માનવી આતશનો આનંદ ત્યારેજ માણી શકે, જ્યારે તે તેની સાથે એકાકાર થઈ શકે, "સ્વ" ને ગુમાવી દે ત્યારે તે વિચારોથી વિમુખ થાય ત્યારે.

માતાજીને પણ આતશબાજી ખેલવામાં આનંદ આવે છે. માતાજી પ્રેમની આતશબાજી ખેલે છે. માતાજીની આતશબાજી એટલે સૂરજના

Scanned by CamScanner

ફેલાતા કિરણોની માફક પ્રેમ અને આનંદની મુક્ત લહાણી. આ લહાણીનું માધ્યમ છે રાજયોગી. આ માતૃવાત્સલ્ય આતશબાજી છે. આ આતશબાજી અન્ય કોઈ નહિં ખેલી શકે.

માત અને હું હંમેશા પ્રેમની, સ્નેહની વાત્સલ્યની આતશબાજી પ્રતિપળ ખેલતા જ રહીએ છીએ. આતશબાજીને અન્ય અનોખું એવું એક લક્ષણ પણ વરેલું છે. અને તે છે "ક્રાન્તિસર્જન" આતશનો ખેલ ખેલાઈ રહ્યા બાદ કંઈ જ બચી શકતું નથી. ક્રાન્તિ પહેલાં તો વિસર્જન કરે અને પછીથી સર્જન કરે છે. જૂના જર્જરિત તથા કથિત મૂલ્યોને તે અલવિદા આપે છે. અને નવા મૂલ્યોનું સ્વાગત કરે છે, નવા મૂલ્યોનો સ્વીકાર કરે છે. અહિંયા નિષેધાત્મક અને વિધેયાત્મક બંને પ્રક્રિયાઓ એક સાથે કામે લાગી જાય છે. આ બન્ને વચ્ચેના સમયનું માપ કાઢવું મુશ્કેલ છે. ક્રાન્તિ એટલે સમૂળી ક્રાન્તિ, પછી તે રાજકીય હોય, ઔદ્યોગિક હોય, આર્થિક હોય, સામાજીક હોય, કે આધ્યાત્મિક હોય, તેમાં કોઈ ફરક પડતો નથી. માતાજીએ આધ્યાત્મિક ક્રાન્તિનો ઝંડો ઈન્કિલાબ મને સોંપ્યો છે, એટલે આ ધરા પર માનવ આકારે જ્યારથી આવ્યો ત્યારથી એક યા અન્ય રીતે નાની મોટી સમસ્યાઓમાં માનવીને આધ્યાત્મિક ક્રાન્તિનો સંદેશ આપતો જ રહ્યો છું. આપતો રહું છું અને આપતો રહીશ.

હું તો સતત ક્રાન્તિની પ્રક્રિયામાંજ જીવું છું. ધર્મ, ઈશ્વર, ભક્તિ, શ્રધ્ધા, શરણાગતિને મારા તટસ્થ ભાવથી, અંતઃકરણની લાગણીથી જોયા કરૂં છું. સત્યની પ્રતીતિ કરવા પુરાણાં સાધનો જ્યારે પણ બુઠ્ઠાં અને નાકામિયાબ અનુભવાય ત્યારે વિના સંકોચે જુના વસ્ત્રોની માફક તેને આઘાં મૂકી દેવા મન સાથે આનાકાની કરતો નથી. ક્રાન્તિની પ્રક્રિયામાં સતત વહેતા પ્રવાહમાં દૂર દૂર સુધી તરતા તરતા જવું એ મારો આનંદ છે. આમ બાળના પ્રેમની આતશને ઉડાડતા ઉડાડતાં એક ડગલું આગળ ભરતા રહેવું, ચાલ્યા જવું એ મારા જીવનની સ્વાભાવિકતા બની ચૂકી છે.

Scanned by CamScanner

સાધ્યની પ્રાપ્તિ માટે જો સાધન બદલવાં પડેતો તેમાં સંકોચ શાને? ઈશ્વરને તો સાધન સાથે નિસ્બત નથી. ઈશ્વરતો અંતરને - હૃદયના માહ્લાને, ભાવનાને ઓળખે છે.

મારા મત અનુસાર તો

" તમારા અંતરના કૂવામાં પ્રેમજળ કેટલું વહી રહ્યું છે તેનું જ માપ ઈશ્વર સતત લીધા કરે છે." દુ:ખ, દર્દ, યાતનાઓ, નિષ્ફળતા અને સંસારની આપત્તિઓને મીટાવવા દોરા, ધાગા, તાવીજ, માદળિયા, બાધા આખડી, વહેમ, શુકન, અપશુકન વિગેરે સઘળું મારામતે માનવીની આજુબાજુના પડળો છે. પરમાત્માને પામવા માટેના અંતરાયો છે. મનુષ્યને આ સઘળાં પરિબળોમાંથી પ્રથમ તો બહાર કાઢી લેવા માટેના મારા સતત નમ્ર પ્રયાસો છે. આવા પ્રયાસો કર્યા સિવાય મનુષ્યને સાચી દીશા પ્રાપ્ત થાય નહિં.

આકાશી ગ્રહો માનવીને નડતા નથી, પરંતુ વાસ્તવમાંતો માનવીજ માનવીને નડે છે. મનુષ્ય અંધશ્રધ્ધામાંથી બહાર આવે અને સાચી શ્રધ્ધા કેળવે તે માટે હું હંમેશા પ્રયત્નશીલ રહું છું. મનુષ્ય સુખી, સાત્ત્વિક અને સમૃધ્ધર જીવન જીવે તે હેતુથી મારા જીવનના નિચોડ રૂપ નવ સિધ્ધાંતો પ્રદાન કર્યા છે. જે આ પ્રમાણે છે,

નવ સિધ્ધાંતો

(૧) ઈષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.
(૨) નિ:સહાયને સહાય કરવી.
(૩) દુ:ખીઓનાં દિલના આંસુ લૂછવાં.
(૪) કોઈની ઈર્ષ્યા કરવી નહિ.
(૫) કોઈની સાથે વિશ્વાસ ઘાત કરવો નહિ.
(૬) પરનિન્દાથી દૂર રહેવું.
(૭) પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
(૮) નિ:સ્વાર્થ સેવા કરવી.
(૯) અહમનો ત્યાગ કરવો.

Scanned by CamScanner

પરમનું સાનિધ્ય કેળવવા ભક્તિમાં તરબોળ થવા, સાત્ત્વિક જીવન જીવવા માટે બાહ્યોપચાર કે બાહ્યદેખાવ કરવાની કંઈજ જરૂર નથી. ભક્તિ એ તો તમારૂ ભાવજગત છે. ભક્ત અને ભગવાન વચ્ચે સીધો સેતુ જ આવશ્યક છે. સાધન અને સાધ્ય વચ્ચેનો ભેદ પારખી લેવો ખૂબ જ જરૂરી છે. રેશમી પિતાંબર પહેરવાથી કે રૂદ્રાક્ષની માળા ધારણ કરવા માત્રથી તમારી ભક્તિની તસ્વીર બહાર આવતી નથી. ભક્તિતો આધુનિક પરિવેશ પહેરીને પણ થઈ શકે. તમે કેવા ભાવથી ભગવાન પાસે, જાવ છો! તમારા હૃદયની કેટલી ભક્તિ સમાયેલી છે! તે મહત્વનું છે. પરમાત્માનું સાનિધ્ય કેળવવાનો, તેની પાસે જવાનો સહુકોઈને અધિકાર છે. પ્રત્યેક જીવ પરમાત્માનું સંતાન છે. તેની કૃપા મેળવવાનો સહુને સરખો અધિકાર છે. જરૂર છે ફક્ત તેવો અધિકાર ભોગવવાની પાત્રતા કેળવવાની. જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય કે લીંગભેદ વગર કોઈપણ વ્યક્તિ ગાયત્રી મહામંત્રની ઉપાસના કરી શકે છે, મા-બાળનો સબંધ કેળવી શકે છે. પુરાણી શૃંખલાઓમાં જડાઈ રહીને, પીડાયા કરવું હિતાવહ નથી. હું તો પુરાણી શૃંખલાઓને, પુરાણી બેડીઓને તોડવા માંગુ છું. ભક્તિ ગુલામી નથી. ભક્તિતો મર્દાગીની છે. હું તો એવી ક્રાન્તિની કમર કસવા માંગુ છું કે અગોચરમાં, અગોચર રૂપે વસતા ઈશ્વર, અંતરનો સાદ પડતાં આપણી પાસે, આવીને ઉભા રહે. આવો મારો આશાવાદ છે.

પ્રાચીન વેદોક્ત ગાયત્રીમંત્રનું રટણ કરવું પ્રત્યેક વ્યક્તિને માટે સરળ બનતું નથી. માતાજીનું સ્મરણ સાદી, સરળ અને સહજ રીતે લોકજીભે ચઢી જાય તેવા કોઈ મંત્રની માતાજી તરફથી કૃપા થઈ જાય તેવું મારા ચિત્તમાં હતું ને પરમશક્તિ મા ગાયત્રીએ "ૐ મા ૐ" ના નવા મંત્રપર મહોર મારી, જે મંત્ર મેં ભક્ત સમૂહ સમક્ષ તરત જ વહેતો કર્યો અને સૌએ આ પરમશક્તિ મંત્રને પ્રેમથી વધાવી લીધો. આ ક્રાન્તિ કદમ બદલ " મા " ને મારા લાખો વંદન. માતાજી ના પ્રેમની આ પણ એક આતશબાજી છે.

Scanned by CamScanner

આધ્યાત્મિક આકાશમાં ક્રાન્તિ તો સર્જાતી જ રહે છે. પરમતત્ત્વ ક્રાન્તિકારી સિતારાઓને આ જગતમાં ચમકાવ્યા જ કરે છે, યુગે યુગે આવા ક્રાન્તિકારી સિતારાઓ આ જગતમાં અવતરી આવે છે અને જગતને સાત્વિક રાહ પર દોરવા પ્રયત્ન કરે છે.

સંસારીને આધ્યાત્મિક યુધ્ધવીર - શૂરવીર તરીકે તૈયાર કરીને પરમની શરણાગતિમાં લઈ જવાય તેના કૃપાપાત્ર થવા સુપ્રત કરી દેવાય તેવી પ્રક્રિયાને હું ક્રાન્તિ તરીકે ગણાવું છું.

શાસ્ત્રોની ઉપેક્ષા કે અવગણના કરીએ. તેના મૂળભૂત સિધ્ધાંતોને અવગણીને, બાજુએ રાખીને, પરિવર્તનની પ્રક્રિયા સર્જીને ક્રાન્તિના આગ્રહી બનવાનો મારે કોઈ આશય નથી.વેદ ઉપનિષદમાંના મૂલ્યો કે જગતના કોઈપણ ધર્મ, સંપ્રદાયના સિધ્ધાંતોનું અવમૂલ્યન કરવું તેવું લેશમાત્ર મારૂં ધ્યેય નથી. મારા ક્રાન્તિ ચક્રમાં આવી વાતો ક્યાંય સમાવિષ્ટ થતી નથી, પરંતુ કાળનો સ્વભાવ છે તેમ તેમાં જામી ગયેલાં જાળાં, ઉધઈ ખંખેરીને તેનું શુધ્ધિકરણ કરવું અને તેના અસલી ચળકાટને બહાર લાવવો અને અદના, સામાન્ય માનવી માટે ધર્મમાં અસરકારકતા પ્રગટાવી. માનવ કોડિયામાંથી વાટને સંકોરીને ડગમગતી જ્યોતને પુનઃ સ્થિર કરીને તેને પ્રકાશિત કરવી તેટલું જ ફક્ત મારૂં લક્ષ્ય છે.

માનવને ઈશ્વરાભિમુખ કરવો, તેજ તરફ મારાક્રાન્તિચક્રને હું ગતિશીલ કર્યા કરૂં છું. ધર્મ અમુક વાડાઓમાં જ સિમિત રહે તે હું વિચારી શકતો નથી.

ધર્મ, ઈશ્વર, ભક્તિ, કર્મ, કર્મફળ, પરમની પ્રીતનેપામવી ઈત્યાદિ બાબતોમાં સ્ફટિક-સ્પષ્ટતા લાવવા અને ઉપસ્થિત ગૂંચવાડાઓમાંથી મનુષ્યને બહાર લાવવો તથા શ્રધ્ધા-શરણાગતિ દ્વારા ઈશ્વરીય, દિવ્ય સંગીતના સૂરો જગતમાં રેલાય તેવી મારી ક્રાન્તિ - હાકલનો કેન્દ્રવર્તી સૂર છે.

આમ આવી અનેક ઘટનાઓને ઘટવા માટે પરમશક્તિ મા ભગવતી અહર્નિશ મારી સાથે રહીને " પ્રેમની આતશબાજી " ખેલે છે

Scanned by CamScanner

અને ખેલાવે છે. પ્રેમમાં જ પરમેશ્વરીનો વાસ છે: આવી પ્રેમની આતશબાજીને મર્યાદા ના હોય, પ્રમાણ ના હોય, પરમના તેજ અને પ્રેમના અસંખ્ય ફુવારાઓનું એક સામટું આક્રમણ કહું કે "પ્રેમાક્રમણ" તેજ આતશબાજી - માતની આતશબાજી છે.

મારા આખા આયખાનું, અત્યાર સુધીનું સરવૈયું કાઢું તો એટલું કહી શકું કે પરમશક્તિ મા ગાયત્રી મારી સાથે પ્રેમની, તેના દિવ્ય પ્રેમની આતશબાજી ચારે ખૂણે અને ચારે દિશાએ ખેલ્યા કરે છે. હું ક્રાન્તિ મશાલધારી તરીકે "મા" ની પરમજ્યોતના અજવાળે આધ્યાત્મિકતાને ક્રાન્તિની પ્રક્રિયા થકી કંઈક નવા સ્વરૂપે અર્પતો રહું છું. આવો છે માતના પ્રેમની આતશબાજીનો ખેલ.

આવું છે આધ્યાત્મિક ક્રાન્તિનું સ્વરૂપ.

-: ક્રાન્તિ ચક્રના ચમકારા :-

૧. જિંદગીની આતશબાજી યૌવન છે.
૨. યૌવનની આતશબાજીના મૂળમાં શીલ છે, શૌર્ય છે અને સંસ્કાર છે, ભક્તની આતશબાજીમાં ભજન છે.
૩. એકલ દોકલ ફટાકડો આતશબાજી સર્જી શકતો નથી,
૪. આતશબાજી તો સામૂહિક છે. સત્ય અને આનંદ પ્રેમને ગણિતની સંખ્યામાં સમાવિષ્ટ ના કરી શકાય.
૫. માતાજીને પણ આતશબાજી ખેલવામાં આનંદ આવે છે.
૬. માતાજીની આતશબાજી એટલે સૂરજના ફેલાતા કિરણોની માફક પ્રેમ અને આનંદની મુક્ત લહાણી. આ લહાણીનું માધ્યમ છે રાજયોગી. આ માતૃવાત્સલ્ય આતશબાજી છે.
૭. આતશબાજીને અન્ય અને અનોખું એવું એક લક્ષણ પણ વરેલું છે અને તે છે ક્રાન્તિ સર્જન.
૮. ક્રાન્તિ પહેલાં વિસર્જન કરે અને પછીથી સર્જન કરે.
૯. માતાજીએ આધ્યાત્મિક ક્રાન્તિનો ઝંડો-ઇન્કલાબ મને

Scanned by CamScanner

સોંપ્યો છે.

૧૦. હું તો સતત ક્રાન્તિની પ્રક્રિયામાં જ જીવું છું.

૧૧. સાધ્યની પ્રપ્તિ માટે જો સાધન બદલવાં પડે તો તેમાં સંકોચ શાનો ?

૧૨. ઇશ્વરતો અંતરને-હ્રદયના માહ્યંલાને, ભાવનાને ઓળખે છે.

૧૩. મનુષ્ય અંધશ્રધ્ધામાંથી બહાર આવે અને સાચી શ્રધ્ધા કેળવે તે માટે હું હંમેશાં પ્રયત્નશીલ રહું છું.

૧૪. ભક્તિ તો આધુનિક પરિવેશ પહેરીને પણ થઇ શકે છે.

૧૫. પરમાત્માનું સાનિધ્ય કેળવવાનો, તેની પાસે જવાનો સહુ કોઇને અધિકાર છે. જરૂર છે ફક્ત તેવો અધિકાર ભોગવવાની પાત્રતા કેળવવાનો.

૧૬. સંસારીને આધ્યાત્મિક યુધ્ધવીર-શૂરવીર તરીકે તૈયાર કરીને પરમની શરણાગતિમાં લઇ જવાય, તેના કૃપાપાત્ર થવા સુપ્રત કરી દેવાય તેવી પ્રક્રિયાને હું ક્રાન્તિ તરીકે ગણાવું છું.

૧૭. માનવને ઇશ્વરાભિમુખ કરવો, તે જ તરફ મારા ક્રાન્તિચક્રને હું ગતિશીલ કર્યા કરૂં છું. ધર્મ અમુક વાડાઓમાં સીમિત રહે તે હું વિચારી શકતો નથી.

૧૮. માનવ કોડિયામાંથી (શ્રધ્ધાની) વાટને સંકોરીને ડગમગતી જ્યોતને પુનઃસ્થિર કરીને તેને પ્રકાશિત કરવી તેટલું જ ફક્ત મારૂં લક્ષ્ય છે.

"ૐ મા ૐ"

સાત્વિક સૃષ્ટિ નિર્માણ માટે પૂજ્ય રાજયોગીજીનું માર્ગદર્શન.

હરેક નવજાત બાળકના જન્મના પ્રથમ દિવસેજ તુલસીના પત્રની દાંડીથી બાળકની જીભ પર ૐ મા ૐ લખી જમણા કાનમાં નવ સૂત્રોનું શબ્દસહ ઉચ્ચારણ કરવું.

Scanned by CamScanner

શિવ-જીવનું મિલન

ગાયત્રી માતાના વહાલા બાળકો,

વીજ ઝબૂકી, મેઘ ગર્જ્યો, મોર ટહુક્યો,
અષાઢી પૂનમે ભક્ત સમુદાય ઉમટ્યો,
ભક્તગણ પ્રેમ થકી વંદન કરે,
પરમશક્તિ પ્રેમથી આશિષની વર્ષા, કરે.

આજે હું મારા આધ્યાત્મિક જીવનમાં ૧૮ વર્ષ પૂરાં કરી ૧૯ માં વર્ષમાં પ્રવેશ કરું છું. આધ્યાત્મિક ક્ષેત્રે હવે હું યૌવનમાં શારીરિક દ્રષ્ટિએ નહિ પણ બ્રહ્મરૂપી રસનું પાન કરવા માટે અને એનો આસ્વાદ માણવા માટે.

"અહાહા! જેણે ચાખ્યો અતિ અજબ એ બ્રહ્મ રસને,
સંસારો તણી માયા, શૂન્ય સમી ભાસે,
નથી વહાલાં માનવો, જગત મહીં સાર જરીએ,
સત્કૃત્યોનાં કર્મોથી પરમતત્વને પ્રાપ્ત કરીએ."
" કંઈ આધિ વ્યાધિ થકી સતત કાયા ક્ષીણ થતી,
ધજા ધોળી ઘડપણની માથે ફરકતી,
શ્રીમંતોના હૈયે નિશદિન વસે ચોર ભય છે.
નાશવંત સંસારમાં ભયરહિત પરમતત્ત્વ છે."

આજે અત્રે હું કંઈ કહીશ, બોલીશ તેને કોઈ શાસ્ત્ર સાથે અથવા આપણા કોઈ પણ ધાર્મિક ગ્રંથો સાથે સંબંધ નથી. મેં જે જોયું, જાણ્યું, અનુભવ્યું તેનો નિચોડ રજૂ કરું છું :

" જણાતા'તા લાંબા દિવસો જે દુ:ખભર્યા, જણાતા'તા ટૂંકા દિવસો જે સુખભર્યા. "

ભાષાની દ્રષ્ટિએ અગર વ્યાકરણની દ્રષ્ટિએ મારું દૃષ્ટિબિંદુ જૂદું હશે. આજે આપને અમુક ગૂઢ રહસ્યો જણાવું છું. :

૧. શિવ અને જીવ વિષે, શિવ -જીવના મિલન વિષે અને આપણા શરીરમાં શિવ અને જીવ ક્યાં રહેલાં છે!

Scanned by CamScanner

૨. "ૐ મા ૐ " મંત્રનો ગૂઢાર્થ.

૩. મારા આપેલા નવ સિધ્ધાંતોનો મનુષ્યના શરીરના ભાગો સાથે સંબંધ.

શિવ અને જીવ વિષે.

શિવ અને જીવ મનુષ્યનાં શરીરમાં જ સમાયેલાં છે. તેને ઓળખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે,

"પરમત્ત્વે યંત્રો અર્પ્યાં, મનુષ્ય શરીરને,
એ યંત્રોમાં જીવ-શિવ નું નિરૂપણ કર્યું,
પ્રવાસ શિવ-જીવનો ભવસાગર મહીં,
સાગરના મંથન થકી મળિયા નવ સૂત્રો"

મનુષ્યના શરીરને પરમતત્વે સુંદર બનાવ્યું છે. તેની રચના અજોડ છે. શરીરની અંદર જે હૃદય છે. તે શિવ છે. અને જે મગજ છે તે જીવ છે. જ્યોતિસ્વરૂપ શિવનું લિંગ ઊંધી રીતે રહેલું છે. અને તે રીતે શિવ આપણા મગજ-જીવ તરફ દ્રષ્ટિ રાખે છે. હવે આપણે જોઈએ કે આપણું મગજ આપણા શરીરની બધી જ ક્રિયાઓનું નિયંત્રણ કરે છે. અને શિવ આ જીવની દરેક ક્રિયાઓ પ્રત્યે સતત નજર રાખે છે.

શિવ અને જીવના મિલન વિષે.

શિવ અને જીવના મિલન અને વિયોગ વિષે હું આપને દ્રષ્ટાંતથી જણાવું.

એક શેઠ હતા. બાળપણમાં ગરીબીમાં ઉછર્યાં હતાં. પૂર્વજન્મનાં સંચિત્ કર્મોથી લક્ષ્મી પ્રાપ્ત કરી શક્યા. તેમની પાસે કહેવાતાં ભૌતિક સુખનાં સાધનો ઉપલબ્ધ હતાં. અને સંસાર પણ સુખી હતો. શેઠ ચોવીસ કલાક મોહમાયાથી વિંટળાયેલા હતાં, અને ઈશ્વર સ્મરણ વચ્ચે હિમાલય જેટલું અંતર હતું.

"મનુષ્યો જે વ્રત, તપ અને દાન કરતાં,
બીજા જન્મે તેઓ વિષ્ણુ પત્નિને પ્રાપ્ત કરતાં;
પ્રભુને વિસારી સુખભોગો કરી કરી,
પડે ચકાવામાં જન્મ-મરણે ફરી ફરી,"

એક દિવસ શેઠ ઓસરીમાં બેસીને હિસાબના ચોપડા લખતાં

Scanned by CamScanner

હતાં. તેવામાં એક ભિક્ષુકે આવીને ભિક્ષાની માગણી કરી. શેઠે તિરસ્કારથી તેને ચાલ્યા જવા કહ્યું. ભિક્ષુક ચાલ્યો ગયો. શેઠે એક કોડીનું પણ દાન ન કર્યું.

દાન કરવા માટે પણ પૂર્વ જન્મનાં કર્મ જરૂરી છે. દાન તન મન અને ધનથી થઈ શકે છે. તનનું દાન માણસ પોતાની જાતે કરી શકે છે. દા.ત. કોઈપણ મનુષ્યને કોઈપણ જાતની મદદ કરવી, જેવી કે આંધળાને રસ્તો ઓળંગાવવો, તરસ્યાને પાણી પાવું, પીડિતોની સેવા કરવી.

મનનું દાન માનસિક રીતે વ્યથિત વ્યક્તિને લાગણી અને સહાનુભૂતિ આપે અને દરેક રીતે સાથ, સહકાર, પ્રેમ, હૂંફ આપે.

ધનનું દાન વ્યક્તિની કીર્તિ, તકતી કે નામ સાથે જોડાયેલું હોયતો તે સાચું દાન નથી. સાચું દાન ત્યારેજ કહેવાય કે તમે જાતે જઈને જ પીડિતને પોતાના હસ્તે મદદ કરો અને તે પણ નિઃસ્વાર્થ સેવા ભાવનાથી. અહમ્‌રહિત સેવા ભાવનાથી કરેલું દાન જ સાચું દાન કહી શકાય.

ભિક્ષુકના ચાલ્યા ગયા પછી થોડી જ વારમાં શેઠાણી શેઠ માટે ચા-નાસ્તો લાવીને બેઠાં. શેઠ ચોપડો લખવાનું બંધ કરીને ચા-નાસ્તો કરવા બેઠાં. ઓચિંતુ એક કૂતરું આવ્યું; કૂતરાએ નાસ્તા પર તરાપ મારી પરંતુ નાસ્તાના બદલે શેઠનો માનીતો અને લાડીલો ચોપડો મોઢામાં આવી ગયો. અને ચોપડો લઈને દોડવા માડ્યું. આ જોઈને શેઠ સફાળા તરત જ કૂતરા પાછળ દોડવા લાગ્યા. આગળ કૂતરો અને પાછળ શેઠને ભરબજારમાં દોડતા જોઈને લોકો આશ્ચર્યથી જોવા લાગ્યા. કૂતરો દોડતો દોડતો ગામ છોડી સીમમાં આવ્યો. અને ખેતરોનો અટપટો માર્ગ લીધો. દોડતાં દોડતાં રસ્તામાં એક અવાવરુ કઠેરા વગરનો કૂવો હતો તેમાં કૂતરો પડ્યો અને પાછળથી શેઠ પણ સમતોલ પણું ગુમાવતાં કૂવામાં પડ્યાં. આતો એવું થયું કે,

"આગળ દોડે શ્વાન પાછળ દોડે શેઠ, સંસારના મૃગજળ મહીં દોડે અનેકાનેક."

કૂવામાં કેડ સમા પાણી હતાં તેથી શેઠ અને કૂતરો ડૂબ્યાં નહિ

Scanned by CamScanner

પરંતુ શેઠનો ચોપડો પલળી ગયો અને આકાશ જેવો સ્વચ્છ થઈ ગયો. શેઠ કૂવામાં કૂતરાને મારવાનો પ્રયાસ કરતાં હતાં પરંતુ ગામલોકોએ કહ્યું, " શેઠ કૂતરાને મારશો નહિ, નહિતર કૂતરું તમને કરડશે." શેઠ કહે, " ભાઈ , મને બહાર કાઢો! ગામના લોકો કહે," શેઠ, અમોને રસ્તો બતાવો કે અમે તમને કેવી રીતે બહાર કાઢીએ!" કારણ કે શેઠના મનમાં એવો અહમ્ હતો કે બુધ્ધિનો ખજાનો તેમની પાસે જ છે. અને બીજા બધાંનો ઉપલો માળ ખાલી છે. શેઠે કહ્યું, " ભાઈ, તમને જેમ યોગ્ય લાગે તેમ મને બહાર કાઢો." અહીં શેઠનો અહમ્ ઓગળતો હોય એમ લાગ્યો.

ગામલોકોએ લાકડાની નાની ચારપાઈ બાંધીને કૂવામાં ઉતારી અને શેઠ અન કૂતરો તેમાં બેસીને બહાર આવ્યાં. આવતાંની સાથે જ કૂતરાંએ શેઠના પગે બચકું ભર્યું અને દોડી ગયું. શેઠે ચોપડો ગુમાવ્યો અને કૂતરું કરડવાનું બેવડું દુ:ખ લઈને વ્યથિત હૃદયે ઘરે આવ્યા.

આનો આધ્યાત્મિક અર્થ એવો થાય કે મનુષ્ય આખીજિંદગી ભોગ, વિલાસ, મોહમાયા પાછળ દોટમૂકે છે અને તેની પાછળ જિંદગી વેડફી નાખે છે. જ્યારે અંતકાળ નજીક આવે છે ત્યારે ખબર પડે છે કે મેં કોઈ સત્કાર્ય કર્યું નથી કે ઈશ્વરસ્મરણ કર્યું નથી પરંતુ તે વખતે બહુ જ મોડું થઈ ગયું હોય છે. શેઠે મોહમાયામાં જિંદગી વિતાવી અને અંતે અંધકારરૂપી કૂવામાં પડ્યાં.

આવા સમયે સાચા સદ્ગુરુનો ભેટો થાય તો જ તમને બચાવી શકે.

શેઠ આ બનાવ પછી છ મહિના સુધી જીવ્યા, પરંતુ આ સમય દરમિયાન પણ ઈશ્વરસ્મરણ કે દાન-ધર્મ કર્યાં નહિ અને આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. જ્યારે આ શરીરમાંથી શિવ તેમને છોડીને જઈ રહ્યો હતો ત્યારે કહેતો ગયો કે,

"સલામ મારા સંસારી જીવને, તુજ પાસથી આજ જાઉં એકલો,
નવ કરશો કોશિષ ત્યાં પ્રવેશવાની, હાથ નથી સરનામું તમ પાસ,
તમ પાસ સંસારી તણું નામું."

Scanned by CamScanner

શિવ, આખી જિંદગી ચેતવતો રહ્યો કે સત્કર્મો કરો, પરંતુ જીવ ષડ્રિપુમાં અટવાઈ ગયો હતો. જેથી શિવની વાત તેને ગળે ઉતરી નહિ, જેથી શિવ એકલો ચાલ્યો ગયો અને શિવ- જીવનું મિલન થઈ ન શક્યું.

શિવ-જીવના મિલન માટે મન, વચન, કર્મથી પવિત્ર બની નવ સિધ્ધાંતોનું પાલન થાય ષડ્રિપૂઓને નાથવામાં આવે તો જ શિવ-જીવનું મિલન થાય.

બીજુ દ્રષ્ટાંત :

એક ખેડૂત હતો. ખાધેપીધે સુખી હતો. મન, વચન અને કર્મથી પવિત્ર રહેતો હતો. ષડ્રિપૂઓને તેણે કાબૂમાં લીધાં હતાં. અને તેના જીવનમાં નવ સિધ્ધાંતોનો અમલ કરતો હતો. મહેનત અને પુરુષાર્થ કરવામાં આનંદ માણતો હતો. આ સંસારમાં મધમાખી કરતાં વધુ ઉદ્યમી કોઈ નથી. એ પોતાના કર્તવ્યમાં ઓતપ્રોત થઈ જાય છે કે જેના થકી આ ધરતી પર અમૃત સમાન મધ, ઉત્પન્ન કરી શકે છે. દીવો પોતે બળશે પરંતુ પોતાના ભોગે બીજાને પ્રકાશ આપશે. અગરબત્તી પોતે સળગી જશે પરંતુ વાતાવરણને સુગંધિત બનાવશે. સુખડ પોતે કપાઈ જશે પરંતુ કુહાડીને સુગંધિત કરી દેશે. ફૂલ પોતે હોમાઈ જશે પરંતુ તે સુવાસ આપી જશે.

જેવી રીતે વાદળમાંથી મુક્ત થયેલા સૂર્ય-ચંદ્ર જગતને પ્રકાશ અર્પે છે તેવી જરીતે આ દુનિયાના મોહમાયામાંથી મુક્ત થયેલ તે ખેડૂત પોતાના જીવનને શોભાવતો હતો અને તેને કારણે તેનામાં શિવ અને જીવનું ઐક્ય મિલન સધાયાં હતાં. જ્યારે તે ખેડૂતનો અંત: સમય નજીક આવે છે ત્યારે શિવ જીવને કહે છે કે,

"જગત તણા સંસારે સાથે રહીયાં, સાથે કર્મો કરીયાં
અનંતની સફરમાં નિશ્ચય સાથ રહીશું."

અહીં શિવ-જીવનું મિલન થાય છે અને તે થકી શિવ, જીવને અનંતની સફરમાં પોતાની સાથે લઈ જવાનું કહે છે. આપણે જાણી લીધું કે શિવ-જીવ આપણામાં રહેલાં છે; અને તેમનો સંયોગ કે વિયોગ કરવો તે આપણા હાથની વાત છે કેમકે,

Scanned by CamScanner

" ચાવી છે ખજાનાની તમ પાસ
સત્કર્મથી ખોલો ખજાનો, મિલન છે શિવ જીવનું,"

કુંડલિની જાગ્રતિનાં ચક્રો

હવે નવ સૂત્રો એટલે કુંડલિની જાગૃતિના નવ ચક્રો. નવ ચક્રોમાં પાદચક્રથી જીવચક્ર સુધીનાં હોય છે. કુંડલિની જાગૃતિ માટે આ નવ ચક્રોને ગતિશીલ બનાવવા પડે અને તેના માટે ઘણોજ પરિશ્રમ કરવો પડે ને સાચા જાણકાર - સદ્ગૂરુ હોય તો જ આ નવ ચક્રોને ભેદી શકાય અથવા તો પરમ તત્વની મીઠી નજરથી કુંડલિની જાગૃતિ શક્ય બને. પરંતુ આ કાર્ય ઘણું જ કઠીન છે. તેના બદલે હું તમને કુંડલિની જાગૃતિ કરવા માટે મારા નવ સિધ્ધાંતો આપુ છું. અને તે સિધ્ધાંતોનું આચરણ કરવાથી, અમલમાં મુકવાથી અવશ્ય કુંડલિની જાગૃતિ થઈ શકશે. મારા માનવા મુજબ શિવ અને જીવનું મિલન એ કુંડલિની જાગૃતિ જ છે.

"ૐ મા ૐ" મંત્રનો ગૂઢાર્થ

માતાજીએ પરમશક્તિ મંત્ર "ૐ મા ૐ" આપ્યો છે તે ખરેખર તેની અનહદ કૃપા છે. આ મંત્રમાં બે શિવ અને બે જીવનું મિલન થયેલું છે તે સ્પષ્ટ જણાઈ આવે છે.

'ૐ' પરમાત્માનું જ્યોતિ સ્વરૂપ છે જેથી તેને આપણે શિવ કહીએ.

'મા' જીવ છે. પરંતુ તે એક છે, પણ 'મા' માં જે કાનો (ા) આવે છે તે કાનો એટલે યશોદાનો કાનો, અને કાનો એટલે બાળક એટલે 'હું' (રાજયોગી નરેન્દ્રજી) માનો બાળ. હવે આ 'મા' શબ્દની અંદર મા+બાળક એમ બે જીવ આવ્યા અને બીજો "ૐ" પરમતત્વ સ્વરૂપ શિવ છે. આમ આ પરમશક્તિ મંત્ર "ૐ મા ૐ" માં બે શિવ અને જીવનું મિલન થયેલું છે. આ મંત્રને આત્મસાત્ કરી તેનું અહર્નિશ રટણ-સ્મરણ કરી જીવનને સાર્થક કરી લેવું જરૂરી છે.

"ૐ મા ૐ" મંત્રનો ભાવાર્થ

" હે પરમશક્તિ દાતા, ૐ કાર સ્વરૂપ મા ભગવતી, મારા મન, વચન, કર્મનું આપ નિયંત્રણ કરો."

Scanned by CamScanner

નવ સિધ્ધાંતો સાથે શરીરના નવ ભાગો

મારા નવ સિદ્ધાંતો બધાં કહે છે કે જીવનમાં ઉતારવા બહુ કઠીન છે, પરંતુ જો તમે જાતે પ્રયત્ન કરશો તો તે બહુ આસાન છે, હું આપણા નવ ભાગોની વાત કરું તો-

૧. હૃદય	**૪. આંખ**	**૭. પગ**
૨. મસ્તક-મગજ	**૫. ગરદન**	**૮. મુખ**
૩. હાથ	**૬. કાન**	**૯. નાક**

પરમત્ત્વે જે આ અંગોની ભેટ મનુષ્યને આપેલી છે તેની અંદર જ આ નવ સૂત્રોને સાંકળી લીધા છે. મારે ફક્ત તે બતાવવાના જ રહેશે.

(૧) ઈષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.	હૃદય
(૨) નિઃસહાયને સહાય કરવી.	મસ્તક-મગજ
(૩) દુઃખીઓનાં દિલના આંસુ લૂછવાં	હાથ
(૪) કોઈની ઈર્ષ્યા કરવી નહિ.	આંખ
(૫) કોઈની સાથે વિશ્વાસ ઘાત કરવો નહિ.	ગરદન
(૬) પરનિન્દાથી દૂર રહેવું.	કાન
(૭) પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.	પગ
(૮) નિઃસ્વાર્થ સેવા કરવી.	મુખ
(૯) અહમનો ત્યાગ કરવો.	નાક

આ નવ સૂત્રોને ઓળખવા માટે તમારા શરીરના નવ ભાગોની અંદર એક એક સૂત્ર વહેંચી નાખો અને તમે 'નાક' યાદ કરો એટલે તરત જ અહમ્‌નો ખ્યાલ આવે, 'આંખ'ને યાદ કરો એટલે 'ઈર્ષ્યા કરવી નહિ' તેનો ખ્યાલ આવે. આવી રીતે આ નવ સૂત્રો તમને યાદ રહેશે અને શરીરના કયા ભાગે તેનું પાલન કરવાનું છે તે યાદ રહેશે અને તેનો અમલ કરી શકાશે.

"નવ સૂત્રો તણો સહારો છે અમ જીવનમાં,
જંગ જીતશું જીવનના નવ સૂત્રો તણા સહારે."

આજે મે જે કાંઈ કહ્યું તેનું ઘરે જઈ મનન કરજો, ચિંતન કરજો અને તેને અમલમાં મૂકવા પ્રયાસ કરજો.

ધગધગતા સૂર્યને જોઈને ડરી જવાનું નથી, ચંદ્રની શીતળતા

આવવાની જ છે. રાત-દિવસ, સુખ-દુઃખ, ચડતી-પડતી, જય-પરાજય, સમુદ્રની ભરતી-ઓટ - જીવનની અંદર આ બધાનો સમન્વય તો છે પરંતુ તેને કેવી રીતે પાર પાડવો તે જવાબદારી આપણી પોતીકી છે.

"નથી જડતો કિનારો મઝધાર પર બેઠો છું,
પુરુષાર્થનાં હલેસાં થકી કિનારો તમ પાસ."

મારો આપ સર્વને આદેશ છે કે-

મન-વચન-કર્મથી પવિત્ર બનો, ષડ્‌રિપુનો સંહાર કરો, મારા નવસૂત્રોને જીવનમાં અપનાવો.

અંતમાં માતાજીને મારી વિનંતી કે...

"રાજયોગી બાળ ભાવે માને પ્રાર્થના કરે,
સર્વ દુઃખ હરો સકળ આ સંસારના;
આનંદની હેલી કરો, પ્રેમની લ્હાણી કરો.
સ્વાસ્થ્યની રક્ષા કરો, લક્ષ્મીની બક્ષિસ કરો."

" ॐ મા ॐ "



તા. ૨૦-૧૧-૧૯૯૫ પૂજા દરમિયાન પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના ચરણકમલમાં કંકુથી 卐 અને ॐ ના પ્રતિક અંકાઈ ગયાં હતાં.

Scanned by CamScanner

મધુર મંત્ર પ્રણવથી નિભૂષિત થઈ મારા હૃદયમાં પ્રગટ્યો

સાંપ્રત સમયમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત લોકોને જ્ઞાતિ, જાતિ કે ધર્મ સંપ્રદાયના ભેદભાવો સિવાય વ્યક્તિગત મુલાકાત દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન અને સારવાર તથા સલાહ-સૂચન આપી, તેમને મૂંઝવતાં પ્રશ્નો-સમસ્યાઓનું નિવારણ કરવાનો કાર્યયજ્ઞ મા વેદજનનીના આદેશ અને સીધા માર્ગદર્શન હેઠળ મેં ૧૯૭૫ની સાલથી શરૂ કર્યો છે.

સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવી, ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવી-સામાન્ય રીતે મારી મુલાકાતે આવનાર જિજ્ઞાસુ મુલાકાતીઓને હું આદેશ આપું છું, પરંતુ

૨૪ અક્ષરનો આ ગાયત્રી મહામંત્ર, આજના કોમ્પ્યુટર-યુગમાં ગતિશીલ જીવન જીવતાં લોકોને - "મોટો પડે છે", "બોલવામાં અટપટો લાગે છે અને માળા કરવામાં વધુ સમય જોઈએ" -વગેરે સમસ્યાઓ પણ આ મહામંત્રની દીર્ઘતાથી ઉદ્ભવે છે, વળી, નિરક્ષર કે ઓછું ભણેલાં ભાઈબહેનો આ મંત્ર વાંચતી-બોલતી વખતે મુશ્કેલી અનુભવે છે. આ પ્રકારની રજૂઆતો મારી સમક્ષ વિનંતી કે, માહિતીના રૂપમાં થતી રહેતી હતી. બીજો કોઈ સરળ અને સાહજિક રીતે જપ કરી શકાય તેવો મંત્ર આપવા અંગેની વિનંતીઓ પણ કેટલાક લોકો કરતા હતા.

લોકોની આ પ્રકારની વાતોમાં તથ્ય પણ હતું - છે. વળી, ધર્મ અને વિજ્ઞાન એક જ સિક્કાની બે બાજુઓ જેવાં હોઈ, પરસ્પરના પર્યાય છે. આધુનિક યુગમાં સ્વાભાવિક એવી વ્યસ્તતા વચ્ચે પણ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય તેવા સરળ માર્ગ, મંત્ર, યંત્ર વગેરેની ખૂબ જ આવશ્યકતા ઊભી થઈ છે. ક્યાં આદિમાનવની ચકમકના પથ્થરોથી અગ્નિ પ્રગટાવવાની મુશ્કેલ પ્રક્રિયા અને ક્યાં સાંપ્રતકાળમાં મનુષ્યની રિમોટ કંટ્રોલ દ્વારા આંગળીના ટેરવાના સ્પર્શ માત્રથી પ્રકાશ

Scanned by CamScanner

પાથરવાની પધ્ધતિ! આમ, વિજ્ઞાનના વિકાસની સાથોસાથજ ઉપાસનાના માર્ગે પણ મૂળભૂત સિધ્ધાંતોના હ્રાસ કર્યા વગર લોકોને જચે, પચે, અને રુચે તેવા વિકાસની કે પરિવર્તનની આવશ્યકતા છે.

મને લોકોની મંત્ર વિશેની વિનંતીઓ અને રજૂઆતો ઉપરથી તેમની આધ્યાત્મિક ભૂખ હોવા છતાં વ્યસ્ત જીવનના કારણે સર્જાતી મુશ્કેલીઓનો ખ્યાલ આવી ગયો હતો. તેમની આ સમસ્યાના નિવારણનો ઉપાય શોધવા હું સતત મનોમંથન કરતો હતો.

પૂજા દરમિયાન ધ્યાનાવસ્થામાં, સ્વપ્નાવસ્થામાં અને અન્ય રીતે પણ હું પરમતત્વ સાથે-માતાજી સાથે પરામર્શ કરતો હતો અને આ બાબતે ઘટતું કરવાની વિનંતીઓ પણ કરતો હતો. છેલ્લા છ મહિનાથી મારી આવી વિનંતીઓ અને પ્રાર્થનાઓ દ્રઢ બનતી હતી.

એક દિવસ પૂજા દરમિયાન મા વેદજનનીની પ્રત્યક્ષ ઉપસ્થિત વેળા મેં સરળ અને સહજ મંત્ર આપવા પ્રાર્થના કરી. માતાજીએ પ્રત્યુત્તરમાં કહ્યું :

"તું પ્રયત્ન કર, મારા આશીર્વાદ છે."

મા ના આશીર્વાદ પ્રાપ્ત થતાં જ મારી વિચારધારાને વેગ મળવા માંડ્યો. ભિન્ન-ભિન્ન જ્ઞાતિ, જાતિ, કોમ અને ધર્મના તથા દેશ-વિદેશનાં લોકોની મંત્ર વિશેની મુશ્કેલીઓ મારી દૃષ્ટિ સમક્ષ હોઈ તેમની સમસ્યાના સમાધાન અર્થે કેટલાક શબ્દ-મંત્રો મેં માતાજી સમક્ષ પ્રસ્તુત કર્યા અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી. જે આ પ્રમાણે હતા:

(૧) ૐ હ્રીં શ્રીં કલીં મેધા : મારા આ પ્રથમ પગથિયે-વિચારે-સ્ફુરેલા શબ્દો માતાજી સમક્ષ પ્રસ્તુત કરતાં સ્વપ્નમાં માતાજીએ કહ્યું: "ના, આ બરાબર નથી".

(૨) ૐ હ્રીં શ્રીં કલીં : પૂજા દરમિયાન માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં મેં આ શબ્દસમુહને તેમની સમક્ષ રજૂ કર્યો.

મેં કહ્યું : "માતાજી, દુનિયાના કોઈપણ મનુષ્યને જ્ઞાતિ-ધર્મ વગેરેના બંધનો સિવાય સર્વ સુલભ અને માન્ય રહે તેવો મંત્ર આપણે આપવો છે." ધ્યાનમાં એક કાગળ પર લખાણ વાંચ્યુ : "યોગ્ય નથી."

(૩) ૐ હ્રીં શ્રીં : આ શબ્દો બીજ મંત્ર જેવા હોઈ એક-એક શબ્દ-

અક્ષરને ઓછો કરી સંમતિ માટે માતાજી સમક્ષ પૂજા દરમિયાન રજૂ કરતાં "ના" એવું કાગળ ઉપર લખેલું વાંચ્યુ.

(૪) ૐ હ્રીં : આ પ્રસ્તાવ પણ ના મંજુર થયો. કાગળ પર "ના" વાંચ્યુ.

(૫) ૐ શ્રીં : પ્રત્યુત્તરમાં કાગળ પર "ના" હતી,

(૬) ૐ ગાયત્રી શરણં મમઃ પૂજા દરમ્યાન મારા આ શબ્દ વિચારને માતાજી સમક્ષ ધર્યો માતાજી કહ્યું : " આ તો લૌકિક નામ કહેવાય. "

મારી વિચારધારા અવિરતપણે આગળ ધપતી હતી. સમગ્ર માનવજાત માટે વૈશ્વિક મંત્ર કેવો હોવો જોઈએ તે વિષે હું સતત મનોમંથન કરતો હતો તેવામાં ....

" ૧૧ મી જુલાઈ "૯૨ને શનિવારે સવારે પૂજા દરમ્યાન એક મધુર શબ્દ પ્રણવથી વિભૂષિત થઈ મારા હૃદયમાં સ્ફુર્યો :

"ૐ મા ૐ"

ધ્યાનવસ્થામાં માતાજીના પ્રત્યક્ષ દર્શન કરતી વેળા લયબદ્ધ રીતે મારા મન - હૃદય ને હોઠો પર ફરી રહેલા એ શબ્દો મેં પ્રસ્તુત કર્યા અને ....

મંદ મંદ હાસ્ય વેરતાં માતાજીએ "બરાબર છે" ની મહોર મારી."!

કાગળ પર લખાયેલા સ્વીકૃતિના એ શબ્દો વાંચતાં મારું રોમ-રોમ પુલકિત થઈ ઊઠયું! મારા હૃદયમાં આનંદનો ઉદધિ ઉછાળા મારવા લાગ્યો...!

"મા" શબ્દ માટે ટૂંકમાં કહું તો તો શક્તિનું પ્રતિક છે. પરમતત્વની શક્તિને આપણે "મા" કહીએ છીએ. ભારતવર્ષમાં જે - જે સ્વરૂપે આ શક્તિની ઉપાસના થાય છે. તે - તે સ્વરૂપના નામની આગળ કે પાછળ "મા" શબ્દ પ્રયોજાય છે. જેમ કે, અંબા મા, મહાકાળી મા, મા દુર્ગા, ભવાની મા, વગેરે વગેરે. એટલે, ફક્ત "મા" શબ્દ જ માત્ર ભારતના જ નહિ સમગ્ર વિશ્વના માનવબંધુઓને સર્વદા ને સર્વથા સ્વીકાર્ય હોય.

સૃષ્ટિની ઉત્પત્તિ વખતે બ્રહ્માના મુખેથી સૌ પ્રથમ જે ઉચ્ચાર થયો તે "ૐ" છે.આ 'અઉમ'બ્રહ્મનાં પરિચયરૂપ પ્રણવ છે. 'અ'

Scanned by CamScanner

'ઉ' અને 'મ્' આ ત્રણેય અક્ષરનાં સાયુજ્યથી ૐકારનું નિરૂપણ થયું છે. "ૐ માં ૐ" આ મંત્ર દ્વારા પરમતત્વ અને પરમતત્વની શક્તિ ઉભયનું સ્મરણ થતાં મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે.

મહા મંત્ર ગાયત્રીના પર્યાય સમો **"ૐ મા ૐ"** મંત્ર માતાજીની પ્રેરણાથી અને અનુમતિથી જ આવેલો હોઈ, તેની શક્તિ પણ ગાયત્રીમંત્ર સમી જ છે. તા. ૧૪મી જુલાઈ ૧૯૯૨ને ગુરુ પૂર્ણિમાના પર્વ નિમિત્તે મેં ભક્ત-સમુદાય સમક્ષ આ મંત્ર પ્રસ્તુત કર્યો ત્યારે તમામ ભક્તોએ આ મંત્રને સહર્ષ વધાવી લીધો અને માતાજીની કૃપાપ્રસાદી સમાન આ મંત્રને માળામાં વણી લેવા સહુ આતુર થઈ ગયા !!!

કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ-જાતિ, ધર્મ, સંપ્રદાય વગેરેના ભેદભાવ સિવાય આ મંત્રના જાપ કરી શકે છે.

મારા આપ સહુને આશીર્વાદ છે.

"ૐ મા ૐ"

ધ્યાન દરમિયાન
મધુર મંત્ર ધ્વનિ
"ૐ મા ૐ"
મારા હૃદયમાં
પ્રગટયો

પરમશક્તિ મંત્રની ઉપાસના

"મારા વહાલાં ભાઈઓ અને બહેનો,

સૂતો હતો અને સ્વપ્ન આવ્યું,
હાકલ પડી છે સેવા તણી,
જાગીને જોયું તો,
સાક્ષાત્ મા ખડી છે."

આ છે મારા જીવનનો ઈતિહાસ.

માતાજીના આદેશથી મેં સેવાકાર્ય આરંભ્યું તે આજદિન સુધી ચાલુ છે.

મેં ગુરુ પૂર્ણિમાના દિવસે વૈશ્વિક મંત્ર "ૐ મા ૐ" આપ્યો હતો તેને આપણે પરમશકિત મંત્ર Divine Spirit Mantra કહીશું.

આ મંત્રની ઉપાસનાકેવી રીતે કરવી ?

દૈનિક ઉપાસના:

સામાન્ય વ્યકિતએ દૈનિક ઉપાસના કરવી હોય તો દરરોજ અડધો કલાક આ મંત્રનો જપ કરવો. વ્યવસ્થિત અને લયબધ્ધ રીત આ મંત્રજાપ કરવામાં આવે તો સામાન્ય રીતે બે મિનિટમાં ૧૦૮ મંત્રજાપ (એક માળા) થાય છે.

આ મંત્રજાપ કોઈપણ સમયે સ્થળે અને પરિસ્થિતિમાં કરી શકાય છે. માળા લેવાની જરૂર નથી. સમય, સ્થળ, દર્ભનું આસન, દીવો અગરબતી, ઉપાસકે પોતાની અનુકૂળતા અને ક્ષમતા પ્રમાણે નક્કી કરવાં.

ઉપાસના માટે સવારે ચારથી સાતનો સમય-બ્રાહ્મમુહૂર્ત ઉત્તમ છે. પરંતુ જો આ સમય અનુકૂળ ન હોય તો ચોવીસ કલાકમાં કોઈ પણ સમયે આ મંત્રજાપ થઈ શકે છે.

વિશિષ્ટ ઉપાસના:

સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવી ને, સમય અને સ્થળ નક્કી કરીને શિસ્તબધ્ધ રીતે વિશિષ્ટ ઉપાસનાનો પ્રારંભ કરી શકાય. નીતિમય જીવન અને સાત્ત્વિક આચરણ - આ

Scanned by CamScanner

વિશિષ્ટ ઉપાસનાની આધારશિલા છે.

(૧) ઋષિ ઉપાસના : દરરોજ એક કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે "ૐ મા ૐ" મંત્ર જાપ કરવા. દરરોજ એક કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક ઋષિપદને પામે છે.

નવરાત્રિમાં અથવા સુદ એકમથી નવ દિવસ સુધી દરરોજ એક કલાક મંત્રજાપ કરવાથી ૨૭,૦૦૦ મંત્રજાપ થાય.

(૨) રાજર્ષિ ઉપાસના: દરરોજ બે કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે "ૐ મા ૐ" મંત્ર જાપ કરવા. દરરોજ બે કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક રાજર્ષિપદને પામે છે.

સુદ એકમથી સત્તાવીસ દિવસ સુધી દરરોજ બે કલાક મંત્રજાપ કરવાથી ૧,૬૨,૦૦૦ મંત્રજાપ થાય.

(૩) દેવર્ષિ ઉપાસના : દરરોજ ત્રણ કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે "ૐ મા ૐ" મંત્ર જાપ કરવા. દરરોજ ત્રણ કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક દેવર્ષિપદને પામે છે.

સુદ એકમથી બસો સીત્તેર દિવસ સુધી દરરોજ ત્રણ કલાક મંત્રજાપ કરવાથી ૨૪,૧૦,૦૦૦ મંત્રજાપ થાય.

(૪) બ્રહ્મર્ષિ ઉપાસના : દરરોજ પાંચ કલાક સુધી નિર્ધારિત સમયે અને સ્થળે "ૐ મા ૐ" મંત્ર જાપ કરવા. દરરોજ પાંચ કલાકની ઉપાસનાનો નિયમ ચાલુ રાખવાથી ઉપાસક બ્રહ્મર્ષિપદને પામે છે.

સુદ એકમથી છસો પંચોતેર દિવસ સુધી દરરોજ પાંચ કલાક મંત્રજાપ કરવાથી ૧,૦૧,૨૫,૦૦૦ મંત્રજાપ થાય.

જ્ઞાતિ, જાતિ, ધર્મ અને સંપ્રદાયના ભેદભાવ સિવાય કોઈપણ વ્યક્તિ આ વૈશ્વિક મંત્રની ઉપાસના કરી શકે છે, સૂતક, માસિક ઋતુધર્મ કે અન્ય અડચણ આ મંત્રની ઉપાસનામાં બાધારુપ નીવડતાં નથી.

માતાજીને અતિ પ્રિય શું છે?

માતાજી-પરમશક્તિ સાથેના મારા આધ્યાત્મિક સહવાસ દ્વારા, માતાજીને અતિ પ્રિય વસ્તુઓ અને મારી સાથેના વહાલપ, કસોટીઓ વગેરેના અનુભવ મને થતો રહે છે. ઉપાસકોને થોડી માહિતી આપવા

Scanned by CamScanner

મેં વિનંતી કરી હતી. ઘણા સમયની વિનંતીઓ પછી હમણાં-જ-આજ, કાલમાં જ માએ સંમતિ આપી. અમુક અતિ પ્રિય વસ્તુઓ કહેવા જણાવ્યું છે, જે નીચે પ્રમાણે છે. :

(૧) મિઠાઈ - બુંદીના લાડું
(૨) ફરસાણ - મેથીના ગોટા. બીજા નંબરે બટાકા-પૌંઆ, સેવ (મધ્યમ પ્રકારની).
(3) જમણ - વધારેલી ખીચડી, માખણ (ઘી નહિ), બટાકાનું રસાવાળું શાક
(૪) કઠોળ - વટાણા
(૫) પીણાં - કેસરવાળું દૂધ
(૬) સૂકો મેવો - બદામ
(૭) ફળ - પપૈયું
(૮) મુખવાસ - એલચી
(૯) ફૂલ - ગુલાબ, મોગરો
(૧૦) અત્તર - ગુલાબનું, મોગરાનું.
(૧૧) રંગ - ગોલ્ડન, પીંક
(૧૨) પશુ - ઘોડો
(૧૩) પક્ષી - મોર
(૧૪) શોખ - ઘોડેસવારી, પાણીમાં તરવાનો
(૧૫) સંગીત - મધુર અને શાંત

મેં માતાજીને હંમેશાં પ્રસન્નવદનમાં જ જોયાં છે. ક્યારેક મારી બાળસહજ ચેષ્ટામાં પણ તેઓએ ગુસ્સો કર્યો નથી. હા, ક્યારેક મીઠો ઠપકો આપે છે, દાખલા તરીકે "બહુ ડાહ્યો ના થા !".

આપની ઉપાસના દરમિયાન પરમતત્વ-માતાજીનો મનભાવન - અતિ પ્રિય વસ્તુઓનો પ્રસાદ ધરાવશો તેમજ આપની અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ ભેળવશો તો મા જરૂર આપનો પ્રસાદ આરોગશે, વસ્તુ અંગીકાર કરશે.

"ૐ મા ૐ"

Scanned by CamScanner

સમય નથી થયો નિજગૃહે પધારવાનો?

આપ સૌ જાણો છો કે સાતમી સપ્ટેમ્બર મારો જન્મદિવસ છે. ૧૯૭૬ થી માતાજી પાંચમી-છઠ્ઠી તારીખે સદેહે આવી મને જન્મ દિવસના આશીર્વાદ આપે છે. અને તેણે ચીંધેલા સેવા કાર્ય અંગે જરૂરી માર્ગદર્શન, માહિતી, સુઝ અને સમજણ આપી જાય છે. આમ તેના આદેશ અનુસાર હું કાર્ય કરું છું.

૧૯૯૩ નો સપ્ટેમ્બર શરૂ થતાંજ માતાજી આવવાનાં છે. આવવાનાં છે એવા વિચારોથી મારું હૈયું ઉત્કંઠિત રહેતું હતું. પાંચમી તારીખ નો દિવસ ઢળી ગયો. હું મારા નિવાસ સ્થાને કુટિરમાં બેઠો હતો. ભક્તોની ભીડ જામી હતી. સૌ ભક્તોને પણ માતાજીના આગમનની અનુભૂતિ જાણવાની આતુરતા હતી. હિંચકે બેઠા બેઠા મને અચાનક પંક્તિઓ સ્ફુરી આવી, જે આ પ્રમાણે છે.

હું પ્રેમથી પૂછુ છું,
ક્યાં રોકાઈ છે તું ?
સમય નથી થયો ?
નિજ ગૃહે પરત ફરવાનો ?
નિજ ગૃહે શું આમંત્રણ ?
આવ ! આ તરસતા નયનની.
ક્ષુધાને શાંત કર.
કર્ણો આતુર તવ આગમન કાજે,
કર્ણોની આતુરતાને તૃપ્ત કર.
કાલે સાંજ સુધી પ્રતીક્ષા,
પ્રતીક્ષાને પરિણામમાં પલટી નાખ.

માતાજીના સાક્ષાત્કારની અનુભૂતિને મેં આ પ્રમાણે શબ્દસ્થ કરી છે.:

આવવું, આવવાનું આવવાનું જ,
ગાઢ નિંદ્રામાં પંજો હાલ્યો
જાગૃત થયો.
સ્નાન-ગૃહમાં કેશકલ્પ
બેઠો પલંગ માંહીં
સ્વયં સ્ટોપર બંધ ઓરડાના દ્વાર તણી
લાઈટ, એરકન્ડીશન ખુદ ગતિમાં.
અણસાર થયો.
માતનો ખુદ ગૃહે પા-પા પગલી ભરવાનો
પ્રકાશ તણા ઝબકારે સ્વયં પ્રકાશ્યાં
બેઠક લીધી સોફામાં
"બાળ" ચરણમાં.
મુજને પકડી ઊભો કર્યો
"મા-બાળ" સાથ
ખૂબ વહાલ, ખૂબ વહાલ.
આજ દિન જોયું ન"તું
બાળ કહે માતને
જાહેરમાં ઉઘાડો ન પાડ.
ખાનગીમાં હાજર
જે કરવું હોય તે કર !

Scanned by CamScanner

અનુભવ કરાવ ભક્તોને
શક્તિ ને કદજ મુજબ.
અર્પી શીખ, સમજ કાર્યયજ્ઞ તણી
આવ્યાં ટેબલ પાસ.
જમણા હસ્તથી કેસર;
ડાબા હસ્તથી બદામ,
નિજ કાર્ય પૂર્ણ કરી,
પસારી ગુલાબ તણી મહેંક હવામાં
વિદાય લીધી માતે
વિદાય થતાં "બાળ" શૂન્યાવકાશમાં
સૈનિક હતો,બેઠો થયો, ઊભો થયો.
ચાલતો થયો, દ્વાર ખુલ્લું કર્યું,
જાણ કીધી કુટુંબીજનોને,
માતની હાજરીની.

દરમ્યાનમાં છઠ્ઠી તારીખે બન્યું એવું કે *"નિલોષા"* પર સદેહે એક મોર આવી પહોંચ્યો. પ્રાતઃકાળે *"નિલોષા"* બંગલાનાં દ્વાર ખૂલતાં જ તેણે ઘરમાં પ્રવેશ કર્યો અને ચિરપરિચિત હોય તેમ આખા ઘરમાં અને ઉષાબહેનની પાછળ પાછળ ફરવા લાગ્યો. આ માહિતી મને મળતાં જ હું આશ્ચર્યચકિત થઈ ગયો અને મને પંક્તિઓ સ્ફુરી આવી.

આ શું કર્યું ?

માત! પ્રેમથી હાકલ કરી હતી તુજને !
શરમિંદો બનાવી દીધો મુજને.
હૈયું ભરાયું તુજ પ્રેમ થકી,
આ શું કર્યું!

અહીં ("શ્રદ્ધા"માં) તારી ઉપસ્થિતિ
તહીં (નીલોષા) લાડલા
નામની ઉપસ્થિતિ.
ખરેખર, કહું તો શું કહે!
આર્દ્ર બનેલું હૃદય શું કહ્યું!
બસ એટલું જ,
બ્રહ્મ લટકાં કરે.

મોર આવ્યો

મોર આવ્યો
ક્યાંથી આવ્યો? શું કરવા આવ્યો?
કેમ આવીયો? તે જરૂરત નથી.
જાણ એટલી મોર આવીયો.
મધરાતે મા-મોર સાથે આવીયાં.
રાહ જોતો પ્રભાત તણી.
દ્વાર ખૂલતાં નિજ ગૃહે દાખલ
હનુમાનજીની (ઉષાબહેન)
પાછળ પાછળ ફરતો,
જાણે કે એક જ પંથના પ્રવાસી,
મોર તણા હાવભાવ,
ઠાવકો માનવ આવીયો.
હે મોર, પાલન કરજે "મા"
તણા આદેશને.

"ૐ મા ૐ"

"એલચીની વર્ષા થતી મેં નિહાળી"

તા. ૪-૯-૯૬ બુધવારે નિલોષાનો અઢારમો મહોત્સવ દિન હતો. ઉષાબેન નલિનકાંતની જીવનધન્યતાનો મંગલ દિવસ. માતાજીની રૂમને સુંદર રીતે સજાવીને શણગારી હતી, માતાજીને અંતરના ઉમળકાથી નીચેનો પ્રસાદ ધરાવ્યો હતો.

(૧) બુંદીના લાડુ (૨) સેવ ઉસળ (૩) સૂકો મેવો. જુદીજુદી વાડકીઓમાં ધરાવી ડીશમાં રાખ્યો હતો-કાજુ, બદામ, અખરોટ, અંજીર, સીંગનો ખાંડ એલચી મિશ્રિત ભૂકો. તેના ઉપર કેસરથી ૐ ચીતર્યો હતો. મોળા શેકેલા ચણા. (૪) મુખવાસનો મીક્સ ભૂકો. (૫) એક ગ્લાસમાં બદામ કેસરનું દુધ (૬) એક ગ્લાસમાં પીવાનું પાણી.

સવારે ૧૧-૧૫ કલાકે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી, મમ્મીજી અને બ્હેનજી સાથે નિલોષા પધાર્યા. ભાગ્યશાળી નિલોષા દંપતિસહ્ ભક્તોએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. આરતી ઉતારી. ૐ મા ૐ ના મંત્રજપ સાથે પૂજ્યશ્રીએ દીપ પ્રગટાવ્યો, માતાજી પ્રત્યક્ષ પધારી પ્રેમથી પ્રસાદ આરોગે તેવી પ્રાર્થના કરી, પૂજ્યશ્રીને, માતાજીને જમાડવા માટે વિનંતી કરી.

પૂજ્ય ગુરૂદેવ ખુરસીમાં તેમના સ્થાને જ બેસી રહ્યા. બરોબર ૧૧-૧૫ કલાકે માતાજીએ સ્વહસ્તે પ્રસાદ આરોગ્યો, અને જળ પીધું. પૂજ્ય ગુરૂદેવે નિહાળેલ આ દિવ્ય દર્શનને પૂજ્યશ્રીએ તેમના સ્વમુખે નીચે પ્રમાણે વર્ણવ્યુ.

" હું ખુરસીમાં જ બેઠો બેઠો માતાજીના આગમનની રાહ જોતો હતો ૧૧-૨૫ કલાકે માતાજીના કંગન પહેરેલા બે હસ્ત પ્રસાદની વાનગીઓમાંથી દરેક વાનગી લેતાં મેં જોયાં. જળના ગ્લાસ પર માતાજીએ હસ્ત ફેરવ્યો પછી ટેબલ પર રાખેલ પ્રસાદની ડીશો વચ્ચે જગ્યા હતી ત્યાં આગળ અંતરીક્ષમાંથી લીલા રંગની એલચીની વર્ષા થતી મેં નિહાળી, એલચીની

Scanned by CamScanner

ઢગલી ત્યાં આગળ થઈ ગઈ હતી. વાતાવરણમાં દિવ્ય સુવાસ પ્રસરી રહી હતી," નિલોષા ઉપર ઉપસ્થિત સહુ ભક્તોએ આ દિવ્યતાના દર્શન કરી ધન્યતા અનુભવી.

પાછળથી એલચી ગણતાં ૩૩૩ હતી. ત્રણ વખતના ત્રણનો અર્થ આપણે નીચે પ્રમાણે ઘટાવીએ.

(૧) મન, વચન, કર્મની પવિત્રતા.

(૨) વાણી, વર્તન, વ્યવહારની એકરૂપતા.

(૩) નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત કરીએ.

ત્યાર પછી ગુરૂદેવને પાણી પીવા માટે ગ્લાસમાં પાણી આપ્યુંતો તે ગ્લાસમાં માતાજીએ એક કાજુ અને એક બદામ પધરાવ્યા હતાં.

" ૐ મા ૐ "

માતાજીએ પ્રસાદ આરોગ્યા પછી પ્રસાદ રૂપે એલચીની વર્ષા થતી મૈં નિહાળી.

Scanned by CamScanner

વિશ્વ સંદેશ

વહાલાં માનવબંધુઓ,

વિશ્વમાં વસતાં, આપણે સહુ માનવબંધુઓ સામાજિક અને ભૌગૌલિક પરિસ્થિતિને કારણે જ્ઞાતિ, જાતિ, ભાષા અને સંપ્રદાયોના અનુસરણમાં અટવાઇ ગયાં છીએ. પરંતુ એ ન ભૂલીએ કે આપણે સહુ એક જ પરમતત્ત્વના અંશ છીએ.

પરમતત્ત્વનો રાહ માનસિક શાંતિ અને અંતરાત્માની વિશુદ્ધતા બક્ષે છે. કોઇ પણ સંપ્રદાયનું ધ્યેય પરમ તત્ત્વનું સાન્નિધ્ય મેળવવા માટે ધર્માચરણ - સાત્ત્વિક આચરણની પ્રથમ આવશ્યકતા છે.

આપણા ઇષ્ટનું સતત નામસ્મરણ કે મંત્રજપ મનુષ્યને વિશુદ્ધ કરી પરમ તત્ત્વની સમીપ પહોંચવાનો રાહ સરળ બનાવી આપે છે. મારા જીવનના નવ સૂત્રોનું આચરણ સુખ, શાંતિ અને સાત્ત્વિક જીવનની ગુરુચાવી છે. કોઇ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સંપ્રદાયના બંધન સિવાય આ નવ સૂત્રોને જીવનમાં અપનાવે, તો સ્વ અને સમષ્ટિની શાંતિના રાહ અતિ સરળ બની રહે.

Scanned by CamScanner

મા-બાળનું વાત્સલ્ય

Scanned by CamScanner

દિવ્ય વાત્સલ્ય

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	હું નવ વાગ્યે આવું છું.	૬૯
૨.	ઝાંઝરના ઝણકારે	૭૨
૩.	મારા વાંસામાં વ્હાલસોયો ધબ્બો માર્યો	૭૪
૪.	માતાજીએ પ્રેમથી પ્રસાદ આરોગ્યો.	૭૬
૫.	જીવન જળને બદલે મેથી રાઈનો વિકલ્પ	૭૭
૬.	માતાજીએ સ્વહસ્તે મને શ્રીફળ આપ્યું.	૭૯
૭.	જાહેરમાં પ્રસાદ ન આપવા વિનંતી.	૮૧
૮.	માતાજીએ મને જગાડ્યો.	૮૩
૯.	તુલસીપત્ર પધરાવી ને પ્રસાદ આરોગ્યો.	૮૪
૧૦.	હું ૯-૩૨ વાગ્યે આવું છું.	૮૭
૧૧.	માતાજી બાવીસ મીનીટ રોકાયાં:	૯૧

Scanned by CamScanner

"હું નવ વાગ્યે આવું છું"

તા. ૫-૯-૧૯૯૧ ના રોજ સાંજે ૭-૩૦ વાગે હું કુટિરમાં હીંચકા ઉપર બેઠો હતો. ત્યારે મારા કાનમાં માતાજીનો ઝીણો અવાજ સંભળાયો કે ...... "હું નવ વાગે આવું છું."... મેં બેનને આ વાત કરી અને માતાજીનાં આગમનની તૈયારી કરવા જણાવ્યું બહેનજીએ મારી રૂમમાં બધી તૈયારી કરી.

૮-૪૫ વાગ્યાથી હું માતાજીની પ્રતીક્ષા કરતો મારી રૂમમાં પલંગ પર બેઠો હતો બરોબર નવ વાગે પ્રકાશનો એક ઝબકારો થયો.... અને ૨૫-૩૦ વર્ષની યુવતીનાં સ્વરૂપે માતાજી પલંગ પાસે પાથરેલી સાદડી ઉપર પ્રગટ થયા.... માતાજીએ ગોલ્ડન કલરની ડીઝાઈન વાળી રેશમી સાડી બેંગોલી ઢબે પરિધાન કરી હતી. મુખારવિંદ અતિ દૈદિપ્યમાન ફોટામાં મધ્યમાં દેખાય છે તેવું હતું. પગમાં નૂપુર હતા. આછા આભૂષણો હતાં. અંબોડો વાળેલો હતો.

આનંદવિભોર થતો ઊઠીને હું તેઓશ્રીનાં ચરણમાં પડી ગયો અને પગ પકડી લીધા. પગ અતિ નાજુક અને મુલાયમ હતા. થોડી વાર પછી હું બેઠો હતો તો જગ્યાએ પલંગમાં પોતેશ્રી બિરાજમાન થયા. હું તેઓશ્રીના પગ પર મસ્તક ટેકવીને સાદડી પર બેસી ગયો માતાજીએ મારાં મસ્તક અને વાંસા પર વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવાર્યા કર્યો. વાત્સલ્યનો મીઠો લ્હાવો માણતો નાના બાળકની જેમ તેઓશ્રીના ચરણ પકડી ઘુંટણ પર મસ્તક ઢાળીને થોડી વાર બેસી રહ્યો.

થોડીવાર પછી ઊભા થઈને મેં ટેબલ પર તૈયાર કરેલી વસ્તુઓમાંથી લઈને અનુક્રમે....

માતાજીને ગોળ ખવરાવ્યો. તેઓશ્રીએ તેમાંનાં સ્વહસ્તે મને ગોળ ખવરાવ્યો.

માતાજીને બદામનો ભૂકો ચમચીમાં લઈને તેઓશ્રીનાં હાથમાં આપ્યો જે તેઓએ આરોગ્યો. તેઓશ્રીએ એજ ચમચી થી બદામનો

Scanned by CamScanner

ભૂકો મને હાથમાં આપ્યો જે મેં પણ ખાધો.

સુકા મેવાની ડીશમાંથી એક કાજુ, બદામ, દ્રાક્ષ પીસ્તા લઈને મેં તેઓશ્રીનાં હાથમાં આપ્યા. જે તેમણે આરોગ્યા. ત્યાર પછી તેમણે પણ તે જ ડીશમાંથી એક એક કાજૂ, બદામ, દ્રાક્ષથી, પીસ્તા લઈને મને હાથમાં આપ્યા જે મેં પણ ખાધા.

જગમાંથી પાણી ગ્લાસ ભરીને પાણી માતાજીને પીવા આપ્યું માતાજીએ પાણી પીધુ અને ગ્લાસમાં થોડું રહેવાં દીધું જે મેં લઈને ગ્લાસ મુકી દીધો. માતાજીએ કહ્યું કેમ ગ્લાસ મુકી દીધો? તું પાણી પી જા મેં પાણી પીધું.

ટ્રે માં રાખેલું શ્રીફળ લઈને મેં માતાજીના કરકમળમાં મુક્યું. તેઓશ્રી એ મને પુછ્યું કંકુ ક્યાં છે. ? કંકુ હતું નહી એટલે હું મૌન રહ્યો. માતાજીએ શ્રીફળને સાઈડમાં ટેબલ ઉપર મુકી દીધું અને થોડીજ ક્ષણોમાં માતાજીનાં ડાબા હાથની હથેલીમાં કંકુ આવી ગયું તે કંકુમાંથી જમણા હાથની બે આંગળી વડે મારા કપાળમાં ચાંલ્લો કર્યો અને હાથની આંગળીઓ કંકુવાળી કરી મારાં બન્ને ગાલે વારાફરતી વ્હાલથી કંકુ લગાવ્યું અને કહ્યું "આ તારા સાઈઠમાં વર્ષની ખુશાલીમાં".

માતાજીએ તેમનાં સ્વહસ્તે શ્રીફળ લઈ તેના પર કંકુ પધરાવીને મારાં બંને હાથમાં આપ્યું. જે મેં લઈને ટેબલ પર મુક્યું.

ટેબલ પરથી પુસ્તક લઈને મેં માતાજીને આપ્યું. માતાજીએ પુસ્તક જોયું થોડા પાનાં ફેરવ્યા અને મને પરત આપ્યું મેં લઈને તેની જગ્યાએ ટેબલ પર પાછું મુકી દીધું.

પછી માતાજીનાં ચરણમાં હું બેસી ગયો. મારૂ મસ્તક તેઓશ્રીના પગ પર ઢાળી દીધું. માતાજીએ વ્હાલથી મારો હાથ પકડીને મને ઊભો કરીને પલંગમાં તેમની બાજુમાં બેસાડી દીધો અને મને કહ્યું કે ૧૯૩૨ થી અત્યાર સુધી તારી સાથેજ છું અને બધા બનાવો તને જણાવ્યા છે. તું કહેછે, કે બાવીસ વર્ષ નકામાં કાઢ્યા,

Scanned by CamScanner

પરંતુ મારે તને સંસારનો અને દુનિયાદારીનો અનુભવ કરાવવો હતો. નહીતર તું સંસારથી વિરકત થઈ જતો તું તારાં બાપુજીનો એકનો એક દિકરો હતો તેથી જ મારે સંસારમાં રહીને આ કાર્ય કરાવવું હતું. પછી મારાં કાર્યયજ્ઞ વિશે થોડી વાતો કરી મને માર્ગદર્શન આપ્યું.

પછી માતાજી પલંગમાંથી ઊઠીને ટેબલ પર બધી તૈયારી કરી હતી ત્યાં ગયાં. લેટરપેડ અને પુસ્તક પર કંકુ પધરાવ્યું હું પલંગ પર બેઠોજ રહ્યો. થોડીક ક્ષણોમાં જ ટેબલ પાસે એક તેજનો લીસોટો થયો અને માતાજી અદ્રશ્ય થઈ ગયાં.

તે વખતે ઘડીયાળમાં બરાબર ૯-૧૫ વાગ્યા હતાં. સમગ્ર વાતાવરણ ગુલાબની સુવાસથી મહેંકતું હતું શ્રીફળ લેટરપેડ અને પુસ્તક પર જયાં માતાજીએ કંકુ પધરાવ્યું હતું તેમાં "ૐ" નું ચિન્હ વર્તાતું હતું અને લેટરપેડ પર "૬૦" નું ચિન્હ પણ વર્તાતું હતું.

" ૐ મા ૐ "



તા. ૫-૯-૧૯૯૧ સાક્ષાત્કારની પળોમાં આશીર્વાદ વેળાએ માતાજીએ કંકુનો છંટકાવ કરી શ્રીફળ પૂજ્ય રાજયોગીજીના હસ્તમાં આપ્યું.

Scanned by CamScanner

ઝાંઝરના ઝણકારે

તારીખ ૫-૯-૧૯૯૨ને શનિવાર સાંજે સાડાચાર વાગ્યો હું મારા રૂમમાં પલંગ પર આરામ કરવાના આશયથી આડો પડ્યો હતો. રૂમમાં અંધારૂ રહે તેથી લાઈટ અને બાકીના પડદા બંધ રાખ્યા હતાં. હું લગભગ તંદ્રામાં હતો, તેવામાં બારીનો પડદો ખસી ગયો અને ટ્યુબલાઈટ ચાલુ થઈ ગઈ.

મારા પલંગ પાસે જ પ્રકાશનો એક પુંજ પ્રગટ્યો, ઝબકારો થયો અને મા ભગવતી ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે અતિ જાજ્વલ્યમાન દેહાકૃતિમાં ગોલ્ડન કલરની ભારતીય ઢબે પરિધાન કરેલી સાડી, સુંદર આભૂષણો, બંને હાથમાં ઝાંઝર અને પગમાં નૂપુર પરિધાન કરેલાં મુક્ત હાસ્ય વેરતાં પ્રગટ થયાં.

હું સફાળો બેઠો થઈ ગયો અને પલંગમાંથી ઊઠી માતાજીના ચરણમાં નત મસ્તકે પ્રણામ કર્યાં.

સાદડી પર ચરણ ટેકવીને માતાજી પલંગમાં બિરાજમાન થયાં. હું સાદડી પર જ તેમના ચરણમાં બેસી ગયો. માતાજીએ મને ખભેથી ઊંચકીને તેમની પાસે પલંગમાં બેસાડી દીધો અને વાત્સલ્યસભર મમતાળુ હસ્ત મારા બરડે અને મસ્તક પર પસવારતાં પસવારતાં થોડીક વાતો કરી.

પછી પલંગમાંથી ઊભા થઈ માતાજી હર્ષોલ્લાસથી હાથ-પગનાં ઝાંઝર ઝણકાવતાં નર્તન કરતાં ઘૂમવા લાગ્યાં. મને પણ તેમની સાથે ઘૂમવા જણાવ્યું, જેથી હું પણ તેમની પાછળ પાછળ ઘૂમવા લાગ્યો. માતાજીનો તરવરાટ અને ગતિ એટલાં વેગીલાં અને તીવ્ર હતાં કે હું બે-ત્રણ વખત તેમની સાથે અથડાયો.

લગભગ દસેક મિનિટના નર્તન પછી માતાજી સોફા પાસેનાં ટેબલ પાસે આવ્યાં. હું પણ તેમની પાછળ આવીને ઊભો રહ્યો. માતાજીએ ટેબલ પર ખોબો ભરીને બદામનો ઢગલો કર્યો, અને ટેબલ પર પડેલા કવર પર કંકુ વેર્યું, પછી પલંગ પર આવીને થોડી વાર

Scanned by CamScanner

બેઠાં. હું પણ પલંગ પર તેમની બાજુમાં જ બેઠો. માતાજીએ વહાલપની થોડી વાતો કરી કાર્યયજ્ઞ વિશે માર્ગદર્શન આપ્યું. આશીર્વાદ આપ્યા.

થોડી ક્ષણો બાદ પ્રકાશના એક ઝબકારા સાથે મા અદ્રશ્ય થઈ ગયાં. વાતાવરણમાં દિવ્યતા અને મંદારની સુવાસ પ્રસરી રહી. થોડી વારે શાતા વળતાં ઘડિયાળમાં જોયું તો સાંજના ૪-૫૦ થયા હતા. માતાજી પંદર મિનિટ સુધી રૂમમાં રોકાયાં.

ઘરનાં સભ્યો અને ઉપસ્થિત અન્ય ભક્તોને પણ માના નૂપુરનો નર્તનયુક્ત અવાજ અને ગુલાબની સુવાસનો અનુભવ થયો.

મારા સમસ્ત અસ્તિત્વમાં છવાયેલા આનંદનો ઉદધિ શમતાં મેં રૂમનો દરવાજો ખોલ્યો. ઘરનાં સભ્યો અને ઉપસ્થિત અન્ય ભક્તો દરવાજા પાસે જ ભાવોર્મિથી ઊભા હતાં. માના નૂપુરનો નર્તનયુક્ત અવાજ અને મંદાર ગુલાબની સુવાસનો અનુભવ તેમણે માણ્યો હતો.

" ૐ મા ૐ "

તા. ૫-૯-૧૯૯૨ ગયુર બાળને ધારે પ્રવેશ પ્રસંગે
પ્રસાદી રૂપે ૬૦ બદામનો પ્રસાદ આપ્યો.

મારા વાંસામાં વ્હાલસોયો ધબ્બો માર્યો

તારીખ ૫-૯-૧૯૯૩ની રાત્રિએ હું ગાઢ નિંદ્રામાં હતો. મારા પગનો પંજો પકડીને જાણે કે કોઈ હલાવતું હોય તેવો અનુભવ મને થયો. જેથી હું જાગી ગયો, ઘડિયાળમાં જોયું તો રાત્રિનાં ૩ ને બે મીનીટ થયેલી હતાં. હું ઊઠીને બાથરૂમ ગયો, અને વાળ ઓળીને બહાર આવ્યો ને મારા પલંગ પર બેઠો. ફરીથી સુવાનો વિચાર કરતો હતો ત્યાંજ..... રૂમના બારણાની સ્ટોપર બંધ થઈ ગઈ. લાઈટ અને એરકન્ડીશન ચાલુ થઈ ગયાં ને સોફા પાસે પ્રકાશનો .... ઝબકારો થયો ને ૨૫.૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે માતાજી પ્રગટ થયાં.. હું ઊઠીને તેમના ચરણવંદન કરવા ગયો ત્યાં સુધીમાં માતાજી એ સોફા પર બેઠક લઈ લીધી હતી. જેથી હું તેમના ચરણોમાં તેમના પગ પકડીને ઘૂંટણ પર માથું મૂકીને જમીન પર બેસી ગયો.

માતાજીએ મને બંને ખભા પરથી ઊચકીને તેમની બાજુમાં સોફામાં બેસાડી દીધો. અને બાળભાવે ખૂબજ અતિશય વહાલ કર્યું ત્યારબાદ માતાજીએ સૂકામેવાના ડબામાંથી કાજુ, બદામ, પીસ્તા આરોગ્યા, અને બદામ, એલચી, કેસર, સાકર, મિશ્રિત ભૂકાની ડીસમાંથી એક ચમચી ભરીને ચમચીથીજ બદામનો ભૂકો આરોગ્યો થર્મોસમાંથી તેની જાતેજ ગ્લાસમાં પાણી ભરાઈ ગયું હતું. માતાજીએ ગ્લાસમાંથી પાણી પીધું અને થોડું રહેવા દીધું.

પ્રસાદ આરોગતાં આરોગતાં કાર્યયજ્ઞ વિષે સુઝ, સમજણ, માહિતિ અને માર્ગદર્શન આપ્યા મેં માતાજીને વિનંતી કરી કે.... માતાજી આપશ્રી જાહેરમાં જે પ્રસાદી વિગેરેના અનુભવો મને કરાવો છો તે ન કરાવશો. હું એકલો હોઉં ત્યારે જે અનુભવો કરાવવા હોયતે કરાવશો. આપે ભક્તોને જે કંઈ અનુભવો કરાવવા હોય તે કરાવશો... મારી વિનંતી સાંભળીને માતાજી અતિ આનંદમાં આવી જઈ મુક્ત હાસ્ય કર્યું અને મારા વાંસામાં પ્રેમથી વ્હાલસોયો ધબ્બો માર્યો.

Scanned by CamScanner

ત્યાર પછી માતાજી સોફામાંથી ઉભા થઈ ટેબલ પાસે આવી ઉભાં રહ્યાં તે વખતે હાથમાં કંઈજ ન હતું, પરંતુ માતાજીએ જમણા હાથમાંથી કેસર અને ડાબા હાથમાંથી બદામ, ડીસમાં અને નેપકીન પર અનુક્રમે પધરાવ્યાં. ... માતાજી ખુબજ આનંદમાં હતાં. થોડીજ વારમાં પ્રકાશના ઝબકારા સાથે માતાજી અદ્રશ્ય થઈ ગયા ત્યારે ઘડીયાળમાં ૩-૧૫ વાગ્યા હતાં.

માતાજીએ આછા ગોલ્ડન કલરની ભરેલી સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. આભૂષણોમાં હાર, કાનમાં એરીંગ, હાથમાં કંગન અને પગમાં સાંકળાં (નૂપુર) પરિધાન કર્યા હતાં. વાળની એક સેર લીધી હતીં. ગુલાબની સુવાસથી સમગ્ર વાતાવરણ મહેકતું હતું.

" ૐ મા ૐ "

તા. ૬-૯-૧૯૯૧ પૂજ્ય રાજયોગીજીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ ધરાવેલ ખાંડ મિશ્રિત બદામનાં ભૂકાની ડીશમાં માતાજીની ત્રણ કરાંગુલીઓના ચિન્હ સ્પષ્ટ વર્તાય છે. અંગુલીમાં મુદ્રિકાનું ચિત્ર પણ સ્પષ્ટ દેખાય છે.

Scanned by CamScanner

માતાજીએ પ્રેમથી પ્રસાદ આરોગ્યો

તારીખ ૬-૯-૧૯૯૪ને મંગળવારે વહેલી સવારે ૨ કલાક ૨૦ મીનીટે માતાજી મારી રૂમમાં પધાર્યાં. પલંગ પાસે ઉભાં રહી મારો હાથ હલાવીને મને ઉઠાડ્યો. માતાજીનો સ્પર્શ થતાંજ સફાળો બેઠો થઈ ગયો. હર્ષાવેશમાં પલંગમાંથી નીચે ઉતરી તેમને ચરણવંદન કર્યાં, અને ચરણમાં બેસી ગયો. માતાજી મારા પલંગમાં મધ્યમાં બેસી ગયા. ચરણ આસન પર ટેકવ્યા હતા. મને ઉંચકીને તેમની બાજુમાં જ બેસાડી દીધો અને મારા બરડે અને મસ્તક પર વાત્સલ્યસભર હસ્ત ક્યાંય સુધી પસવાર્યા કર્યો. અને બહુજ વ્હાલ કર્યું....

હું ઉઠીને પ્રસાદ માટે તૈયાર કરેલ સર્વીસ ટ્રોલી પલંગ પાસે લઈ આવ્યો અને માતાજીને પ્રસાદ આપ્યો. માતાજીએ પ્રેમથી પ્રસાદ આરોગ્યો. જગમાંથી ગ્લાસમાં પાણી આપ્યું. માતાજીએ એક ગ્લાસ પાણી પીધું. ફરીથી મેં બીજો ગ્લાસ ભરીને પાણી આપ્યું. બીજા ગ્લાસમાંથી અડધો ગ્લાસ પાણી પીધુ અને થોડું રહેવા દીધું. માતાજીએ ટ્રોલી પર રાખેલ ટ્રેમાં બદામ પધરાવી.

માતાજીએ રૂમની લાઈટ ચાલુ કરી નહતી. પરંતુ તેમના મુખારવિંદનાં પ્રકાશથી જ સમગ્ર રૂમમાં પ્રકાશ પથરાયો હતો. મને વહાલ કરતાં કરતાં માતાજીએ મારા કાર્યયજ્ઞ વિશે અને બીજા વ્હાલપની ઘણી બધી વાતો કરી. માતાજી પંદર મીનીટ રોકાયા. માતાજીએ આછા લાલરંગની સાડી અને આછા આભૂષણો પરિધાન કર્યાં હતાં. વાળની સેર લીધી હતી. સમગ્ર વાતાવરણ મોગરાની સુવાસથી મહેંકતું હતું. ૨ કલાક ને ૩૫ મીનીટે પ્રકાશમાં ઝબકારે માતાજી અદ્રશ્ય થઈ ગયાં.

માતાજીએ પધરાવેલ બદામ પાછળથી ગણતાં ૬૩ હતી. આવતી કાલે સાતમીએ મારી ૬૩ મી વર્ષગાંઠ છે.....

" ૐ મા ૐ "

Scanned by CamScanner

જીવનજળને બદલે મેથી રાઈનો વિકલ્પ

તારીખ ૫-૯-૧૯૯૫ને મંગળવાની રાત્રિએ હું ઓચિંતો જાગી ગયો. બેટરીનો પ્રકાશ કરીને જોયું તો ઘડિયાળ ૧૨-૩૫ થયાં હતાં. થોડી જ સેકંડોમાં ટેબલ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી સ્વયં ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે મરક મરક હાસ્ય વેરતાં પ્રગટ થયાં. માતાજી ત્યાંથી ચાલીને સોફામાં મધ્યમાં બિરાજમાન થયાં.

હું પલંગમાંથી ઊઠીને માતાજીના ચરણમાં બેસી ગયો. માતાજીએ વાત્સલ્યની વર્ષા કરતાં કરતાં કંઈ કેટલીએ વાતો કરી, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપ્યું.

ત્યારપછી માતાજી સોફામાંથી ઉઠીને ટેબલ પાસે ગયા અને નેપકીન પર બદામ પધરાવી. પછી પલંગ પર એક છેડે બેઠાં. હું સોફા પાસેથી ઊઠીને પલંગ પાસે આવીને તેમના ચરણમાં બેસવા જતો હતો, પરંતુ માતાજીએ મને તેમની સાથે પલંગમાં મધ્યમાં બેસાડી દીધો. મારો હાથ તેમના હસ્તમાં રાખી વહાલ કરતાં કરતાં જીવનજળ વિષે વાત કરી, માતાજીએ જણાવ્યું કે,

"જળને બદલે મુલાકાતીએ શારીરિક કે માનસિક તકલીફ માટે પોતાની સાથે મેથી અને રાઈ લાવવી, અને તે મેથી-રાઈને તારે અભિમંત્રિત કરવી. આ અભિમંત્રિત મેથી-રાઈમાંથી એક એક ચમચી વ્યક્તિએ પોતાના સાદા પાણીમાં નાંખવાં, જેથી તે પાણી જીવનજળ બની જશે. આ જીવનજળ પંદર દિવસ ચાલે તેટલું જ બનાવવું. દર પંદર દિવસે અભિમંત્રિત મેથી-રાઈ પાણીમાં પધરાવી જીવનજળ બનાવી લેવું. પંદર દિવસનું જીવનજળ પુરૂં થાય પછી આ પલળેલા મેથી-રાઈનો જે તે વ્યક્તિએ પોતાના ખોરાકમાં ઉપયોગ કરીને ખાઈ જવાં."

જીવનજળની વાતો પછી અમે મા-બાળના વહાલની સરિતામાં સરી પડ્યાં. કેટલોય હાસ્ય-વિનોદ કર્યો. પછી માતાજીએ મને જણાવ્યું

કે, "તું સુઈ જા." માતાજી પલંગમાં બેઠાં હતાં ત્યાંથી ઊઠીને પલંગમાં અડધી જગ્યા તેમના માટે ખાલી રાખું છું ત્યાં આવીને પલંગમાં પલાંઠી વાળીને બેઠાં અને મારા મસ્તક અને મુખ પર વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવાર્યા કર્યો. મેં સૂતાં સૂતાં ઘડિયાળ સામે નજર કરી તો રાત્રીના એક અને પાંચ મિનિટ થઈ હતી. હું ક્યારે નિદ્રામાં સરકી પડ્યો તેનો મને ખ્યાલ ન રહ્યો.

સવારે ચાર વાગ્યે જાગી ગયો. માતાજીની વહાલપની અનુભૂતિ અને કાર્યયજ્ઞની વાતોને વાગોળતો હું ક્યાંય સુધી આનંદસાગરમાં ખોવાઈ ગયો. વાતાવરણ અવર્ણનીય સુવાસથી મહેંકતુ હતું.

માતાજીએ આછા સફેદ (off white) રંગની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. આછાં આભૂષણો હતાં. વાળની એક સેર છૂટી રાખી હતા. બદામ પધરાવી હતી.

" ૐ મા ૐ "

તા. ૧-૧૦-૧૯૯૫
નવરાત્રીની અષ્ટમીએ
પૂજ્ય રાજયોગી
નરેન્દ્રજીના હસ્તમાં
મા ગાયત્રીના
ફોટામાંથી મોતીની
વર્ષા થઈ હતી.

Scanned by CamScanner

માતાજીએ સ્વહસ્તે મને શ્રીફળ આપ્યું

તા. ૬-૯-૧૯૯૬ શુક્રવારે વહેલી સવારે ૩ વાગે હું મારા પલંગમાં પડખે માતાજીની છબી બાજુ ઘસઘસાટ ઉંઘતો હતો. માતાજીએ એ બાજુ ઉભા રહી મને ખભેથી ઢંઢોળ્યો. હું જાગી ગયો. જોયું તો માતાજી સામે જ મૃદુ હાસ્ય વેરતાં ઉભાં હતાં. હું બેઠો થઈ પગે લાગવા જાઉં તેટલી વારમાંજ માતાજી ચાલીને પલંગની આગળની બાજુ આવીને પલંગની મધ્યમાં બેસી ગયાં. હું ઉઠીને આવીને માતાજીના પગપર માથું ટેકવીને બેસી ગયો. માતાજીએ મને ખભેથી પકડીને પલંગમાં તેમની ડાબી બાજુએ બેસાડી દીધો. મારા વાંસા પર અને માથા પર વાત્સલ્યસભર હસ્ત પસવાર્યો. થોડી વાતો કરી પછી માતાજી ઉભાં થઈ સોફામાં જઈને બેઠાં. હું તેમના ચરણમાં બેસી ગયો. થોડીક વાર પછી સોફામાંથી ઉભા થઈ બાજુમાં રાખેલ ટેબલ પાસે આવ્યાં. પ્રસાદની ડીસ ઉપરનો રૂમાલ ખોલી વાડકીમાં ધરાવેલ કાજુ, બદામ, પીસ્તા, દ્રાક્ષ, શેકેલા ચણામાંથી એક એક લઈને આરોગ્યાં. ખાંડ મિશ્રિત બદામનો ભૂકો સ્વહસ્તે લઈને આરોગ્યો. પછી મુખવાસનો ભૂકો લઈને આરોગ્યો. માતાજીએ પોતાના સ્વહસ્તે શ્રીફળ લઈને મને હાથમાં આપ્યું. હું શ્રીફળ લઈને બાજુમાં ઉભો રહી ગયો. પછી માતાજીએ જગ ઉંચકીને જાતે ગ્લાસમાં પાણી કાઢ્યું અને થોડું પીધું. આ સમગ્ર કાર્યવાહિ દરમિયાન હું માતાજીની સાથેજ ઉભો હતો. માતાજીએ ગ્લાસ મૂકીને ડાયરી પર બદામ પધરાવી. પછી ફરીથી પલંગમાં મધ્યમાં બિરાજમાન થયાં અને હું માતાજીની બાજુમાંજ હાથમાં શ્રીફળ રાખીને બેઠો. મેં શ્રીફળ પલંગ પાસેની ટીપોય પર મૂક્યું, માતાજીએ તેમનો ડાબો હાથ વહાલથી મારા ગળામાં પરોવીને ખભા પર રાખીને આનંદથી મૃદુહાસ્ય વેરતાં કાર્યયજ્ઞ વિષે કંઈ કેટલાયે વાતો કરી: થોડી વાર

Scanned by CamScanner

પછી માતાજી ઉભા થયાં. હું પણ તેમની સામે ઉભો રહી ગયો. માતાજીએ પોતાની બે અંગુલીથી મારા કપાળમાં ચાંલ્લો કર્યો. પછી પ્રકાશનો એક ઝબકારો થયો ને માતાજી અંતર્ધ્યાન થઈ ગયા. તે વખતે ઘડિયાળમાં ૩-૨૫ વાગ્યા હતાં. વાતાવરણમાં આલ્લાદક સુવાસ પ્રસરી રહી હતી.

માતાજીની પ્રત્યક્ષ હાજરીની ચહલપહલ, વાતોનો ગણગણાટ અને આલ્લાદક સુવાસને માણતા બ્હેનજી અને મમ્મીજી રૂમમાં પ્રકાશનો ઝબકારો થયો ત્યારનાં દરવાજા બહાર બેસી ગયાં હતાં.

૩-૩૦ વાગે પૂજ્યશ્રીએ દરવાજો ખોલ્યો અમે સ્વર્ગીય વાતાવરણની પ્રત્યક્ષતા અનુભવી. પૂજ્યશ્રીના સ્વમુખેથી સાંભળ્યું કે, માતાજીએ ગોલ્ડન કલરની સીલ્કની સફેદ ઝરી ભરેલી ભારતીય ઢબની સાડી પરિધાન કરી હતી. વાળનો અંબોડો વાળ્યો હતો. ગળામાં સોનાનો હાર હતો, કાનમાં કુંડલ (નાના ટોપ્સ) હાથમાં કંગન અને પગમાં સાદા નૂપુર હતાં. માતાજીએ આછા આભૂષણો પરિધાન કર્યાં હતાં. ભાલ પ્રદેશમાં કંકુનો ચાંલ્લો હતો. માતાજી જ્યાં પલંગમાં અને સોફાપર બેઠાં હતાં અને ચરણ ટેકવ્યાં હતાં ત્યાં બેઠકની છાપ વર્તાય છે અને સુવાસ આવે છે. સોફામાં રાખેલ તકિયા પર માતાજીએ હાથ રાખ્યો હતો ત્યાં અંગુલીની છાપ દેખાય છે. બદામના ખાંડ મિશ્રિત ભૂકાની ડીશમાં અને મુખવાસના ભૂકાની વાડકીમાં માતાજીની આંગળીઓની છાપ દેખાય છે. ગ્લાસ રાખેલ ડીશમાં થોડો મુખવાસનો ભૂકો પડેલો દેખાય છે. પાણી લેતી વખતે કદાચ આ ભૂકો આંગળી પર ચોંટેલો હશે તે પડ્યો હશે. ગ્લાસમાં પાણી થોડું પીધા પછી પાણી ગ્લાસમાં રહેવા દીધું છે. પૂજ્યશ્રીના ભાલ પ્રદેશમાં ચાલ્લાં કર્યા છે તેમાં ૐ નું પ્રતિક દેખાય છે.

" ૐ મા ૐ "

Scanned by CamScanner

જાહેરમાં પ્રસાદ ન આપવા વિનંતી

સાતમી સપ્ટેમ્બર, અધ્યાત્મિક ઇતિહાસના ક્રાન્તિવીર રાજયોગી નરેન્દ્રજીના જન્મોત્સવને માનવતાદિન તરીકે ઉજવવામાં આવે છે. રાજયોગીના આરાધ્ય મા ભગવતીના સાક્ષાત્કારથી જ આ દિવ્ય પ્રસંગ ઉત્સવનું રૂપ ધારણ કરે છે. ચાર સપ્ટેમ્બર, નિલોષામાં સેવાયજ્ઞની શરૂઆતને સેવા દિન તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે માતાજી પાંચ સપ્ટેમ્બરે સવારે પ્રત્યક્ષ પધાર્યા અને બાળ રાજયોગીને આશીર્વાદ, પ્રેમવર્ષા અને માતૃવાત્સલ્યથી સભર કરી, વસંતને નવપલ્લવિત રાખવા મૃદુહસ્ત પસવારી શક્તિ સિંચન કર્યું. પૂજ્યશ્રીના સ્વમુખે, અનુભવેલી માતૃવાત્સલ્યની વર્ષા આ પ્રમાણે વહેતી થઇ હતી.

તા. ૫-૯-૯૭ શુક્રવારે સવારે હું મારી રૂમમાં પલંગમાં બેસીને પેપર વાંચતો હતો. ૮-૨૫ વાગે મારી રૂમનો દરવાજો બંધ થયો અને સ્ટોપર વસાઇ ગઇ. એરકંડીશન ચાલુ થઇ ગયું. માતાજીના પધારવાના એંધાણથી હું પરિચિત હતો જેથી પેપર વાળીને મેં ટેબલ પર મૂકી દીધું અને પલંગમાં બેસીને માતાજીની પ્રતીક્ષા કરતો રહ્યો.

૮-૩૦ વાગે પલંગ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી હાસ્ય વેરતાં પ્રગટ થયાં. હું ઉઠીને તેઓશ્રીને પગે લાગવા જતો હતો પરંતુ તેમણે મને પકડીને પલંગમાં બેસાડી દીધો અને પોતેશ્રી મારી સાથે બેસી ગયાં.

મને તેમનો હસ્ત ખભે વીંટાળીને આલિંગન આપીને માતૃવાત્સલ્યની વર્ષા કરી. મારા વાંસામાં અને મસ્તક પર ક્યાંય સુધી હસ્ત પસવારી વહાલ કર્યું. વાત્સલ્ય વહાવતાં વહાવતાં જ માતાજીએ મને કાર્યયજ્ઞ વિષે સલાહ સૂચન અને માર્ગદર્શન આપ્યું.

થોડી વાર પછી માતાજી પલંગમાંથી ઉઠીને ટેબલ પાસે ગયાં. જ્યાં બે ખાનાવાળી ટ્રે પડી હતી. માતાજીએ જમણો હસ્ત હવામાં ઊંચો કરી મૂઠી વાળી અને ટ્રેના એક ખાનામાં કાજુ પધરાવ્યા. પછી ડાબો હસ્ત હવામાં ઊંચો કરી મૂઠી વાળી અને ટ્રેના બીજા ખાનામાં બદામ પધરાવી. હું તેમની પાસે જવાનો વિચાર કરીને અમલમાં મૂકું એટલી વારમાં તો માતાજી પરત પલંગમાં આવીને બેસી ગયાં અને મને મારા ખભેથી એમનો હાથ વીંટાળીને આલિંગન આપ્યું. મને વહાલથી નજીક લીધો અને વહાલપની વર્ષા કરી અને કાર્યયજ્ઞની વાતો ચાલુ રાખી.

થોડીવાર પછી મેં માતાજીને વિનંતી કરી કે, મારા હાથમાં આપ જે પ્રસાદી આપો છો તે મને પસંદ નથી. (લોકો આવી પ્રસાદી માટે હઠાગ્રહ કરતા રહે છે) માતાજી હસ્યાં અને "સારૂં" કહ્યું. થોડીવાર પછી પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી અદશ્ય થઇ ગયાં. ઘડિયાળમાં ૮-૫૫ થયા હતા. માતાજી પચ્ચીસ મિનિટ રોકાયા હતાં.

માતાજી ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે અતિ દિવ્ય લાગતાં હતાં. ગોલ્ડન કલરની પ્રીન્ટેડ સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. વાળ છૂટા હતા. ભાલ પ્રદેશ પર કુમકુમનો ચાંલ્લો હતો, ગળામાં હાર, હસ્તમાં કંગન, કાનમાં કુંડળ અને નાકમાં ચૂની પહેરી હતી. રૂમમાં અને સમસ્ત વાતાવરણમાં ગુલાબની મહેંક પ્રસરી રહી હતી.

માતાજીએ પધરાવેલ પ્રસાદ કાજુ અને બદામ બંને '૬૬' છે. સાતમી સપ્ટેમ્બરે મારી ૬૬મી વર્ષગાંઠ છે. તેની અભિવ્યક્તિ રૂપે છાંસઠ કાજુ બદામની પ્રસાદી માતાજીએ આપી હશે તેવું માની શકાય.

" ૐ મા ૐ "

માતાજીએ મને જગાડયો

તા. ૩-૯-૧૯૯૮ ગુરુવારે રાતે ૧-૧૫ વાગે હું મારી રૂમમાં પલંગમાં સૂતો હતો. માતાજીએ વાત્સલ્ય સભર મૃદુહસ્ત પસવારી મને વહાલ કરતાં હતાં. હું જાગી ગયો. જોયું તો માતાજી સ્વયમ્ પલંગ પર બેસીને મને વ્હાલ કરતાં હતાં. માતાજીના મુખારવિંદ અને સમસ્ત અસ્તિત્વના પ્રકાશથી સમસ્ત વાતાવરણમાં દિવ્ય પ્રકાશ છવાઈ ગયો હતો. અને ગુલાબની સુવાસ પ્રસરી રહી હતી.

હું પલંગમાં બેસી ગયો, માતાજી મારી પાસે, આવીને બેઠાં. મૃદુ હાસ્ય વેરતાં, વહાલ કરતાં, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપ્યું, કંઈ કેટલીયે વાતો કરી. ઘડિયાળમાં બે વાગ્યા હતાં. માતાજી મને કહે, "તું સૂઈ જા", અને માતાજીના આદેશ અનુસાર હું પલંગમાં તેઓશ્રીની બાજુએ જ પડખું ફેરવીને સૂઈ ગયો. માતાજીએ મારા શરીર પર વાત્સલ્ય સભર હસ્ત પસવારી મને ઉંઘાડી દીધો.

માતાજી ક્યારે અંતર્ધ્યાન થઈ ગયાં. તે મને સમજાયું નહિં સવારે ૪-૦૦ વાગે જાગી ગયો ત્યારે પણ માતાજીના વાત્સલ્યનો મીઠો રોમાંચ મારા શરીરમાં પ્રસરી રહ્યો હતો. મારા કપડામાંથી પલંગની ચાદરમાંથી ગુલાબની સુવાસ આવતી હતી.

માતાજીએ ફોટા નીચે રાખેલ ટેબલ પર બદામની ઢગલી પધરાવી હતી.

"ૐ મા ૐ"

નવરાત્રીની અષ્ટમીએ પૂજ્ય રાજયોગીજી
ગરબે ઘૂમતા હતા ત્યારે અંતરીક્ષમાંથી
માતાજીના ઝાંઝરની ઘૂઘરીઓ
વેરાણી હતી.

Scanned by CamScanner

તુલસી પત્ર પધરાવીને પ્રસાદ આરોગ્યો

મારા વાંસામાં વાત્સલ્યસભર હસ્ત પસવારતાં, પલંગમાં હું પડખે ફરીને સૂતો હતો, ત્યારે માતાજી ક્યારના બેઠાં હશે તેની મને ખબર ન પડી. એકાએક નીંદરમાં જ મારી બાજુમાં કોઈ બેઠું હોય તેવો ભાસ થવા લાગ્યો. નીંદરથી ઘેરાયેલી આંખ જરા ખોલીને જોયું તો માતાજી પ્રત્યક્ષ બિરાજમાન હતા. મંદ મંદ હાસ્ય વેરતાં મારા પર વહાલપ વરસાવી રહ્યાં હતાં.

હું બેઠો થયો, ઉઠીને માતાજીની બાજુમાં જ આવીને બેસી ગયો, ખોળામાં મસ્તક ટેકવી વંદન કર્યા. માતાજીએ મને ઘણુંજ વહાલ કર્યું. માતાજીને મેં કહ્યું, " **આપના માટે પ્રસાદ રાખ્યો છે, આપ આરોગો.**"

માતાજી પલંગમાંથી ઉઠીને ટેબલ પાસે ગયાં. હું પણ તેમની સાથે જ જઈને ઉભો રહયો. માતાજીએ બટાકાપૌંઆની થાળી ખોલી, બાજુમાં વાડકીમાં રાખેલ તુલસીપત્ર લઈને થાળીમાં પધરાવ્યાં અને ચમચીથી થોડા પૌંઆ આરોગ્યા. થર્મોસમાંથી થોડી કોફી મગમાં કાઢીને કોફી પીધી. ગ્લાસમાંથી થોડું પાણી પીધું. સૂકામેવા અને એલચી પધરાવેલ ટ્રેનો રૂમાલ જે ઢાંક્યો હતો તે ઉઠાવી, દરેક ખાનામાં તુલસી પધરાવી. અને દરેક ખાનામાંથી બદામ, કાજુ, પીસ્તા, દ્રાક્ષ આરોગ્યાં. બદામના ખાંડ ઈલાયચી મિશ્રિત ભૂકામાંથી ચમચીથી થોડોક આરોગ્યો. ઢાંકેલા ચણાની નાની થાળી ખોલી, થોડા ચણા આરોગ્યા. પછી પાછા પલંગમાં આવીને અમે બેઠાં. માતાજીએ કાર્યયજ્ઞ વિષે કંઈ કેટલીયે વાતો કરી, મને વહાલ કર્યું. પછી મને કહે, "હવે તું સૂઈ જા." આદેશને

Scanned by CamScanner

અનુસરતો હું તેમના તરફ મુખ રાખીને પડખે જ સૂતો.

માતાજીનો મૃદુ, કોમળ હસ્ત મારા પર ફરી રહયો. વાત્સલ્યને માણતો હું ક્યારે ફરીથી નિંદ્રામાં સરકી પડ્યો તે સમજાયું નહિં.

માતાજીના મુખારવિંદના અને સમસ્ત અસ્તિત્વના પ્રકાશથી રૂમ ઝળાંહળાં થઈ રહયોં હતો. લાઈટ, પંખો એરકન્ડીશન બધું જ બંધ હતું છતાંય રૂમમાં ઠંડક હતી. દિવ્યતેજમાં મેં ઘડિયાળમાં, માતાજી પાસે સફાળો જાગીને બેઠો થયો ત્યારે જોયું તો રાત્રિના બે અને પાંચ મિનિટ થઈ હતી. માતાજીએ મને સૂવાનો આદેશ કર્યો ત્યારે બે અને પાંત્રીસ મિનિટ થઈ હતી.

માતાજી મને પોઢાડીને ક્યારે અંર્તધ્યાન થઈ ગયાં તેની મને ખબર ન પડી પરંતુ અર્ધોકલાક ની જાગૃત અવસ્થામાં અમારૂં મા બાળનું મિલન દિવ્ય અને અર્થસભર રહયું. મને ઘણું માર્ગદર્શન મળ્યું.

સવારે પોણા પાંચ વાગે જાગી ગયો. માતાજીની દિવ્ય ઉપસ્થિતિને, પ્રત્યક્ષતાને, દિવ્ય વાતોને યાદ કરતો થોડીવાર હું પલંગમાં જ બેસી રહયો. પલંગમાંથી ઉઠીને લાઈટ કરી. ટેબલ પર રાખેલ ટ્રે માં માતાજીએ બદામના પ્રસાદની ઢગલી કરી હતી. હું ભાવવિભોર થઈ ગયો.

ઘરના સભ્યોને જગાડી, મીઠી વાત્સલ્યસભર વાતોને દોહરાવી, દિવ્ય અનુભૂતિઓના દર્શન કરાવી આનંદના સહભાગી બનાવ્યાં.

માતાજીએ આસમાની રંગની, ભરેલી સાડી, ભારતીય ઢબે, પરિધાન કરી હતી. આછા આભૂષણો હતા. વાળની સેર હતી.

Scanned by CamScanner

હસ્તમાં કંગન હતા. માતાજી બિરાજમાન હતાં ત્યાં પલંગમાં મોગરાની સુવાસ વર્તાતી હતી. થર્મોસના ઢાંકણ પર મોગરાની સુવાસ વર્તાય છે.

શ્રધ્ધાનું સમગ્ર વાતાવરણ દિવ્ય સુવાસથી મધમધી રહયું છે.

આ વખતે માતાજીને ગરમ વાનગી જ જમાડવાનો ભાવ બ્હેનજીએ પ્રદર્શિત કર્યો અને મેં બટાકાપૌંઆ અને કોફી બનાવીને પ્રસાદમાં ધરાવવા જણાવ્યું. કુસુમબા ઉત્સાહથી નવું થર્મોસ લઈ આવ્યાં અને કોફી તેમાં જાતે જ ભરી. બ્હેનજીએ બટાકાપૌંઆ અને કોફી બનાવી પ્રસાદ ધરાવ્યો. નાનો હાથરૂમાલ કુસુમબાએ યાદ કરીને ટેબલ પર રાખ્યો. રૂમની સજાવટ તો બપોરથી જ થઈ ગઈ હતી. કુસુમબા, બ્હેનજી, ઉષાબેન અને મંગળની સામૂહિક ભાવ સભર સેવાથી રૂમ સજાવાયો હતો.

" ૐ મા ૐ "

અકસ્માત નિવારણ માટે પૂજ્ય રાજયોગીજીનું માર્ગદર્શન.

અકસ્માત નિવારણ માટે સ્ટેઈનલેસ સ્ટીલની નાની વસ્તુને પાણીમાં ડૂબાડી ત્રિપદા ગાયત્રી મહામંત્રની ૧૧ માળા કરવી, પછી તે વસ્તુ પોતાની પાસે રાખવી.

આસુરી શક્તિઓ કે મંત્ર, તંત્રની શક્તિની મુક્તિ માટે પૂજ્ય રાજયોગીજીનું માર્ગદર્શન.

આસુરી શક્તિઓ કે મંત્ર, તંત્રની શક્તિની મુક્તિ માટે કાળી ચણોઠી પૂજામાં રાખી ત્રિપદા ગાયત્રી મહામંત્રની પાંચ માળા કરવી, ને તે પછી ચણોઠી પોતાની પાસે રાખવી.

Scanned by CamScanner

" હું ૯–૩૨ વાગ્યે આવું છું "

તા. ૫-૯ ૨૦૦૦ મંગળવારે સાંજે શ્રધ્ધાકુટીરમાં પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી (ગુરુદેવ) હીંચકા પર બિરાજમાન હતા. કુટીરમાં ભક્તોની ભીડ જામી હતી. ગાયકવૃંદ ભાવવાહી ભજનો ગવરાવી ભક્તોને ડોલાવી રહ્યાં હતાં. પૂજ્ય બ્હેનજીએ જણાવ્યું કે પૂજ્ય ગુરુદેવને માતાજીના આવવાના એંધાણ ત્રીજી તારીખથી વરતાવા માંડ્યાં છે.

ત્રીજી તારીખે સવારે તેમના રૂમમાં માતાજીની છબી પર માતાજીએ ત્રણ બદામ પધરાવી હતી. ચોથી તારીખે રાત્રે ૧૦-૧૦ વાગે તેમની રૂમમાં એક પ્રકાશપૂંજ પ્રગટ્યો તેઓશ્રી પલંગમાંથી બેઠા થઈ ગયા. આ પ્રકાશપૂંજ તેમની રૂમમાં બારણા તરફ વળ્યો. પૂજ્ય ગુરુદેવ તે પૂંજની પાછળ પાછળ દોરવાયા. રૂમનો દરવાજો ખોલી, ડાઈનીંગ રૂમમાં થઈ, રસોડામાં થઈ, સ્ટોર રૂમમાં માતાજીની છબીમાં સમાઈ ગયો. પૂજ્ય શ્રી થોડીવાર ત્યાં ઉભા રહ્યા પછી પોતાની રૂમમાં આવી સૂઈ ગયાં. "આજે પાંચમી તારીખે સવારે ૯-૫૫ વાગે મારા પલંગમાં હું બેઠો હતો ત્યારે પલંગ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને તે પ્રકાશપૂંજ મારી રૂમમાં માતાજીના ફોટા તરફ દોરવાયો અને તેમાં સમાઈ ગયો." ગુરુદેવે જણાવ્યું,

આજે બરાબર સાંજે ૭-૨૫ વાગે ગુરુદેવે માઈક હાથમાં લીધું અને બધાંના સાનંદાશ્ચર્ય વચ્ચે જણાવ્યું કે " મારા કાનમાં માતાજીનો અવાજ સંભળાયો કે, "હું ૯-૩૨ વાગે આવું છું " માતાજી કેટલાં દયાળુ છે. મેં માતાજીને વિનંતી કરી છે કે, આપ ભક્તોને અનુભવ કરાવો." કુટીરમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

બહેનજી, કુસુમબા, અ.સૌ. ભાવના તથા ઘરના અન્ય સભ્યોએ માતાજીના સ્વાગતની તૈયારી કરવા માંડી. તીખી પૂરી, બટાકાનું કોરૂં શાક, કેસર બદામનું દૂધ, મુખવાસ, ચણા, વિગેરે તૈયાર કર્યું. ગુરુદેવની રૂમમાં ટેબલ પર બે થાળી વાડકી બે ચમચી, ગ્લાસ ગોઠવ્યાં. પાસે

બેઠક માટે બાજઠ મૂક્યાં. સોફા પાસેના ટેબલ પર ટ્રેમાં શ્રીફળ, ચણા, કંકુ અને ખાલી ડીશ મૂકી, જમવાના ટેબલ પર ડબામાં તીખી પૂરી ૨૫ નંગ, સુખડી ૨૫ નંગ, બટાકાનું શાક, થર્મોસમાં, દુધ, પાણી, મુખવાસ અને એલચીનો ભૂકો, પીરસવા માટે ચમચો વિગેરે મૂક્યાં હતાં. રૂમની સજાવટ સુંદર રીતે કરવામાં આવી હતી.

પૂજ્ય ગુરુદેવ બરાબરા ૯-૨૫ વાગે તેમની રૂમમાં માતાજીના સ્વાગત માટે જવાના હતા. બધા જ ભક્તોને શાંતિ જાળવવા અને ખુલ્લી આંખ રાખી ૐ મા ૐ મંત્ર જાપના માનસિક જાપ કરવા બ્હેનજીએ જણાવ્યું હતું વળી ૧૯૯૧માં માતાજીના તેજ કીરણથી તેજન્દ્ર મળ્યો હતો તેવી જ રીતે આ વખતે સંતાન પ્રાપ્તિની ઈચ્છાવાળા દંપત્તિને આગળ બેસવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. માનુ જો કદાચ તેજકિરણ પડે અને પ્રારબ્ધ ખુલી જાય તેવાં શુભ ભાવથી કેટલાં દંપતિ આગલી હરોળમાં બેસી ગયાં હતાં. પૂ. ગુરુદેવ ૯-૨૫ વાગે માતાજીના સ્વાગત માટે તેમની રૂમમાં ગયાં. રૂમમાં માતાજીની પધરામણીની પ્રત્યક્ષ અનુભૂતિ પૂજ્ય ગુરુદેવના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

હું ૯-૨૫ વાગે મારી રૂમમાં આવીને પલંગમાં માતાજીની પ્રાગટ્યની પ્રતીક્ષા કરતો બેઠો હતો. બરાબર ૯-૩૨ વાગે પલંગ પાસે પ્રકાશનો ઝબકારો થયો ને તે પ્રકાશપૂંજમાંથી માતાજી સદેહે પ્રગટ થયાં. માતાજી પલંગમાં મારી પાસે આવીને બેસી ગયાં. હું પલંગમાંથી ઉઠીને તેમના ચરણમાં બેસી ગયો ને મસ્તક તેમના ઘૂંટણ પર ટેકવી દીધું, માતાજીએ વાંસામાં પ્રેમથી હસ્ત પસવાર્યો અને પછી મને ખભેથી ઉંચકીને પલંગમાં તેમની બાજુમાં બેસાડી દીધો.

મેં માતાજીને વિનંતી કરી કે રાત્રે ૯-૩૨ થયા છે. આપ ભોજન આરોગો, પહેલાં તો માતાજી હસ્યાં, પછી પલંગમાંથી ઊઠીને બાજઠ પર બિરાજમાન થયાં. મેં માતાજીને પૂરીઓ પીરસી માતાજી કહે

Scanned by CamScanner

'મારી ત્રણ પૂરી મૂક અને તારી પાંચ પૂરી મૂક.' હું બીજા થાળીમાં પાંચ પૂરી મૂકવા જતો હતો પરંતુ માતાજીએ તેમની જ થાળીમાં મૂકવા જમાવ્યું. પછી મે વાડકીમાં શાક પીરસ્યું, સુખડી પીરસી, પછી હું તેમની પાસે નીચે જ બેસી ગયો અને અમે એક જ થાળીમાં સાથે જમ્યાં. માતાજીએ ત્રણ પૂરી આરોગી મેં માતાજીને ફરીથી શાક પૂરસ્યું. મેં પાંચ પૂરી આરોગી. જમી રહ્યાં પછી મેં ગ્લાસમાં પાણી ભર્યું, માતાજીએ ગ્લાસ પાણી પીધું, ફરીથી ગ્લાસ ભર્યો. ફરીથી અર્ધો ગ્લાસ પાણી પીધું, વાડકીમાંથી મુખવાસ અને એલચીનો ભૂકો આરોગ્યો.

પછી માતાજી પલંગમાં આવીને બેઠાં. હું મારા જગમાંથી પાણી પીને બાજુમાં બેસી ગયો. વ્હાલપની વર્ષા કરતાં કરતાં, કાર્યયજ્ઞ વિષે વાતો કરી અને માર્ગદર્શન આપ્યું. અને હસતાં હસતાં મને કહ્યું કે 'નવરાત્રીમાં તૈયાર રહેજે. ' મેં કહ્યું, ' સૈનિકને તો આદેશની જ જરૂર છે.' પછી માતાજી પલંગમાંથી ઉઠીને ટેબલ પાસે ગયાં. તેમના હાથમાં બદામ આવી ગઈ, જે તેમણે થાળીમાં પધરાવી. ત્યાર પછી મને ઈશારાથી તેમની પાસે બોલાવ્યો અને મારા કપાળમાં કંકુનો ચાંલ્લો કર્યો અને હાસ્ય વેરતાં વેરતાં મારા ઝબ્બા પર આંગળીઓ પર કંકુ લઈને લગાવ્યું, મારા બંને ગાલ પર કંકુ લઈને લગાવ્યું, વ્હાલપ અને વાત્સલ્ય વરસાવ્યું. ફરીથી અમે પલંગમાં બેઠાં. માતાજીનો મૃદુહસ્ત મારા રોમે રોમને વાત્સલ્યથી સભર કરી રહ્યો હતો. ૨-૩ મીનીટ સુધી મમતાની મહેંકને મૂકીને પ્રકાશના એક ઝબકારા સાથે પ્રકાશપૂંજમાં જ માની દેહાકૃતિ વિલિન થઈ ગઈ, અદ્રશ્ય થઈ ગઈ.

માતાજીએ સફેદ સોનેરી પ્રીન્ટની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતીં. આછાં આભૂષણો હતાં. માથે અંબોડો હતો. માતાજીનું સ્વરૂપ ૨૫-૩૦ વર્ષની યુવતીના જેવું દિ‍ હતું.

રૂમમાં અને કુટીરના સમગ્ર વાતાવરણમાં ગુલાબની મહેંક પ્રસરી

Scanned by CamScanner

ગઈ હતી. રૂમમાં સમગ્ર વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ હતી.

કુટીરમાં શાંતિ અને આતુરતાથી બેઠેલ ભક્તગણે ૯-૩૨ વાગે માતાજીના પ્રાગટ્ય વેળાએ દિવ્ય તેજસ્વી પ્રકાશપુંજ નિહાળ્યો, અને ૧૦-૦૫ વાગે માતાજીની દેહાકૃતિ અંર્તધ્યાન થઈ ત્યારે પણ તેજપૂંજ નિહાળી રોમાંચ અનુભવ્યો હતો. માતાજીએ થાળીમાં ૬૯ બદામ પધરાવી હતી. તેનો ખણખણ અવાજ રૂમની બહાર ઉભેલા ભક્તોએ સાંભળી આનંદ અને રોમાંચની અનુભૂતિ કરી હતી. ગુરુદેવે પરિધાન કરેલ બનિયાન પર પણ કંકુના ચિન્હો, માતાજીની આંગળીઓ પરની રેખાઓ કંકુના ચાંલ્લા અને ચિન્હો પર સ્પષ્ટ વરતાતી હતી.

" ૐ મા ૐ "

દિવ્ય માર્ગદર્શન

- તા. ૨૭-૧૦-૧૯૯૬ નારોજ ડેન્ગ્યુફીવરમાંથી બચવા માટે તેમજ સારવાર માટે દિવ્યદ્રષ્ટિથી ઉપાય દર્શાવ્યો.

  (૧) તુલસીના પાનનો રસ એક ચમચી સવાર-સાંજ લેવાનો.

  (૨) કડવા લીમડાનો રસ અધો કપ સવાર-સાંજ લેવો.

- ભૂકંપ નિવારણ માટેની વિધિ સમજાવી તેમજ ભાવનગર, વડોદરા અને ભૂજ જઈ વિધિ કરવાનો આદેશ આપ્યો.

Scanned by CamScanner

માતાજી બાવીસ મીનીટ રોકાયાં

તા. ૫-૯-૨૦૦૧ બુધવારે સવારે ૯ વાગે રૂમનો દરવાજો બંધ રાખીને હું પલંગમાં મારા પૂજાકાર્યમાં વ્યસ્ત હતો. એકાએક એરકન્ડીશનની ઉપરની બારી તેની જાતે જ બંધ થઇ ગઇ, એટલે માતાજી પધારશે જ એમ વિચારી મારૂં કાર્ય આટોપી માતાજીના આગમનની રાહ જોતો હું પલંગમાં બેઠો હતો. એરકન્ડીશન એની જાતે જ ચાલુ થઇ ગયું. બરાબર ૯ ને સાત મીનીટે સોફાના એક છેડે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી પ્રત્યક્ષ પ્રગટ થયાં. હર્ષભેર દોડીને હું માતાજીના ચરણમાં ઘુંટણ પર માથું ટેકવીને જમીન પર બેસી ગયો. માતાજીએ મારો હાથ પકડીને મને સોફામાં તેમની બાજુમાં બેસાડ્યો, અને મારા વાંસા પર હાથ પસરાવી, દબાવી, વાત્સલ્યની વર્ષા કરી, મા બાળની હાસ્ય વિનોદની અભિવ્યક્તિ થઇ, માતાજીએ હળવાશથી છતાં ગંભીર રીતે સેવાયજ્ઞની કંઇ કેટલીયે વાતો કરી અને માર્ગદર્શન આપ્યું.

સોફામાં બેઠાં બેઠાં જ એક હાથ મારા વાંસા પર પસરાવતાં વ્હાલ કરતાં બીજા હાથે બાજુમાં રાખેલા ટેબલ પર બદામ પધરાવી. વાત્સલ્યની મીઠાશ માણતો હું ભાવવિભોર દશામાં આંખો બંધ રાખીને બેઠો હતો માતાજીનો હસ્ત ફરતો બંધ થઇ ગયો એટલે મારી ભાવ દશા તૂટી અને માતાજી અદ્રશ્ય થઇ ગયાં હતાં. ઘડિયાળનો કાંટો નવ અને ઓગણત્રીસ મીનીટ બતાવતો હતો. માતાજી બાવીસ મીનીટ રોકાયાં હતાં.

વાત્સલ્યની મીઠાશને માણતો અને સેવાયજ્ઞની વાતો અને માતાજીના માર્ગદર્શનને વાગોળતો ક્યાંક સુધી હું બેસી રહ્યો. પછી કળ વળતાં ઘરના સભ્યોને માતાજીના પધારવાની જાણ કરી. અને

Scanned by CamScanner

આનંદના સહભાગી બનાવ્યાં.

માતાજીએ લાલ રંગની સાદી સિલ્કની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. વાળ છુટા હતા આછા આભૂષણો પહેર્યા હતા. વય ૨૫-૩૦ વર્ષનું લાગતું હતું. રૂમનું સમગ્ર વાતાવરણ મીઠી મીઠી સુવાસથી ભર્યું ભર્યું લાગતું હતું. સોફામાં જ્યાં માતાજીએ બેઠક લીધી હતી ત્યાં આગળ મીઠી સુવાસ આવતી હતી. તકીયા પર માતાજી અઢેલીને બેઠાં હતાં તેના પર સુવાસ આવતી હતી. સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ભર્યું ભર્યું લાગતું હતું. મારી કફની પર ઘરનાં સભ્યોને મીઠી સુવાસ વરતાતી હતી.

" ૐ મા ૐ "

મા - બાળનું
દિવ્ય વાત્સલ્ય
હું અનુભવી રહ્યો

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

નવ સિધ્ધાંત

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિઃસહાયને સહાય કરવી.
૩. દુઃખીઓના દિલનાં આંસુડાં લુછવાં.
૪. કોઈની ઈર્ષા કરવી નહિં.
૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
૬. પરનિંદાથી દુર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિસ્વાર્થ સેવા કરવી.
૯. અહમ્‌નો ત્યાગ કરવો.

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સંપ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ :

'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ

પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી. શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી ૧૦૦ ગ્રામ મેથી અને રાઈ અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે.

Scanned by CamScanner

Scanned by CamScanner